(૧૪) અદેય.



# ચોધરીઓ અને ચોધરી શબ્દાવલિ

ડૉ. શાન્તિભાઈ આચાર્ય

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર પ્રકાશનમાળા પુ૦ ૭

# ચોધરીઓ અને ચોધરી શબ્દાવલિ

શાન્તિભાઈ આચાર્ય
ઉપનિયામક, આદિવાસી સંશોધન તાલીમ કેન્દ્ર

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૧૪

પ્રકાશક :
રામલાલ ડાહ્યાભાઈ પરીખ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૧૪

મુદ્રક :
શાંતિભાઈ હરજીવન શાહ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

© ગૂજરાત વિદ્યાપીઠ, ૧૯૬૯

પ્રથમ આવૃત્તિ, ૧૯૬૯, પ્રત ૧૦૦૦

કિંમત આઠ રૂપિયા          સપ્ટેંબર, ૧૯૬૯

# પ્રકાશકનું નિવેદન

ગુજરાતમાં આદિવાસી વસ્તી ઘણા મોટા પ્રમાણમાં છે; છતાં તેમનો પરિચય કરાવે એવું પણ સાહિત્ય આજ સુધી પ્રસિદ્ધ થતું નહોતું. ગૂજરાત વિદ્યાપીઠે ઑક્ટોબર ૧૯૫૫માં 'પંચમહાલના આદિવાસીઓ' એ પુસ્તક પ્રસિદ્ધ કર્યું હતું. ૧૯૬૨માં આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રની અહીં સ્થાપના થઈ તે પછી આવું સાહિત્ય અહીં ક્રમે ક્રમે પ્રસિદ્ધ થતું રહ્યું છે. તેમાંય આદિવાસીઓની બોલી વિશે તો આપણે ત્યાં કશું જ સાહિત્ય હતું નહિ. આ વિષય મહત્ત્વનો છે. પરંતુ તે માટે તજ્જ્ઞતા જરૂરી છે. ભાઈ શાંતિભાઈ આચાર્ય ભાષાવિજ્ઞાનના સારા અભ્યાસી છે, અને ગુજરાતની બોલીઓ વિશે એમને ખાસ રસ છે. 'ભીલી-ગુજરાતી શબ્દાવલિ,' અને 'ગુજરાતી-ભીલી વાતચીત' એ બે પુસ્તકો પ્રસિદ્ધ કરીને એમણે એ વિષયમાં પ્રવેશ કરાવ્યો છે. 'કચ્છી શબ્દાવલિ' એ પણ એમના એ વિષય વિશેની સૂઝ પ્રગટ કરે છે.

આ પુસ્તકના પ્રકાશનથી દક્ષિણ ગુજરાતની એક મહત્ત્વની આદિવાસી જાતિ – ચોધરી – ની બોલી અને તે દ્વારા થતો એમના સમાજનો તેમ જ સંસ્કારિતાનો પરિચય આપણે માટે મહત્ત્વનો છે. આ વિષયમાં રસ ધરાવનાર અભ્યાસીઓને આ પુસ્તક ઉપયોગી થશે એવી અમને શ્રદ્ધા છે.

ભારત સરકારના શિક્ષણસલાહકાર શ્રી જે. પી. નાયક આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રની મુલાકાતે આવ્યા ત્યારે બોલીઓ અંગે અહીં થતાં સંશોધનકાર્યનો તેમને પરિચય આપ્યો હતો. તે જોઈને આ કામને પ્રોત્સાહન મળે અને સુવિધા થાય એ હેતુથી તેમણે આર્થિક સહાય મેળવી આપવાની તત્પરતા બતાવી હતી. તેમની ભલામણથી એન. સી. ઈ. આર. ટી.ના ડિપાર્ટમેન્ટ ઑફ એડલ્ટ ઍજ્યુકેશનના ટ્રાઈબલ એજ્યુકેશન યુનિટે અમારા કેન્દ્રને આદિવાસી બોલીઓના સંશોધન-અભ્યાસ માટે તથા પ્રકાશન માટે જરૂરી ગ્રાન્ટ આપી હતી. આ બોલીના સંશોધન તથા પ્રકાશન અંગેનું ખર્ચ આ ગ્રાન્ટમાંથી મળ્યું છે, તેની અત્રે સાભાર નોંધ લઈએ છીએ.

આદિવાસી પ્રજાની નજીક જવામાં ગુજરાતની પ્રજાને આ પુસ્તક ઉપયોગી થશે એવી આશા છે.

૨–૭–'૬૯                                        રામલાલ પરીખ

# આ ભા ર

મારી અન્ય પુસ્તિકાઓની જેમ આ પુસ્તિકા પણ અનેક મિત્રોના સહકારનું ફળ ગણાવી શકાય. ચોધરીભાષાના ભાષક-વિશેષ (informant) તરીકે આમાં શ્રી માનસિંહ ચોધરીએ સેવાઓ આપી છે. સામગ્રીની ચકાસણી અને ફેર-ચકાસણીમાં વાલોડ-વેડછી વિસ્તારમાંથી વનસ્થલી સંસ્થાના કાર્યકરો અને વિદ્યાર્થીઓનો સહકાર મળ્યો છે, અને માંડવી વિસ્તારમાંથી 'બાપુ આશ્રમ, ધંટોલી'-ના કાર્યકરો-વિદ્યાર્થીઓનો. આ ઉપરાંત વિદ્યાપીઠનાં ચોધરી વિદ્યાર્થી ભાઈ-બહેનો પણ જરૂર પડયે ઉપયોગી થયાં છે. વ્યક્તિગત રીતે વેડછીના શ્રી કાનજીભાઈ તથા દિનેશ ચોધરી અને નળધરાના શ્રી અમરસીભાઈ ચોધરી પણ આ કામમાં ખૂબ ઉપયોગી થયા છે.

શબ્દાવલિમાં આપેલા અંગ્રેજી શબ્દોની ચકાસણી અર્થે શ્રી મોહનભાઈ પટેલ તથા શ્રી વિમલભાઈ શાહે દિવસો સુધી આ અંગેની બેઠકોમાં સાથે બેસીને મને સહાય કરી છે. ભાઈશ્રી શેખ એમ. કમરે શબ્દાવલિમાં ચિત્રો દોરીને તથા શ્રી હકુ શાહે મુખપૃષ્ઠની સજાવટ વડે કૃતિને શોભાવી છે. આમ આ પુસ્તિકા અનેક વડીલો, મિત્રો, શુભેચ્છકોના સહકારના પરિણામ જેવી છે. આ સહુ તરફ આ સ્થળે હું આભારની લાગણી વ્યક્ત કરું છું.

—શાન્તિભાઈ આચાર્ય

## ઉપયોગમાં લીધેલા કોશોની સૂચિ

1. Nepali Dictionary
   Com. by Sir Ralph Lilley Turner, London (1931)
2. Shorter Oxford English Dictionary—Revised and edited by C. T. Onions, Vol. 1 and 11 (third edition) London (1959)
3. An Etymological Gujarati—English Dictionary by Balsare Malhar Bhikhaji, Ahmedabad (1927)
4. The Modern Gujarati—English Dictionary (in two volumes) by Mehta B. N. and Mehta B. B., Baroda (1925)
5. સાર્થ ગૂજરાતી જોડણી કોશ (પાંચમી આવૃત્તિ)
   ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ (૧૯૬૭)
6. गूजराती–हिन्दी कोश
   गूजरात विद्यापीठ, अमदावाद (१९६१)

## સંકેત સંદર્ભ

રોમન વર્ણોની નીચે મૂકેલું ટપકું તે તે વર્ણના મૂર્ધન્ય ઉચ્ચારણને સૂચવે છે. ઉ. ત. ṭ = ટ, ḍ = ડ વગેરે.

| | | | |
|---|---|---|---|
| પુ. | પુલ્લિંગ | તુચ્છ. | તુચ્છકારવાચક |
| સ્ત્રી. | સ્ત્રીલિંગ | ā | આ |
| ન. | નપુંસકલિંગ | ṅ | ઙ |
| ક્રિ. | ક્રિયાપદ | n̄ | ઞ |
| વિ. | વિશેષણ | ṇ | ણ |
| અ. | અવ્યય | N | . અનુસ્વાર |
| સર્વ. | સર્વનામ | x | સ઼ |
| (બ. વ.) | બહુવચન | contem. | contemptuous |
| ॡ | dark l | | |

# ચોધરીઓ અને ચોધરી બોલી

## ૧. ચોધરી આદિવાસીઓ :

ભારતમાં ચોધરી આદિવાસીઓની વસતિ માત્ર ગુજરાત રાજ્યમાં જ છે. ગુજરાત રાજ્યના સુરત જિલ્લાના મુખ્યત્વે જંગલવિસ્તારો અને ઉજ-ળિયાત વસતિથી દૂર છે તેવા વિસ્તારોમાં આ પ્રજા આજે વસેલી છે. ૧૯૬૧ ની વસતિગણતરી પ્રમાણે ગુજરાત રાજ્યની ચોધરીઓની કુલ વસતિ ૧,૪૩,૫૭૬ની છે. આમાંથી ૧,૪૧,૫૦૭ની સંખ્યા[૧] તો એકલા સુરત જિલ્લાની થાય છે. આ જાતિની વસતિની સંખ્યામાં બીજે નંબર આવે છે ભરૂચ જિલ્લો. ભરૂચમાં કુલ ૧૮૬૫ ચોધરી આદિવાસી માણસોની વસતિ છે. આ બન્ને જિલ્લા સિવાય ગુજરાતના બાકીના જિલ્લાઓમાં આ જાતિની વસતિ નગણ્ય છે. આમ હોવાથી મુખ્યત્વે તો સુરત જિલ્લામાં જ આ પ્રજાનો વસવાટ છે એમ કહી શકાય.

## ચોધરા – ચૌધરી – ચોધરી :

ગુજરાતની આ આદિવાસી પ્રજાના ઉલ્લેખો ઘણાં ખરાં ઉપલબ્ધ લખા-ણોમાં "ચોધરા"[૨] તરીકેના મળે છે. ૧૯૬૬માં બહાર પડેલું "ગુજરાતના આદિવાસીઓ"[૩] પુસ્તક આ પ્રજા માટે "ચૌધરી" શબ્દપ્રયોગ કરે છે. અમે આ પ્રજા માટે આ બન્ને ને બદલે "ચોધરી" શબ્દ પ્રયોજવાનું યોગ્ય માન્યું છે. આ માટેનાં કેટલાંક કારણો આ પ્રમાણે છે.

---

૧. "ગુજરાતના આદિવાસીઓ" વિમલ શાહ (૧૯૬૬) માં જુઓ જિલ્લાવાર ચોધરીની વસતિ દર્શાવતો નકશો.

૨. જુઓ અ. Gazetteer of India, Gujarat State, Surat District (Revised) second edition (1962) P. 278.

બ. Religious Thought and Worship among the Chodhras of Gujarat by B. H. Mehta (1934).

ક. Tribes and Castes of Bombay (1920) by R. E. Enthoven, Vol. I, P. 289.

૩. એજન પૃ. ૨૯.

૧. આજે પોતાની જાતિ માટે “ચોધરા” શબ્દનો વાપર ભણેલા નથી તેવાં લોકોમાં જ મર્યાદિત થતો જતો હોય તેવું સામાન્ય વલણ જણાય છે.

૨. ભણેલો વર્ગ પોતાની જાતિને “ચોધરા” કહેવામાં આવે ત્યારે આથી કંઈક હિણપતભર્યું લાગતું હોય તેવું અનુભવતો હોવાનું, ક્ષેત્ર પરની આવા વર્ગ સાથેની વાતચીતમાં, જણાયું છે.

૩. વેડછીના રહીશ અને ચોધરીઓના તે વિસ્તારના આગેવાન શ્રી કાનજીભાઈ ચોધરી જણાવે છે કે “ચોધરા” માંથી “ચોધરી” શબ્દ તેમણે પોતે અને અન્ય આગેવાનોએ પ્રચલિત કર્યો છે.[૪] “ચોધરા” શબ્દ ન વાપરવાનો ભાષણો દ્વારા આદેશ પણ આપવામાં આવ્યો છે. આથી ધીમે ધીમે “ચોધરી” શબ્દ બધે જ વપરાવો શરૂ થઈ ગયો છે.

૪. “ચૌધરી” તરીકે આ શબ્દ ચોધરીઓમાં ઉચ્ચારાતો નથી. ચોધરી ભાષકોમાં “ચોધરી” અને “ચૌધરી” એવાં ઉચ્ચારણો આ શબ્દ માટે પ્રચલિત છે. આમ હોઈ, લેખનની સુવિધા માટે, અહીં બન્નેમાંથી “ચોધરી” શબ્દ લખવાનું યોગ્ય ગણ્યું છે.

આમ, પૂર્વનાં લખાણોમાંથી મળતા “ચોધરા” શબ્દ અને “ચૌધરી” શબ્દ એ બન્નેને બદલે ઉપરનાં કારણોસર અહીં “ચોધરી” શબ્દ સ્વીકારીને આ લખાણમાં તે જ શબ્દ પ્રયોજવામાં આવ્યો છે.

## ચોધરીઓનું વતન ?

આ પ્રજા ગુજરાતની જ વતની છે કે કોઈ બીજા પ્રદેશમાંથી સ્થળાંતર કરીને અહીં વસી છે તે જાણવા માટે આપણી પાસે કોઈ માહિતી ઉપલબ્ધ નથી. આ પ્રજાના સુરત જિલ્લામાંના સ્થળાંતર વિષે જે કિંવદંતી ચાલે છે તે નીચે પ્રમાણે છે.

ઈ. સ. ૧૪૮૪ માં[૫] મહમ્મુદ બેગડાએ જ્યારે પાવાગઢ જીતી લીધું ત્યારે ત્યાંના રજપૂતોએ ટોળીઓમાં વહેંચાઈ જઈને ત્યાંથી સ્થળાંતર કર્યું. આવી એકાદ ટોળીના કેટલાક રજપૂતો નર્મદા નદી ઓળંગીને આવેલા. આવા રજપૂતોમાંથી એક ગોકુળ નામનો રજપૂત સુરત જિલ્લાના મહુવા

૪. તા. ૨૮-૮-૬૭ ના રોજ વેડછી મુકામે લીધેલી મુલાકાત વખતની વાતચીત પરથી.

૫. A History of Gujarat by M. S. Commissariat Vol. I, (1938) P. 187.



તાલુકાના “નલધરા” નામના ગામે પહોંચી, ત્યાં સ્થિર થયો. આ રજપૂત અહીં ઘોડાપર આવેલો. પોતાના આ ઘોડાને સાચવવા તેણે ચોધરી સ્ત્રીને કામે રાખી. વખત જતાં તેની સાથે લગ્ન કર્યું અને તેમાંથી ચોધરીઓનો ફેલાવો થયો.[૬]

આ કિંવદંતીને ધ્યાનમાં લઈએ તો પણ આ પ્રજાના મૂળ સ્થાન વિષે કંઈ આગાહી કરી શકાતી નથી. અહીં તો રજપૂતે ચોધરણ સાથે લગ્ન કર્યું તેમ કથા છે. એ તો સ્પષ્ટ જ છે કે જેમની સાથે લગ્ન કર્યું તે ચોધરણ (એટલે ચોધરીઓની વસતિ પણ ખરી ને?) તો અહીંની હતી. આમ આ કિંવદંતી તો આ પ્રજાને મૂળ અહીંની રહેવાસી ઠરાવે છે.

બીજી તરફ તટસ્થ નિરીક્ષકને આ પ્રજાનો ગુજરાતની બિન આદિવાસી પ્રજા સાથેનો સાંસ્કૃતિક પાસાંઓમાં વરતાતો ભેદ ઊડીને આંખે વળગે તેવો લાગશે. ખાસ કરીને તેમની બોલી અને રીતરિવાજો આ વાતની પ્રતીતિ કરાવશે. આ પ્રકારના ભેદને માત્ર “એ પ્રજાઓ વચ્ચેના સંપર્કના અભાવ” તરીકે જ ઘટાવી શકાશે? અન્ય કશાં જ કારણો નહીં હોય?

આમ આ પ્રજાના વતન વિષે આપણે ચોક્કસપણે કંઈ પણ કહી શકીએ તેવી સ્થિતિમાં નથી.

આ પ્રજાની સંસ્કૃતિને લગતાં (ભાષાકીય સમેત) પાસાંઓના વિવિધ તટસ્થ અભ્યાસલેખો પ્રાપ્ત થાય ત્યારે જ આ અંગે પ્રકાશ પડી શકે.

આ પ્રકારના તૈયાર થયેલા અભ્યાસલેખોની, બિનઆદિવાસી પરંતુ ચોધરી કે ચૌધરી અટકધારી જાતિઓનાં તેવાં જ સાંસ્કૃતિક પાસાંઓ સાથેની સરખામણી પણ સંભવતઃ આના ઉકેલમાં કોઈક વાર સહાયભૂત થઈ શકે ખરી.

## ચોધરીમાં સામાજિક વર્તુળો :

આ જાતિમાં નીચેના કેટલાક વિભાગો સામાન્ય રીતે જોવા મળે છે.

| | |
|---|---|
| ૧. નાના ચોધરી | ૩. વલવાઈ કે વલાવડા |
| ૨. મોટા ચોધરી | ૪. ઓંડા |

આમાંથી છેલ્લા એટલે કે ઓંડાની વસતિ વિશેષે કરીને માંડવી તાલુકામાં હોવાનું જણાયું છે. આ સિવાયના પણ ભરુટિયા, ટાકરિયા અને કહબીડિયા જેવા ભેદો હોવાનું જાણવા મળે છે. જો કે આ ત્રણેના વસવાટ

૬. અમરસીભાઈ ચોધરી (નલધરા) સાથેની તા. ૨૫-૮-૬૭ના રોજ થયેલી વાતચીત પરથી.

વિસ્તારો અંગે અમે હજી ભાળ મેળવી નથી. બાકીના પ્રથમ ત્રણે વિભાગના ચોધરીઓની વસતી મોટા ભાગે સાર્વત્રિક છે. ચોધરીઓમાં આવાં વર્તુળો કેમ પડ્યાં તેની કેટલીક લોકોક્તિઓ પ્રચલિત હોવાનું જણાયું છે. નાના ચોધરી અને મોટા ચોધરીના ભેદ કેમ થયા તે અંગેની નીચેની લોકોક્તિ પ્રજામાં સાર્વત્રિક પ્રચલિત હોવાનું આ પ્રજાના વસવાટવાળા વિભિન્ન વિસ્તારોના ક્ષેત્રકાર્ય દરમ્યાન જાણી શકાયું છે.

શરૂઆતમાં ચોધરીઓમાં કોઈ ભેદો ન હતા. આ વખતે એક ગામમાં બે ભાઈઓ સાથે રહેતા હતા. એક દિવસ તેઓના ઘરમાં પાડો મરી ગયો. બન્ને ભાઈઓ પાડાના મડદાને, નિકાલ માટે યોગ્ય સ્થળે લઈ ગયા. નિકાલ કર્યા બાદ ઘેર પાછા આવીને બન્નેમાં જે નાનો હતો તેણે સ્નાન કર્યું, જ્યારે મોટાએ માત્ર પાણીની છાંટ લઈ લીધી. આથી આ બન્ને ભાઈઓમાં ભેદ પડ્યા. જેણે સ્નાન કર્યું તે "ચોખો" કહેવાયો અને માત્ર છાંટ લીધી તે "સાંટાલો" (ગુજરાતી "છ" નું ઉચ્ચારણ ચોધરીમાં "સ" થતું હોય છે.) કહેવાયો. આ બન્નેની પ્રજા તે અનુક્રમે ચોખા ચોધરી અને સાંટાલા ચોધરી કહેવાઈ. અર્થાત્ ચોખા ચોધરી તે નાના ચોધરી અને સાંટાલા તે મોટા ચોધરી એમ આમાંથી ફલિત થાય.

આંતરિક ભેદોને સમજાવવા માટે પ્રજાએ આવા ટુચકાઓ વહેતા રાખ્યા હોય છે. પ્રત્યેક ભેદ માટે આ પ્રકારની સમજૂતી પ્રચલિત હોવાનો સંભવ છે. આવા ટુચકાઓમાં ઐતિહાસિક તથ્ય હોય કે ન હોય પરંતુ તેમાંથી કોઈક વાર તેવાં તથ્યો તરફ જવાની પગદંડી મળી જતી હોય છે. આ પ્રકારની સામગ્રી આ પ્રજા પાસે વેરવિખેર પડી છે.

### સાંસ્કૃતિક ભેદ :

સાંસ્કૃતિક ભિન્ન વારસાવાળી બે પ્રજાઓ જ્યારે એકમેકના સંસર્ગમાં આવે છે ત્યારે બન્નેના શુભાશયો હોવા છતાં માત્ર પેલો સંસ્કારવારસો એકમેકને સમજવામાં ઘણી વાર અવરોધક બળ બની રહેતો હોય છે. આ નિવારવામાં પ્રજાઓનાં સાંસ્કૃતિક પાસાંઓના તટસ્થ અહેવાલો ઉપયોગી થતા હોય છે. આવા અહેવાલોથી આ પ્રકારની ભિન્ન વારસાવાળી પ્રજાઓને એકમેકને સમજવામાં સરળતા થાય છે. જીવનનાં અનેકવિધ પાસાંઓના વિભિન્ન અભ્યાસ પરથી એક સમગ્ર ચિત્ર ઊભું કરી શકાય છે. ચોધરી પ્રજા વિષે પણ આ રીતે જુદા જુદા અભ્યાસ લેખો થશે ત્યારે એ પ્રજાને સમજવામાં સરળતા થશે. "આ પ્રજા તો જંગલી છે."



"ચોધરીઓ તો દારૂ પીને નાચ્યા કરતા હોય છે, તેમના જીવનમાં બીજું શું બળ્યું છે?" "એ લોકો તો મરઘાં-બતકાં વધેરે, ભગત-ભૂવા કરે, ડાકણો કાઢે, આમ માત્ર વહેમથી ભરેલી પ્રજા છે." "એમનામાં તો ગમે તે છોકરા-છોકરી ગમે તેવો વહેવાર રાખી શકે, એને વળી પરણવાનું શું?" "એનાં ગીતો? જંગલી ભાષામાં ગીતો કેવાં હોય?" "એમનું વાજિંત્ર તે ડોબરું, એ તો ફોડી નાંખવું જોઈએ ફોડી. એ તો નરી ભ્રષ્ટતા ફેલાવે છે." આ અને આવાં બીજાં અનેક વિધાનો આ પ્રજાથી અપરિચિત છે તેવા લોકો પાસેથી જ સાંભળવા મળે છે તેવું નથી. આ પ્રજામાં વર્ષો સુધી કાર્ય કરનારાઓ પાસેથી અને ખુદ સુધારકવૃત્તિ ધરાવતા આદિવાસીઓ પાસેથી પણ આ પ્રકારનાં વિધાનો સાંભળવા મળતાં હોય છે. આમાં આશ્ચર્ય નથી. પોતાનો સંસ્કારવારસો તે ઉત્તમ, અન્યનું આ પ્રકારનું જે કંઈ છે તે તો પ્રસ્તુત માપદંડના આધારે જ "સારું-નરસું" ઠરતું હોય છે. અને આમ હોવાથી કેટલીક વાર આ પ્રજાની હિતચિંતા હૈયે વસેલી હોવા છતાં ધાર્યાં પરિણામો કરતાં ઊલટું બનતું હોવાથી સન્નિષ્ઠ કાર્યકરોમાં પણ એક પ્રકારની ખિન્નતા પેદા થયેલી જોવા મળતી હોય છે. સંભવ છે કે પ્રજાના જીવનના અભ્યાસ અહેવાલો નજર સામે હોય તો "સ્વ" ના માર્ગ ઉપરાંત "પર" નો પણ આ દિશામાં માર્ગ હોઈ શકે તેની શાખ મળી રહે. આટલી શાખ મળે તો ક્યારેક તે તરફ જવાની વૃત્તિ થવી પણ અસંભવિત નથી. અને આમ થાય તો ઉપર જોયાં તેવાં વિધાનોમાંની નફરત અને કુતૂહલ જેવા ભાવોમાંથી નીકળીને પ્રજાનું જીવન અને તેનો સંસ્કારવારસો જોવા તરફ આંખ કેળવાય ખરી.

## ૨. શબ્દાવલિમાં ચોધરી જીવન :

અહીં આપેલી "ચોધરી શબ્દાવલિ"માંથી આ પ્રજાની ભાષાના શબ્દો જાણવા ઉપરાંત આ શબ્દો પોતે જ પ્રજાને કેવી આપણી સામે મૂકી આપે છે તે જોવું રસપ્રદ થશે. સંભવ છે કે આ રીતે ઊઠતું આ પ્રજાનું ચિત્ર તેમને સમજવામાં મદદરૂપ થઈ પડે. તેમની આખી ભાષાની તપાસમાંથી જ્યારે આવું ચિત્ર ઊભું કરી શકાય ત્યારે એ વિશેષ સ્પષ્ટપણે તરી આવે. અહીં તો માત્ર શબ્દભંડોળમાંથી કેટલાક પ્રશ્નો પેદા થાય છે તે વડે જ ચિત્ર દોર્યું છે. સ્વાભાવિક રીતે જ તેમાં પીંછીનો કસબ વિશેષ છે, રંગ અને રેખાઓ એ બન્નેના કરતાં. આ આદિવાસી પ્રજા કુદરતને ખોળે જીવે છે. તેની ચોમેર જંગલ પથરાયેલું છે. આમ હોવાથી સ્વાભાવિક રીતે જ

જંગલ તેમના જીવનમાં તાણુવાણુ જેવું વણાયેલું છે. તેમની આ સૃષ્ટિમાં વૃક્ષો, વેલીઓ, વનરાઈઓ, પર્વતો, કંદરાઓ, ઝરણાંઓ, પશુઓ, પક્ષીઓ, ઈત્યાદિ વીંટળાયેલાં હોઈ, બિનઆદિવાસી પ્રજાના રોજિંદા જીવન કરતાં તેમનું જીવન જુદું પડી જતું જણાતું હોય છે. સમગ્ર પ્રજાના જીવનમાં જંગલનો જે વ્યાપ છે તે વાતને આ શબ્દાવલિ છતી કરે છે.

કોઈપણ પ્રજાની પહેલી જરૂરિયાત તે ખોરાક. જેમની પાસે જમીન છે તેણે ખેતી કરીને પેટિયું પૂરું કરી લેવાનું તો આ પ્રજા માટે પણ ખરું જ છે. પરંતુ ભૂમિહીન અને ભૂમિવાળા એ બન્નેના નભાવમાં વનરાજીનો ફાળો છે. તેમના ખોરાકમાં કેટલી બધી ભાજી છે! ચોધરીનો કોઈ વાડો "ખાટોભાજ્યૉ" વગરનો તો હોય જ કેમ? આ પ્રિય ભાજી એ તો મહેનત લઈને ઉછેરેલી. પરંતુ તે સિવાય વનરાજીમાંથી મેળવેલી ભાજીની વિવિધતા પણ વિપુલ છે. આ પ્રકારની વનરાજી ખાવાના ઉપયોગમાં લઈ શકાય, ફૂલોનાં શાક બનાવી શકાય, એ બધી બીનાને બિન આદિવાસી પ્રજા બહુધા આશ્ચર્યના ભાવે નિહાળે છે. આ પ્રજાની કેટલીક ભાજી આ રહી.

આમ્નાણ્યું ભાજ્યૉ.

આમલીનાં ફૂલ અને કૂંપળોની બનાવેલી ભાજી.

કટીનાણ્યું ભાજ્યૉ.

કટોલાનાં પાનની બનાવેલી ભાજી.

કવ્લાણ્યું ભાજ્યૉ.

કોળાના વેલાના કુમળા ભાગમાંથી બનાવેલી ભાજી.

ખાટો ઘોલ.

લૂણીની ભાજી.

ખાટો ભાજ્યૉ.

ચોધરીઓની અત્યંત પ્રિય તે "ખાટી ભાજી."

ચૂચણ્યું ભાજ્યૉ.

ચૂચણ્યો નામની વનરાજીની ભાજી.

ટૅરાણ્યું ભાજ્યૉ.

ટેરાનાં પાનની ભાજી.

દેવસીરાણ્યું ભાજ્યૉ.

આ નામના છોડની ભાજી.

લૅંબડાણ્યું ભાજ્યૉ.

આ નામના વેલાની ભાજી.



વસાનાણ્યું ભાજ્યૉ.

વસંતવેલની ભાજી.

સૂરૂવારાણ્યું ભાજ્યૉ.

આ વેલાનાં પાનની ભાજી

સેહગલાણ્યું ભાજ્યૉ.

આ વૃક્ષનાં પાનની ભાજી.

વળી "ગાગદો" અને "માણ્સૅકટૉ" આ બન્ને વૃક્ષનાં ફૂલ પણ રાંધીને ખવાય છે.

આ સિવાયની તો કંઈ કેટલીયે વનરાજીની ભાજી અને કેટલાંયે ફૂલોનાં શાક આ પ્રજાના ખોરાકમાં વણાયેલાં છે.

આ ઉપરાંત જંગલનાં અનેક પશુપક્ષીઓ અને નદી–કોતરડાંઓનાં માછલાં–કરચલાંઓ પણ આ પ્રજાની ખાદ્ય સામગ્રી જ છે, તે વાત પણ, આ શબ્દસૃષ્ટિ દ્વારા જાણવા મળે છે. આમ ન હોય તો "ડોસીણ્યો" નામનું પક્ષી મારવાનું તીર, "ટાણ્યૉ" નામે પક્ષીઓ પકડવાનું સાધન, "મૂસૉ" નામનાં માછલીઓ પકડવાનાં જુદાં જુદાં કદ–માપનાં પીંજરાંઓ અને આના જેવા બીજા ઘણા શબ્દો આખા સમાજમાં સાર્વત્રિક પ્રચલિત શાને હોય?

ખાનપાન ઉપરાંત આ પ્રજાનાં અન્ય – આર્થિક, ધાર્મિક અને સાંસ્કૃતિક,– પાસાંઓમાં પણ આ સૃષ્ટિ કેવી સજીવ છે! પોતાના સામાન્ય વપરાશની અને ઘણીખરી ખેતી અંગેની નાની મોટી ચીજવસ્તુઓ પણ આ પ્રજા પોતાની આજુબાજુના જંગલની પેદાશમાંથી સરજી લે છે.

એની, ગોળામાંથી પાણી લેવાની "ડોવ્ડી" કે "ડોવ્ડૉ" એ સીધું ડોવડાના વેલાનું ફળ જ. આ ફળ સુકાય ત્યારે તેમાં આગળ પાછળ કાણું પાડીને તેણે પોતાની જરૂરિયાત અર્થે તેનો મજાનો ઉપયોગ કરી લીધો છે. આવાં જ છે તેનાં "ચાલ્લા–ચાલ્લી" (નાના મોટા ચાળણાઓ). નરી વાંસની બનાવટ. "ધડગડૉ" ને એક આવું જ બીજું રાચ ગણાવી શકાય. વરસાદ વખતે આ પ્રજા આનો ઉપયોગ વરસાદથી બચવામાં કરે છે.

કોઈ કોઈ વિસ્તારમાં તો ગાડાંની ધરી અને પૈડાંને અટકાવી રાખતો ખીલો એ બન્ને પણ લાકડાનાં જ. તાડના કે તેવા બીજા કોઈ વૃક્ષના વિશાળ થડને કોરીને મૂકી દીધું એટલે થઈ ગયો "કોચટો". આ જ તે તેમનાં ઢોર માટેનો હવાડો.

આ નાની સરખી શબ્દાવલિમાં ય કેટલાં બધાં ઝાડપાન છે! સવા-સોની સંખ્યા તો સહેજે હશે. આર્થિક જીવન ઉપરાંત પ્રજા જીવનનાં

અન્ય પાસાંઓ પણ આથી અલિપ્ત તો શાનાં રહે? અનેક મૂળિયાંઓ, પાંદડાંઓ, ફૂલો, ફળો, ઇત્યાદિનો ઓસડિયાંઓ તરીકેનો ઉપયોગ પણ જરૂર પ્રચલિત હોવો જ જોઈએ. આ શબ્દાવલિમાંના "કાચરો", "ભૂવરૅ કૉવલે", "જાડગકઊલ", "તુવારવેનો", "ભાજૂડો", ઇત્યાદિ શબ્દો આ વાતની પ્રતીતિ કરાવે છે.

આ ઉપરાંત આ પ્રજાના સામાજિક રીતરિવાજોમાં પણ વનરાજી વણાયેલી છે. પરણ અને મરણ જેવા બધા જ પ્રસંગોએ એક યા બીજા પ્રકારે કોઈ ને કોઈ વનરાજીનું મહત્ત્વ સ્વીકૃત હોવાનું જાણવા મળે છે.[૭] આનાં કેટલાંક ઉદાહરણો નીચે મુજબ છે.

**લગ્ન :**

૧. લગ્નના માંડવાની થાંભલીઓ કાકડાના ઝાડની હોય તો સારું. જો બધી જ થાંભલીઓ આ ઝાડની શક્ય ન હોય તો છેવટે એક મુહૂર્તની થાંભલી તો કાકડાની જ હોવી જોઈએ.
૨. માંડવા ઉપર જામણ અથવા જાંબુડાના ઝાડની ડાળીઓ નાંખવી જોઈએ.
૩. રાંડેલી સ્ત્રી જ્યારે ફરી પરણીને સાસરે સિધાવે ત્યારે કોડિયાંની હાર આકડાને ચડાવવી જોઈએ.
૪. અને છાંડેલી જો ફરી પરણીને સાસરે જાય તો કોડિયાંની એક હાર ઓરડીએ બાંધવી પડે છે.

**મૃત્યુ :**

૧. નનામી ડાંગરનાં મૂળિયાંમાંથી બાંધવામાં આવે છે.
૨. મડદાને ખાખરાનું દાતણ કરાવવામાં આવે છે.
૩. દહાડાના દિવસે મડદું બાળ્યું હોય ત્યાં, ક્રિયામાં, કાકડાની અને સાગની એ એ મળીને ચાર થાંભલીઓ રોપે છે.

આમ આ પ્રકારના સામાજિક રિવાજોમાં અમુક પ્રસંગે અમુક જ એમ નિયત વનરાજીનું મહત્ત્વ જણાય છે.

આ ઉપરાંત અમુક વૃક્ષોની ઉપર કે નીચે અમુક દેવ કે ભૂતનો વાસ કલ્પેલો હોય છે.

---

૭. શ્રી. નગીનભાઈ ચોધરી (કણઝોડ) તથા શ્રી રામસિંહભાઈ ચોધરી, (મોરીઠા : માંડવી તાલુકો) સાથેની તા. ૧૮-૮-૬૭ના રોજની વાતચીત પરથી.



**અલંકાર :**

રીતરિવાજો ઉપરાંત અલંકારોમાં પણ આની અસર જોવા મળે છે ખરી. ઘાસમાંથી બનાવેલી "ગળઠી" એ સુવર્ણની કંઠી જેવી જ બારીક ગૂંથેલી હોય છે. હોળી પર બહાર નીકળી પડતા ઘેરૈયા "ગોટી" નાં ફૂલોને કાનમાં ખોસીને ખેલતા-કૂદતા જતા હોય છે.

આમ આ પ્રજાના આખા જીવનમાંથી જંગલ ડોકાયા કરે છે. અહીં તો શબ્દોને આધારે જ એક ઝાંખી કરાઈ છે. તેમ છતાં આટલી નાની શબ્દ-સામગ્રી પરથી આ પ્રજા અને જંગલની એકરૂપતાનો ખ્યાલ તો જરૂર ઊભો થાય છે.

**સામાજિક ભેદ :**

આવો જ બીજો મુદ્દો, આદિવાસી પ્રજાની બિનઆદિવાસીઓ સાથેની સામાજિક ભિન્નતા છે, તેને સમજવા અંગેનો છે. અહીં, શબ્દાવલિમાંથી નીચેના કેટલાક શબ્દો વડે આ વાત સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે.

**૧. અરવાણ ૨. એસ઼ેનારી ૩. બોકૉ કાડવૉ ૪. ડગ્બીરો**

**અરવાણ :**

આનો ગુજરાતીમાં અર્થ "કન્યા સાસરે જાય ત્યારે તેની સાથે જતી સખી." એમ કર્યો છે. પરણીને કન્યા જ્યારે સાસરે જાય છે ત્યારે તેની સાથે તેની નજીકની કે દૂરની સગી હોય તેવી કુંવારી છોકરી પણ કન્યાની સંગાથે આવે. કન્યાપક્ષનાં માણસો કન્યાને પાછી તેડવા આવે ત્યારે આ બન્નેને તેઓ પાછી તેડી જતાં હોય છે. અને કોઈ વાર તો આ "અરવાણ" કન્યાના સાસરાના ગામમાં જ પોતાનું પણ આટલા દિવસમાં ગોઠવી પાડતી હોય છે.

**એસ઼ેનારી :**

"લગ્ન કર્યા વિના માનેલા પતિના ઘરમાં આવી જતી સ્ત્રી" એમ આ શબ્દને સમજાવ્યો છે. આનો સમાનાર્થી શબ્દ ગુજરાતીમાં હોવાની મારી જાણ નથી. આ સ્ત્રીને, આપણે, ઉજળિયાતોમાં પ્રેમલગ્નથી આવેલી સ્ત્રીની સાથે સરખાવી શકીએ. પ્રેમલગ્નથી આવેલી સ્ત્રીને, બહુધા, પતિ સિવાયના સહુ થોડા વખત સુધી જેમ તે કંઈક ઠપકાપાત્ર હોય તેવો ભાવ દર્શાવતા હોય છે, તેવું જ અહીં જોવા મળે છે. પતિ પોતાની પત્નીને બહુ ધમકાવીને ઘરમાંથી ચાલી જવાનું કહેતો હોય તો કોઈક બટકબોલી પત્ની કહેશે

"હાંઈ કાંઈ એસેનારી નીં પાસી કેંહ કરીન જાઉમ્" હું કાંઈ એમ જ આવેલી નથી, શાની ચાલી જાઉં ? અર્થાત્ "એસેનારી" ને "અ – એસેનારી"ઓ કંઈક આ રીતે જોતી હોય છે.

**બોકો કાડવો :**

"પરણ્યા વિના ગર્ભ રહેવો" આ પ્રમાણે તેનો ગુજરાતીમાં અર્થ આપ્યો છે. સામાજિક ભેદોને સૂચવતા હોય તેવા શબ્દોને ખાસ સમજવા પડતા હોય છે. ગુજરાતની બિનઆદિવાસી પ્રજામાં આમ બનવું તે જે તે સ્ત્રી માટે જેવો જીવનમરણનો પ્રશ્ન બની રહે છે, તેવું અહીં નથી. આવી સ્ત્રીનો કોઈ હાથ નહીં ઝાલે એ ભીતિ અહીં નથી.

**ડગ્બીરો :**

આનો અર્થ છે "પરણ્યા વિના પેદા થયેલું બાળક" આ પ્રકારનાં બાળકો અને તેમની માતાઓ સમાજની અત્યંત તિરસ્કૃત વ્યક્તિઓ હોવાનું જણાતું નથી.

આ પ્રત્યેક શબ્દને તેની પૂર્વભૂમિકા છોડીને માત્ર ગુજરાતી સમાનાર્થી જોઈને જ સમજવામાં આવે તો આ પ્રજાને યથાર્થરૂપે સમજી શકાશે નહીં. અને યથાર્થરૂપે સમજવા માટે જે સામાજિક ભેદ છે તે જાણવો જરૂરી છે. આ પૂર્વભૂમિકાનો ખ્યાલ ન હોય તો આ શબ્દો વડે ઊભું થતું આ પ્રજાનું ચિત્ર કેટલું બધું ધૂંધળું રહી જાય ! આ ચિત્ર દોરવાનું છે તે કોઈ સમાજ-શાસ્ત્રીએ, અહીં તો શબ્દો પોતે જ જે બોલે છે તે વડે માત્ર રેખાઓ આંકવાનો પ્રયત્ન કર્યો છે.

આ પ્રજાને યથાર્થપણે સમજવા માટે આવા જે જે સામાજિક ભેદો હોય તેની જાણકારી શું અનિવાર્ય નથી કે ?

ગુજરાતના આદિવાસી અને બિનઆદિવાસી પ્રજાજીવન વચ્ચે જે જે ભેદ હોય તેને વ્યવસ્થિતપણે બહાર આણવામાં આવે તો બન્ને પ્રજાઓને એકમેકને સમજવામાં આવી સામગ્રી ઉપકારક થઈ પડે તેમ અમારું માનવું છે.

પરંતુ આવા ભેદોને પામવા માટે એ જાતિના સમગ્ર જીવનનો અભ્યાસ જરૂરી બને છે. તેમના જીવનનાં વિભિન્ન પાસાંઓને જુદાજુદા કોણથી જોવાયા બાદ તે બધાંમાંથી કોઈ એક અખિલાઈનું ચિત્ર ઊઠવાનો સંભવ છે. સંસ્કૃતિનું વહેણ ચાલી રહ્યું છે તેને સતત ગતિ આપનાર બળોમાં ભાષા પણ છે એમ કહી શકાય. સમાજ આ બળથી સંકળાયેલો રહેતો હોય છે.



ભાષા, આમ, સમાજને સાંકળતી જે તે સમાજને સ્વીકૃત એવા ધ્વનિઓની એક વ્યવસ્થા છે.

કોઈ પણ સમાજ પોતાની આ વ્યવસ્થા વડે પોતાનો વાગ્વ્યવહાર સારી રીતે ચલાવતો હોય છે. પોતાના આંતરવ્યવહારમાં નાનામાં નાના ભાષાસમાજને પણ પોતાની આ વ્યવસ્થા ઊણી પડતી નથી હોતી. કોઈ પણ આદિવાસી સમાજ આનાં દૃષ્ટાંતરૂપ છે. પ્રત્યેક આદિવાસી સમાજ પોત-પોતાના સમાજની બોલીઓ દ્વારા આંતરવ્યવહાર ચલાવતો હોય છે. તેમાં એકમેકને ન સમજે એવું બનતું હોવાનું જણાયું નથી.

અહીં ચોધરી આદિવાસી સમાજની આંતરવ્યવસ્થાના એક અંશને જોવાનો પ્રયત્ન કર્યો છે. આ અંશ તે શબ્દભંડોળ.

**૩. ચોધરી બોલી :**

આ બોલી વિષે મારી જાણ છે ત્યાંસુધી લિંગ્વિસ્ટિક સર્વે ઑફ ઇન્ડિયાના ખંડ ૯ ના ત્રીજા ભાગમાં જ્યૉર્જ ગ્રિયર્સને જે કંઈ વિચારણા કરી છે તે સિવાય અન્ય કશું જ સાહિત્ય ઉપલબ્ધ નથી. આ શબ્દભંડોળને જોતાં આ ઐતિહાસિક દૃષ્ટિકોણ પણ નજર સમક્ષ રાખવો જોઈએ.

અનેક પ્રકારનાં કારણોસર નાનાં નાનાં જૂથોની બોલીઓ અન્ય ભાષા-બોલીઓ સાથે સંપર્કમાં આવી રહી છે તેવા વખતે આવાં શબ્દભંડોળો એકત્રિત થઈ જાય તો ભાવિમાં તે અનેક દૃષ્ટિએ ઉપયોગી બની શકે. આ મુદ્દો નજર સમક્ષ રાખીને દક્ષિણ ગુજરાતની આ એક આદિવાસી જાતિમાં પ્રચલિત શબ્દો એકઠા કરીને તેને શાસ્ત્રીય રીતે મૂકવાનો અહીં પ્રયત્ન કર્યો છે.

મુખ્ય ઈન્ફૉર્મન્ટ પાસેથી પ્રસ્તુત સામગ્રી ધ્વનિસંજ્ઞાઓમાં મુદ્રિત કરીને તેનું ગુજરાતી લિપિમાં લિપ્યન્તર[1] ( Broad transcription ) કર્યું છે. આ પછીથી સમગ્ર સામગ્રીને સુરત જિલ્લાના ચોધરીઓના વિપુલ વસવાટવાળા વિસ્તારોમાં ફરીને ચકાસી જોઈ છે. આવી ચકાસણીમાં જ્યાં જ્યાં નોંધપાત્ર ભેદ જણાયા છે તેનો પણ ઉલ્લેખ યોગ્ય સ્થળે કરવામાં આવ્યો છે.

" બોલી " શબ્દ અહીં તેના પારિભાષિક અર્થમાં વાપરવામાં આવ્યો નથી. અહીં તો બોલી વિષે " બોલચાલની લિપિરહિત ભાષા " એવી જે સામાન્ય છાપ પ્રવર્તે છે તે અર્થમાં આ શબ્દ પ્રયોજવામાં આવ્યો છે. આથી, દક્ષિણ ગુજરાતમાં વસતી ચોધરી જાતિ પોતાના

વાગ્વ્યવહારઅર્થે જે વાગ્રૂપનો ઉપયોગ કરે છે તે "ચોધરી બોલી" તેવા સામાન્ય અર્થમાં, અહીં, આ શબ્દને સમજવાનો છે.

આ શબ્દાવલિ આમ દક્ષિણ ગુજરાતમાં વસતી ચોધરી નામક આદિવાસીઓની છે. આ જાતિ મુખ્યત્વે સુરત જિલ્લામાં વસેલી છે. આ જિલ્લામાં પણ વ્યારા-વાલોડ-બારડોલી તરફનાં ઉચ્ચારણો અને માંડવી તાલુકાનાં ઉચ્ચારણોમાં થોડો તફાવત પડતો જણાય છે. ઉચ્ચારણ અંગેની ચર્ચામાં આની નોંધ લેવામાં આવી છે.

આ શબ્દાવલિમાં કુલ્લે ૨૭૫૫ શબ્દો સંગ્રહાયા છે.

અમે આને શબ્દાવલિ સહેતુક કહી છે. આ શબ્દકોશ નથી. શબ્દકોશમાં શબ્દની વિભિન્ન અર્થરચનાઓની અપેક્ષા રહે છે. જ્યારે શબ્દાવલિ પ્રચલિત મુખ્ય અર્થને નોંધીને સંતોષ માની શકે છે. આવી અનેક શબ્દાવલિઓ શબ્દકોશની રચનામાં અત્યંત ઉપયોગી બનતી હોય છે.

આ શબ્દાવલિ ચોધરી – ગુજરાતી – અંગ્રેજી છે. સૈદ્ધાન્તિક રીતે જોઈએ તો એક ભાષાને બીજી ભાષામાં ઉતારવી તે લગભગ અશક્ય કહી શકાય તેવું કાર્ય છે. તેમ છતાં વ્યાવહારિક ઉપયોગ અર્થે આંતરભાષી શબ્દકોશો રચાતા હોય છે. આવા શબ્દકોશો અને શબ્દાવલિઓ જે તે ભાષાઓના ભાષાસમાજની પારસ્પરિક સંસ્કૃતિની ઊંડી સમજણ માગી લેતાં હોય છે. આવી સમજણનાં પ્રમાણ પ્રમાણે આંતરભાષી શબ્દકોશોના અર્થોનું જોમ જળવાવાનું. આ દૃષ્ટિકોણથી જોતા આદિવાસી પ્રજાઓની ભાષા–બોલીઓના શબ્દકોશો અને શબ્દાવલિઓ વિશેષ સંભાળ માગી લે છે તે વાત આપણે ઉદાહરણો સાથે આગળ જોઈ છે.

આ પ્રકારના શબ્દોના અર્થો જે જે વિષયને લગતા હોય તે તે વિષયની ખાસ સજ્જતા માગી લેતા હોય છે. અહીં તેવી સજ્જતાથી અર્થો આપવામાં આવ્યા નથી. જ્યાં જ્યાં ચોધરી શબ્દ વડે દર્શાવાતા આવા શબ્દોના ગુજરાતી સમાનાર્થી શબ્દની ચોક્કસ માહિતી નથી તેવા શબ્દાર્થોમાં "એક વૃક્ષ," "એક પક્ષી," "એક પશુ" એમ આપીને જ સંતોષ માન્યો છે. આ પ્રકારના શબ્દોના ગુજરાતી–અંગ્રેજી સમાનાર્થી શબ્દો તદ્વિદો દ્વારા અપાય તે વિશેષ ઇષ્ટ ગણાય. અમે, અહીં, તેવા શબ્દોની વિગતમાં જવાનું, આ હેતુથી ટાળ્યું છે.

**ચોધરી ઉચ્ચારણ :**

આ બોલીના ધ્વનિઘટકોને હજી નિશ્ચિત કરવામાં આવ્યા નથી. આ પહેલાં, ભીલી – ગુજરાતી શબ્દાવલિમાં (ભીલી – ગુજરાતી શબ્દાવલિ, ૧૯૬૫,



પ્રસ્તાવના પૃ. ૧૩) અમે દર્શાવ્યું છે તેમ ધ્વનિઘટકની નિશ્ચિતિ એ જે તે બોલીની લિપિરચના માટે અત્યંત આવશ્યક છે. આ પછીથી જ લિપિરચના થાય તે આદર્શ સ્થિતિ છે. પરંતુ એકત્રિત કરેલી સામગ્રી ધ્વનિઘટકોને મહદંશે સૂચિત કરી દે તેટલા પ્રમાણની (લગભગ બે હજાર અને તેથી વધારે શબ્દોનું ભંડોળ, અમને લાગે છે કે, ધ્વનિઘટકોની નિયતિ માટે પૂરતું છે.) હોય તો કોઈ ખાસ અપવાદોને બાદ કરતાં ધ્વનિઘટકોની નિશ્ચિતિનું માપ સંશોધકને મનોમન આવી ગયેલું હોય છે. અને આના આધારે તે લિપ્યન્તર (Broad transcription) કરવા સમર્થ બને છે. આવા લિપ્યન્તરમાં નાના ફેરફારોનો હંમેશાં અવકાશ રહેલો હોય છે. અહીં, અમે આ પ્રકારનું લિપ્યન્તર આપીએ છીએ. વાચક જોશે કે ચોધરી બોલીનું સારું એવું શબ્દભંડોળ અહીં મૂકવામાં આવ્યું છે. આની લિપિરચના અમે ગુજરાતી લિપિને નજર સામે રાખીને કરી છે. ગુજરાતની આ આદિવાસી પ્રજાના શિક્ષણ અને ઇતર સમાજ સાથેના વ્યવહારની ભાષા ગુજરાતી હોઈ, અમે તે ભાષાની લિપિ જરૂરી ફેરફારો સાથે આ બોલીના લેખન માટે પ્રયોજી છે.

**ઉચ્ચારણ :**

આ પુસ્તિકા તૈયાર કરતી વખતે મુખ્યત્વે ગુજરાતી ભાષક અને વાચકને નજર સમક્ષ રાખેલ હોવાથી આ બોલીના ધ્વનિઓનું ઉચ્ચારણ ગુજરાતીનાં તેવાં ઉચ્ચારણો સાથે સરખાવાયું છે, જેથી ગુજરાતી ભાષકને આ બોલીના તદ્દન જુદા પડતા ધ્વનિઓનો સહજ ખ્યાલ આવે. આમ, આ પ્રકારની સરખામણી પાછળ ગુજરાતી ભાષકને ચોધરી ઉચ્ચારણ પકડવામાં મદદરૂપ થવાનો આશય રહેલો છે. આ હેતુ અર્થે જ આવા પ્રકારની સરખામણી કરી છે. બાકી તો કોઈ પણ બે ભાષા–બોલીના ધ્વનિઓ સરખા અથવા એકના બીજી જેવા છે એમ કહેવું તે યથાર્થ નથી. વાચકો આ પુસ્તિકાના ઉપયોગ વખતે આ મુદ્દો સમજીને આગળ ચાલે તેવી વિનંતી છે.

**સ્વરો :**

**ચોધરી** અ઼ આનું ઉચ્ચારણ કરવા માટે ગુજરાતી ભાષકે ગુજરાતી ઉચ્ચારણ "અ" અને "ઓ" ની વચ્ચેનું કરવું જોઈએ. ગુજરાતીમાં એ પ્રકારનું ઉચ્ચારણ ધ્વનિઘટકાત્મક નથી પરંતુ આ બોલીમાં આ ઉચ્ચારણ ધ્વનિઘટકાત્મક હોવાનો પૂરો સંભવ છે. અર્થાત્ ચોધરીનો "અ" અને "અ઼" એ બે સ્વતંત્ર ઘટકો હોવાનું જણાય છે. દા. ત. ચોધરી 'કડ઼ાં ન. એક પ્રકારનો

ભાત, પરંતુ "કૢડ઼ાૢ" ન કહું. આમ આ ઉચ્ચારણ ગુજરાતી ભાષક માટે નવું હોઈ, પ્રયત્નસાધ્ય બની રહે છે.

ચોધરીમાં બધા મળીને સંભવિત સ્વર ઘટકો નીચે પ્રમાણે જણાય છે: [અ઼], આ, ઈ, ઊ, એ, ઍ [ઍ઼], ઓ, ઑ. શિષ્ટમાન્ય ગુજરાતીના સ્વર-ઘટકો કરતાં આમાં ઉપર વર્ણવેલો [અ઼] ધ્વનિ વધે છે. આ ઉપરાંત બીજો ધ્વનિ [ઍ઼] પણ આ બોલીમાં જુદો ઘટક નીકળે તેવી સંભાવના નકારી શકાય તેમ નથી. આ દૃષ્ટિએ તેને આવા કૌંસમાં મૂકેલ છે. ગુજરાતી લિપિમાં હ્રસ્વ અને દીર્ઘને સૂચવતાં ચિહ્નો વપરાય છે તે આજની ગુજરાતીમાં ભિન્ન ઘટકોનાં દ્યોતક નથી એટલી વાત અહીં સ્પષ્ટ કરવાની અમને જરૂર જણાય છે. એટલે આ બોલી માટે પ્રયોજાયેલી ગુજરાતી લિપિની સંજ્ઞાઓ (કહો કે ચિત્રો) જરૂરિયાત પ્રમાણે અપનાવેલી છે. ભાષા અને લિપિ રૂપક અલંકાર નથી. બંને જુદી જુદી સાંસ્કૃતિક ઘટનાઓ છે. બંનેનો વિચાર જુદી જુદી રીતે કરવો જોઈએ. ભાષા સમાજને સાંકળે છે. કોઈ પણ ભાષાના ધ્વનિઘટકોનું દૃશ્યમાન સ્વરૂપ રચાય ત્યારે જ તેની લિપિયોજના થઈ ગણાય. આવી યોજના થયા બાદ જે તે ભાષાસમાજમાં લેખનની એકવાક્યતા જળવાય તેટલા માટે આ યોજનાનું નિયમન જરૂરી છે. આવું નિયમન તે જ જે તે ભાષાની જોડણી. આ વાત પરથી સહેજે સમજાશે કે કોઈ પણ ભાષાની જોડણી યાવચ્ચંદ્રદિવાકરૌ એક જ પ્રમાણની નભી શકે નહીં કેમ કે ભાષા ગતિશીલ છે. આજે આપણે જે ગુજરાતી ભાષા બોલીએ છીએ તે ત્રણસો વર્ષ પહેલાંની ગુજરાતી કરતાં જુદી છે તે સિદ્ધ કરવાનું બાકી રહ્યું નથી. હવે જો કોઈ પણ એક ભાષાની લિપિયોજનામાં પણ આંતરે આંતરે પુનર્યોજનાની આવશ્યકતા ઊભી થતી હોય તો જ્યારે એક ભાષાની લિપિ કોઈ અન્ય યોજનાના ધ્વનિઘટકોની સંજ્ઞા માટે પ્રયોજાય ત્યારે જે ભાષા માટે પ્રયોજવામાં આવે છે, તેમાં, જેની ભાષા સંજ્ઞાઓ વડે પ્રયોજાય છે તે કરતાં વધતાઓછા ધ્વનિઘટકો હોય તેનું શું? આવા ઘટકોની સંજ્ઞા કોઈ પણ રીતે સૂચવાય ત્યારે જ જે તે ભાષાની યોગ્ય લિપિ થઈ ગણાય. આમ હોવાથી આ બોલીને જ્યારે ગુજરાતી લિપિ વડે દર્શાવવામાં આવે છે ત્યારે તેમાં આવશ્યક વધારા–ઘટાડા ગુજરાતી લિપિમાં થવાના જ. અને આમ થવાથી ગુજરાતી જોડણી, સ્વાભાવિક રીતે જ અહીં લાગુ પડશે નહીં. ભાષા અને જોડણીને જુદા સ્તર પરથી જોવાની ટેવ હશે તેઓને આમાં ગુજરાતી જોડણીનો પ્રશ્ન લાવવાની સહેજે જરૂર નહીં જણાય તેમ અમારું માનવું છે. ચોધરીમાં ગુજરાતી 'અ' લિપિસંજ્ઞાથી દર્શાવાય છે તે પ્રકારના ધ્વનિઘટક ઉપરાંત



એક એવો સંભવિત ઘટક છે કે જે ગુજરાતીમાં નથી પ્રવર્તતો. આથી ગુજરાતીમાં તેની ભિન્ન સંજ્ઞા પણ નથી. ત્યારે ચોધરીમાં તો આવા 'અ' થી ભેદ દર્શાવવા બીજી સંજ્ઞા આપવી જ પડશે. અહીં ગુજરાતી પ્રમાણે એક જ "અ" રાખવાથી કામ સરવાનું નથી. અમે ચોધરી ઘટકનો આ ભેદ "અ" ની નીચે નુકતો મુકીને [અ઼] કરેલ છે. આમાંથી સ્વાભાવિક રીતે જ એ ફલિત થશે કે કોઈ એક બીજી ભાષાલિપિને દર્શાવવામાં ગુજરાતીનાં લિપિચિહ્નો ઉપયોગમાં લેવાય ત્યારે તે લિપિચિહ્નો ઉપયોગ કર્યો તે તો એક પ્રકારની સરળતા માટે છે, તેમાં પેલી ભાષા–લિપિને યોગ્ય તેવા વધારા–ઘટાડા થાય જ નહિ તેમ માનીને ચાલવામાં ભાષા સમજની કચાશ છે. ઉદાહરણ લેવાથી આ વાત સ્પષ્ટ થશે. ચોધરીમાં, માન્ય ગુજરાતીનો, જે 'ળ' લિપિસંજ્ઞા વડે દર્શાવાય છે તે ધ્વનિઘટક છે જ નહીં ગુજરાતી [ળ] નો ચોધરીમાં [લ] થાય છે. આમ હોય તો ચોધરી મૂળાક્ષરોમાં 'ળ' રાખવો જરૂરી છે ખરો? અમે આનો ઉત્તર "ના" આપીએ છીએ. ત્યારે ગુજરાતી 'ળ' ને બદલે સ્વાભાવિક રીતે જ ચોધરીમાં 'લ' જ લખાવાનો. આમ કરવાથી ચોધરી બોલી તેના યોગ્યરૂપે (as it is) મૂકી છે તેમ કહી શકાય. આવું જ અન્ય ઘટકોનું સમજવું. વધારાની હોય તેવી લિપિસંજ્ઞાઓ કાઢી નાંખવી અને જરૂરી હોય તે ઉમેરીને જ યોગ્ય લિપિયોજના કરી શકાય.

ચોધરીમાં 'ઇ, ઈ,' એવા બે ઘટકો જણાતા નથી. આથી એક ઘટક માટે માત્ર 'ઈ' નિશાની રાખવામાં આવી છે. તેવું જ બને છે, 'ઊ' વિષે પણ. અહીં એ પ્રશ્ન જરૂર ઊઠે ખરો કે ગુજરાતી લિપિમાં 'ઇ–ઈ, એવી બે ભિન્ના સંજ્ઞાઓ છે તેમાંથી દીર્ઘ જ શા માટે પસંદ કરી? આના ઉત્તરમાં એમ કહેવું જોઈએ કે તેવી પસંદગી પાછળ માત્ર યદચ્છા જ છે. જો બે ઘટકો જુદા હોત તો આવી પસંદગીને અવકાશ ન હતો. પરંતુ અહીં રજૂ કરેલી સામગ્રી આવા બે ઘટકો દર્શાવતી નહીં હોવાથી આમ થઈ શક્યું છે. આના બદલે હ્રસ્વસંજ્ઞા પણ યોજી શકાય. આનું ઉચ્ચારણ ગુજરાતીમાં થતા ઈ ના ઉચ્ચારણ જેવું કરવું. આવું જ બને છે 'ઊ' વિષે. ગુજરાતીમાં આ અંગેની જે બે ભિન્ન સંજ્ઞાઓ છે તેમાંથી દીર્ઘ 'ઊ' ની સંજ્ઞા અહીં પ્રયોજવામાં આવી છે.

એ/ઍ નો ચોધરીમાં ધ્વનિઘટકાત્મક ભેદ છે. આમ હોવાથી તે બંને ઘટકોને જુદા દર્શાવવા ગુજરાતી લિપિમાં વપરાય છે તે જ બંને ચિહ્નો એ/ઍ અહીં પ્રયોજ્યાં છે. આ બંનેથી એક નિમ્નઘટક પણ હોવાની અમને

શંકા છે. આ પ્રસ્થાપિત કરવા વિશેષ સામગ્રી (Data) જરૂરી બને છે. આથી આ ધ્વનિને અમે કૌંસમાં દર્શાવેલ છે. આના માટેની સંજ્ઞા [ઍ] રાખવામાં આવી છે.

આ સિવાયના ‘અ’ અને ‘આ’ માટે ગુજરાતી લિપિસંજ્ઞાઓ જેમની તેમ રાખી છે. આમ સમગ્ર રીતે ચોધરી સ્વરોને નીચે પ્રમાણેની લિપિસંજ્ઞાઓ વડે દર્શાવવામાં આવેલ છે.

અ, આ, ઈ, ઊ, એ, ઍ, [ ઍ ] ઓ, ઑ

આ પ્રત્યેક સ્વરોનાં ભેદસૂચક દૃષ્ટાંતો નીચે પ્રમાણે છે.

ખલ ( ન. ) મધપૂડાની પીળાશવાળી પટ્ટી
ખ઼લ ( પુ. ) ખોળ
કરો ( પુ. ) કરો, ઘરની પાછલી દીવાલ
કારૉ ( ન. ) એક પક્ષી
આણ્ડૉ ( ન. ) વૃષણ
ઈણ્ડૉ ( ન. ) ઈંડું
ઊણ્ડૉ ( વિ. ) ઊંડું
કૉદરી ( સ્ત્રી. ) રાંધેલા ચોખા
કૉદરે ( ન. બ. વ. ) કોદરા
[ કૉપહા ( પુ. ) કપાસ
અ઼પસે઼ ( પુ. ) ઉપવાસ
ક઼કહે ( પુ. ) ઘોંઘાટ ]
વલે ( અ. ) તરફ
વ઼લે ( સ્ત્રી. ) બૂરી દશા
ઊન્દો ( પુ. ) ખેતીનું એક સાધન, સમાર
ઊન્દૉ ( વિ. ) ઊંધું

**વ્યંજનો :**

ચોધરી વ્યંજનોને દર્શાવવા ગુજરાતી લિપિનો ઉપયોગ કર્યો છે માટે ગુજરાતી ભાષકો જે તે લિપિસંજ્ઞાનું ઉચ્ચારણ ગુજરાતી લિપિ ચિત્રોનાં ઉચ્ચારણ પ્રમાણે કરવા, સ્વાભાવિક રીતે જ, પ્રેરાશે. આ બોલીનાં કેટલાંક ઉચ્ચારણો ગુજરાતી લિપિ વડે દર્શાવેલાં તેવાં ઉચ્ચારણો કરતાં જુદાં પડે છે. આથી ગુજરાતી ભાષકને ચોધરી ઉચ્ચારણ જુદું છે તે ખ્યાલ આવે તે માટે જુદાં ઉચ્ચારણોની અહીં વિશેષ નોંધ લેવામાં આવી છે. ચોધરીમાં



બધા જ વર્ગના (Aspirated voiced stops) મહાપ્રાણ ઘોષ સ્ફોટકોનું ઉચ્ચારણ અલ્પપ્રાણ અઘોષ ‘હ’કાર યુક્ત થાય છે. એટલે કે ગુજરાતી ઘ, ઢ, ધ, ભ વગેરેનું ઉચ્ચારણ ચોધરીમાં અનુક્રમે ક, ચ, ટ, ત, પ, + અઘોષ ‘હ’કાર વાળું કરવું. ઉ. ત. ગુજરાતી ‘ઘર’ શબ્દનું ઉચ્ચારણ ચોધરીમાં ક + ‘હ’કાર એટલે (ક$^{હ}$) જેવું, ગુજરાતી ‘ઝગડવું’ (ચ઼ગીડ઼વો)માંના ‘ઝ’નું ચૌધરીમાં ચ + ‘હ’કાર એટલે (ચ$^{હ}$) જેવું, ગુજરાતી ‘ઢેકું’ (ટ$^{હ}$ેકો)માંના ‘ઢ’નું ચોધરીમાં ટ + ‘હ’કાર એટલે ટ$^{હ}$ જેવું, ગુજરાતી ‘ધજા’માંના ‘ધ’નું ચોધરીમાં ત + ‘હ’કાર એટલે (ત$^{હ}$) જેવું, ગુજરાતી ‘ભીખ’માંના ‘ભ’નું પ + ‘હ’કાર એટલે (પ$^{હ}$) જેવું, ઉચ્ચારણ કરવું.

અહીં એક બીજા મુદ્દાની પણ નોંધ લેવી જરૂરી જણાય છે. ઉપર વર્ણવેલા ધ્વનિઓના ઉચ્ચારણમાં આ બોલીમાં સ્થળ પરત્વે પણ ભેદ માલૂમ પડે છે. આ ભેદ ખાસ કરીને “ઘ” અને “ભ” વિષયક નોંધવામાં આવ્યો છે. આ બે ઉચ્ચારણો ચોધરીમાં સામાન્યતયા ઉપર દર્શાવ્યા મુજબ ‘ક$^{હ}$’ અને ‘પ$^{હ}$’ જેવાં થાય છે, પરંતુ તે સુરત જિલ્લાના ઊંડાણવાળા અને કેળવણીની વિશેષ અસર નથી થઈ તેવા વિસ્તારોમાં ( ઉ. ત. માંડવી વિસ્તાર ) પ્રચલિત છે. પણ આ બંને ધ્વનિઓનું ઉચ્ચારણ બારડોલી, વાલોડ અને વ્યારાના વિસ્તારોમાં ‘ખ’ અને ‘ફ’ માં વિકસ્યું જણાય છે. ઉદાહરણથી આની સ્પષ્ટતા થશે. ગુજરાતી ઘર માટે સામાન્ય ઉચ્ચારણ ચોધરીમાં “ક$^{હ}$ર” થશે પરંતુ ઉપર્યુક્ત વિસ્તારમાં “ખર” એવું ઉચ્ચારણ મળે છે. તેવી જ રીતે ગુજરાતી “ભીખ” નું સામાન્ય ઉચ્ચારણ “પી$^{હ}$ખ” જેવું થશે પરંતુ આ વિસ્તારોમાં “ફીખ” એવું ઉચ્ચારણ મળે છે. આ પ્રશ્ન દ્વિભાષિકતા (Bilingualism) ના દૃષ્ટિકોણથી તપાસાય તો ગુજરાતી ધ્વનિઓનું ચોધરી ભાષકમાં કેવું સ્વરૂપ થયું છે તે વિષે માહિતી ઉપલબ્ધ થાય. અહીં તો માત્ર ગુજરાતી ભાષકના ઉચ્ચારણવિષયક માર્ગદર્શન માટે આ ભેદ તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે.

ચોધરીમાં [ ઙ ] અને [ ઞ ] બંને ‘ન’ ના પેટા ઘટકો હોવાની અમને શંકા હોવાથી તે ધ્વનિઓને સૂચવવા ઘટક તરીકે જુદી લિપિસંજ્ઞા યોજવી જોઈએ નહીં. પરંતુ આ અંગેની પણ ચોકસાઈ ન થાય ત્યાં સુધી અમે આ બંને ધ્વનિઓને સૂચવવા ગુજરાતી લિપિસંજ્ઞા ‘ઙ’ અને ‘ઞ’ યથાવત રાખેલી છે.

ગુજરાતીના મૂર્ધન્ય પાર્શ્વિક (Retroflex lateral) “ળ” ની ચોધરીમાં ઉપસ્થિતિ નથી. આવા પ્રત્યેક ધ્વનિ માટે ચૌધરી ભાષક “લ” ઉચ્ચારે છે.

ઉ. ત. ગુજ અનુકૂળ, ચો. અનૂકૂલ, ગુજ. કળિયુગ, ચો. કલજૂગ, ગુજ. કળશિયો, ચો. કલઅહીયો, ગુજ. કેળું, ચો. કેલૉ, ઈત્યાદિ. ગુજરાતી "ళ" ઉચ્ચારણનું ચોધરીમાં ઘણા બધા કિસ્સાઓમાં "ન" ઉચ્ચારણ થાય છે. ઉ. ત. ગુજ. લાકડું, ચો. નાકડ઼ો, ગુજ. કાલ, ચો. કાની, ગુજ. ખાટલો, ચો. ખાટનો, ગુજ. ખીલી, ચો. ખીની, ઇત્યાદિ. ચોધરીમાં દીર્ઘત્વ ( length) ઘટકાત્મક નીકળે તેમ જણાય છે. આના પ્રસ્થાપન માટે, જોકે, વિશેષ સામગ્રી અને તેની ચકાસણી જરૂરી ગણાય. કેટલાક ઉપલબ્ધ દૃષ્ટાંતો નીચે પ્રમાણે છે. ટાલી ( ક્રિ ) ટાળી પણ ટા.લી ( સ્ત્રી ) તાળી; બેડ઼ો (ન) એક ઘરેણું પણ બે.ડ઼ો (ન.) એક ફળ.

તેવી જ રીતે દ્વિરુક્તિ (gemination ) પણ ઘટકાત્મક જણાય છે. પરંતુ આ અંગે પણ વિશેષ સામગ્રી ચકાસ્યા પછી જ આખરી નિર્ણય કરી શકાય. એક ઉપલબ્ધ ઉદાહરણ નીચે મુજબ છે.

ફાપો બફાફો ( ન ) પપૈયું

ફાપ્પો બફાફફો (ન.) એક પક્ષી

ચોધરીમાં વ્યંજનોની નીચે જ્યાં જ્યાં બિન્દી મૂકેલી છે ત્યાં પ્રસ્તુત ઉચ્ચારણ વ્યંજનમાં રહેલા સ્વર (જે ગુજરાતી લિપિમાં જુદો દર્શાવાતો નથી) ના 'અ઼' ના ઉચ્ચારણનું સમજવું. 'ડ' અને 'સ' આમાં અપવાદ છે. 'ડ' ની નીચેની બિન્દી અર્થાત ડ઼ તે ગુજરાતી 'ઝાડ'માંના 'ડ઼' ના ઉચ્ચારણને સૂચવે છે. આ બોલીમાં ડ અને ડ઼ ઘટકાત્મક હોવાથી તેની આ રીતે બે જુદી નિશાની રાખી છે. 'સ' ની નીચેની બિન્દી અર્થાત્ 'સ઼' તે 'સ' અને 'હ' ની વચ્ચેનું ઉચ્ચારણ જે સુરતી "પૈસો" શબ્દમાં થાય છે તેને સૂચવે છે. ઉપરાંત 'સ' ની નીચેની બીજી બિન્દી અર્થાત્ 'સ઼' ('સ'માંના 'અ' ના ઉપર વર્ણવેલાં) ઉચ્ચારણને સૂચવે છે.

બાકીના ધ્વનિઓનું ઉચ્ચારણ ગુજરાતી ભાષક પ્રયત્નપૂર્વક નહીં મેળવી લે તો પણ એકમેકને સમજવામાં બહુ મુશ્કેલી પડશે નહીં તેમ અમારું માનવું છે.

ચોધરીમાં સામાન્ય રીતે વ્યંજનના ઘટકોની રૂપરેખા આ પ્રમાણે આપી શકાય.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક | ચ | ટ | | ત | પ | ય | સ઼ |
| ખ | — | ઠ | | થ | ફ | ર | હ |
| ગ | જ | ડ | ડ઼ | દ | બ | લ | |
| (ઘ) | (જ઼) | (ઢ) | | (ધ) | (ભ) | વ | |
| [ઙ] | [ઞ] | ણ | | ન | મ | સ | |



આ ગોઠવણી ઉચ્ચારણમૂલક નથી આપી. ગુજરાતી લિપિસંજ્ઞાઓની ગોઠવણીના ક્રમ મુજબની આપી છે. આમાંથી ગોળ કૌંસમાં આપેલા ઘટકોના ધ્વનિનું ઉચ્ચારણ ઉપર દર્શાવ્યા મુજબ ગુજરાતી આવાં ઉચ્ચારણોથી ભિન્ન છે. ચોરસ કૌંસ વડે દર્શાવેલા ધ્વનિઓ તે "ન" લિપિસંજ્ઞા વડે દર્શાવેલા ઘટકના પેટા ઘટકો હોવાની અમારી શંકા છે. અત્યારે તો આ બંનેને "ઙ" અને "ઞ" એવી સ્વતંત્ર નિશાનીઓ વડે દર્શાવેલા છે.

પ્રત્યેક વ્યંજનના ભેદદર્શક ઉદાહરણો નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| ક | કારો | ન. | એક પક્ષી |
| ખ | ખારો | ન. | મીઠું, નિમક |
| ગ | ગાવૉ/ખાવૉ | ક્રિ. | ગાવું/ખાવું |
| ઘ | ઘાટૉ | ન. | ચણાનો પોપટો |
| ચ | ચાટો | વિ. હરાયું ( ઢોર ) | |
| જ | જાલૉ | ન. હાંડલું ધોવાનો કૂચો | |
| ટ | ટાલૉ | ન. તાળું | |
| ઠ | ઠાલૉ | ન. ઘંટીનું થાળું | |
| ડ | ડાલ | સ્ત્રી. | ડાળી |
| ઢ | ઢાલ | સ્ત્રી. | ઢાલ |
| ણ | જાણવો | ક્રિ. | જાણવું |
| | જામવૉ | ક્રિ. | જામવું |
| ત | તાકવૉ | ક્રિ. | તાકવું |
| થ | થાકવૉ | ક્રિ. | થાકવું |
| દ | દારવૉ | ન. | પીવાનો દારુ |
| ધ | ધારવૉ | ધારવું | |
| ન | નીલૉ | વિ. | ( ૧ ) લીલું ( ૨ ) કાચું |
| પ | પીલૉ | વિ. | પીળું |
| ફ | ફોકડ઼ૉ | ન. | ફોકડી નામનું પ્રાણી |
| બ | બોકડ઼ૉ | ન. | બકરું |
| ભ | ભૂત | પુ. | ( ૧ ) ભૂત ( ૨ ) વંટોળિયો |
| મ | મૂત | ન. | મૂતર |
| ય | પાયો | પુ. | ખાટલાનો પાયો |
| | પાવો | પુ. | પાવો |

| | | | |
|---|---|---|---|
| ર | રૈન | સ્ત્રી. | પાણીની રેલ |
| | તેન | ન. | તેલ |
| લ | લીલૉ | વિ. | ભીનું |
| | પીલૉ | વિ. | પીળું |
| વ | વાટૉ | ન. | નાળિયેરનો અરધો ગોટો |
| સ | સ્રાટૉ | ન. | ગાડાનું તળિયા સહિતનું માળખું |
| | સ્રકાન | ન. | ધૂંસરી બંધાય છે તે ખીલો |
| | સકાન | ન. | શુકન |
| હ | હાન | સ્ત્રી. | હળની હાલ |
| | રાન | ન. | જંગલ |

આ બોલીમાં, આ સિવાય "હ" ના પ્રશ્નને તપાસવાનું હજી બાકી રહે છે.

**શાન્તિભાઈ આચાર્ય**

# ચોધરી શબ્દાવલિ

# ચોધરી શબ્દાવલિ

## અ

અકસાર પુ. અક્ષર
Hand-writing

અખઠીલો પુ. બારણું વાસવા માટેનો બારણાની પાછળનો અંદરનો ખીલો
A long nail used as a stopper to the door



અખઠીલો

અકગીરખો ન. કબજો, એક પ્રકારનું પહેરણ
A kind of man's upper garment

અજગાર પુ. અજગર
A python

અટકીવૉ[1] ક્રિ. અટકવું
To stop

અટકીવૉ[2] ક્રિ. અડકવું
To touch

અટકૂવૉ ક્રિ. જુઓ 'અટકીવૉ[1]'

અટખીલો પુ. જુઓ 'અખઠીલો'
See 'akhṭhilo'

અડલો પુ. ૧. શાકભાજી પ્રકારનાં વાવેતરનાં રક્ષણ અર્થે કરવામાં આવતી વાડ



અડલો[1]

A hedge

૨. અછોડો
The rein for an ox

૩. ઘોડિયાની દોરીમાં છેડે ભરાવેલો-

લાકડાનો કકડો
A small wooden piece attached to the end of the thin rope which is tied to a swing for a baby

**અડીન્ગો** પુ. ડાંગરમાં પડતી એક પ્રકારની જીવાત
A kind of pest found in paddy crop

**અણુઠો** વિ. અળગું
Aloof

**અણુઠો ર઼વૉ** ક્રિ. દૂર રહેવું
To refrain

**અડ઼ચાણ** સ્ત્રી. અડચણ
Hindrance

**અઢ઼ી** વિ. અઢી
Two and a half

**અત્તાર** ન. અત્તર
A kind of perfume prepared from flowers

**અદ્દરડ઼ૉ** ન. ઊંડી ખીણ
A deep valley

**અદ્ધી઼રૉ** વિ. અધૂરું
Unfinished

**અનાસઢ઼ૉ** ન. સીતાફળ
A custard-apple

**અનૂકૂલ** વિ. અનુકૂળ
convenient

**અનૂભવવૉ** ક્રિ. અનુભવવું
To feel

**અનૂસડ઼ી** સ્ત્રી. સીતાફળી
The tree of custard-apple

**અન્તેર** ન. જુઓ 'અત્તાર'
See 'attār'

**અર્દ્** વિ. અરધું
Half

**અલાગ** વિ. જુદું
Separate, Distinct

**– કરવૉ** ક્રિ. જુદું કરવું
To separate, set apart

**અસવારી** સ્ત્રી. સવારી માટે વપરાતું ગાડું, ડમણિયું
A kind of a local cart

**અસીટવૉ** ક્રિ. પછાડવું
To trample

**અસોઢ઼ૉ** પુ. ગળાનું એક ઘરેણું
A kind of necklace

## અ્

**અ્કાન** સ્ત્રી. સલાહ
Advice

**– આપવી** ક્રિ. સલાહ આપવી
To advise

**અ્ગવી** અ. નજીક, પાસેપાસે
Side by side

**અ્જાયણૉ** વિ. અજાણ્યું
Unfamiliar



**અ્ડીલો** પુ. જુઓ 'અડલો'
See 'aḍlo'

**અ્ણ્ડસીણૉ** ન. લાકડાનો ટૂંકો અને જાડો, દાંડિયો
A small and thick wooden club

**અ્ડ઼સીણૉ** ન. જુઓ 'અણ્ડસીણૉ'
See 'anḍxino'

**અ્પસ઼** ન. ઉપવાસ
A fast

**– પાલવૉ** ક્રિ. ઉપવાસ કરવો
To observe a fast

**અ્ફ઼ણૉ** ન. અફીણ
Opium

**અ્રવાણ** સ્ત્રી. કન્યા સાસરે જાય ત્યારે તેની સાથે જતી સખી
A bride-maid

**અ્લખીઢ઼ૉ** ન. અળવીની ગાંઠ
A bulb of a plant

**–ખજલૉ** ન. ખજૂરીવાળી ગાંઠ
Pungent type of bulb of this plant

**–મીઠૉ** ન. મીઠી ગાંઠ
Sweet type of bulb of this plant

**અ્લત્** ન. પરોણા સાથે આગળ જોડેલું લોખંડનું પાનું
An iron blade fixed to a wooden stick


અ્લત્

## આ

**આંય** અ. હજી, હજુ
Still

**આંયો** અ. જુઓ 'આંય'
See 'Ny'

**આંહ્મા** ન. આંસુ
A tear

**આકડ઼ી** સ્ત્રી. ઝાડ પરનાં પાંદડાં તોડવા માટે વપરાતું વાંસનું એક સાધન
A long stick with a hook at the end and which is used in plucking leaves of trees

**આકડ઼ો** પુ. આકડાનો છોડ
A sun plant (calotropis gigantea)

**આકઠીલૉ** ન. જુઓ 'અખઠીલો'
See 'akhṭhilo'

**આકપેટી** સ્ત્રી. બાકસ
A match-box

**આકલાવૉ** ક્રિ. અકળાવું
To be in a state of confusion

**આકાડ** સ્ત્રી. જુઓ 'આકડી'
See 'ākṛi'



આકડ઼

**આખલો** પુ. સાંઢ
A bull

**આખાલ** પુ. જુઓ 'આખલો'
See 'ākhlo'

**આખૉ¹** ન. ગાડાની ધરી (આ વિસ્તારમાં લાકડાની પણ હોય છે)
An axle of a cart (In this area wooden axle is also used)

**આખૉ²** વિ. આખું
Whole

**આગજજો¹** પુ. ૧. એક છોડ
A kind of a plant
૨. આગિયો
A glow worm

**આગજજો²** વિ. ભુખાળવો
Avaricious

**આગડ઼ૉ** ન. આગ
Fire

**આગાલ** અ. આગળ
In the front

**આગીઠૉ** ન. તાપણું
A fire place

**આગૂડ઼ૉ** ન. જુઓ 'આગડૉ'
See 'āgṛo'

**આગૂલ** અ. જુઓ 'આગાલ'
See 'āgal'

**આઙ્ગાલ** સ્ત્રી. આંગળી
A finger

**-પેરૉ** ન. બે આંગળીઓની પાછળ થતાં ચાંદાંનો રોગ
A kind of a skin disease usually found on fingers



**આઙ્ગીઠો** પુ. અંગૂઠો
Thumb

**આઙ્ગીરખૉ** ન. અંગરખું
A kind of a man's upper garment

**આઙ્ઘલી** સ્ત્રી. 'જુઓ આઙ્ગાલ'
See 'aṅgal'

**આચાક** સ્ત્રી. આંચકો
A jerk

**-ફૂટવૉ** ક્રિ. 'ફટાક' એવો અવાજ થવો
To get slashing sound

**આજડ઼ો** ન. લાકડાં વહેરવાની કરવત
A saw

**આજે** અ. આજ
Today

**આટ** વિ. આઠ
Eight

**આટખીલૉ** ન. જુઓ 'અખઠીલો'
See 'akhṭhilo'

**આઠ** વિ. જુઓ 'આટ'
See 'āṭ'

**આઠસીસી** સ્ત્રી. આધાશીશી
A kind of migraine

**આડસીસી** સ્ત્રી. જુઓ 'આઠસીસી'
See 'āṭhxixi'

**આણ્ડડ઼ો** ન. ૧. આ નામનું વૃક્ષ
A kind of tree
૨. તે વૃક્ષનું ફળ
A fruit of this tree

**આણ્ડવો** પુ. વૃષણ
A testicle

**આણ્ડૉ** ન. જુઓ 'આણ્ડવો'
See 'āṇḍvo'

**આતડ઼ો** ન. આંતરડું
Intestine

**આતો** પુ. પિતા, બાપ
Father

**આથઅટૂ** પુ. જુઓ 'આતો'
See 'āto'

**આથડ઼ાવૉ** ક્રિ. અથડાવું
To collide

**આથવૉ** ક્રિ. આથવું
To pickle

**આથાર** પુ. મોટું પાથરણું, આથર
A big cloth-sheet used as a spread

**આથીડ઼વૉ** ક્રિ. આથડવું
To wander

**આથીમણૉ** ન. પશ્ચિમ દિશા
West

**આથીરો** ન. જુઓ 'આથાર'
See 'āthār'

**આદાત** સ્ત્રી. આદત, ટેવ
Habit

**આદાર** પુ. ૧. આધાર
Support
૨. ધરુવાડિયું (ડાંગર વ. નું)
A seed-bed

**–નાખવૉ** ક્રિ. ધરુ નાંખવું
To transplant seedlings

**આદીરૅ** ન. જુઓ 'આદાર' નો અર્થ ૨.
See the meaning 2 of 'ādār'

**–નાખવૉ** ક્રિ. જુઓ 'આદાર નાખવો'
See 'ādār nākhvo'

**આદૉ** ન. આદું
Ginger

**આનાન્દ** પુ. આનંદ
Joy

**આનૂડૉ** ન. જુઓ 'આણ્ડ્રૉ'
See 'ānḍṛo'

**આન્દલૉ** વિ. આંધળું
Blind

**આન્દારૅ** ન. અંધારું
Darkness

**આન્દાલપીચૉ** પુ. ચામાચીડિયું
A bat

**આન્ધસીણી** સ્ત્રી. જુઓ 'આઠસીસી'
See 'āṭhxixi'

**આપઘાત** ન. આપઘાત
Suicide

**–કરવૉ** ક્રિ. આપઘાત કરવો
To commit suicide

**આપડે** સર્વ. આપણી, –ણું, –ણો
Our, ours (inclusive of person addressed)

**આપવૉ** ક્રિ. આપવું
To give

**આફાત** સ્ત્રી. આફત
Distress

**આબદા** સ્ત્રી. આપદા, દુઃખ
Anxiety, pain

**આબરૂ** સ્ત્રી. આબરૂ, ઇજ્જત
Reputation

**આમારે** સર્વ. અમારી, –રું, –રો
Our, ours (exclusive of person addressed)

**આમી** અ. હમણાં, હવે
Now

**આમીણૉ** ન. ગાડાનાં પૈડાંની અંદરની લોખંડની કુંડળી
An iron ring in the hole of a wheel of a cart



આમીણૉ

**આમૂ** અ. જુઓ 'આમી'
See 'āmi'

**આમે** સર્વ. અમે
We

**આમ્નાણૉ ભાજી** ન. આંબલીનાં ફૂલ અને કૂંપળોની ભાજી
Leafy vegetable prepared from leaves and flowers of tamarind tree

**આમ્નૉ** ન. આંબલી
Tamarind tree

**આમ્બલૉ** ન. આંબળું
A fruit of the tree phyllanthus Embellica

**આમ્બાપારડયેણૅ** પુ. શનિવાર (આંબા પારડીમાં શનિવારે હાટ ભરાય છે માટે)
Saturday (It is said so because the village Āmbāpārḍi becomes a shopping centre on this day)

**આમ્બાહલાદ** સ્ત્રી. આંબાહળદર
A kind of turmeric having smell of mango in it

**આમ્બાહલ્દૅ** સ્ત્રી. જુઓ 'આમ્બાહલાદ'
See 'āmbā halad'

**આમ્બીલંયૉ** ન. ચોધરી સ્ત્રીઓનું હાથમાં પહેરવાનું એક ઘરેણું
A kind of ornament worn by Chodhri women on their arms



આમ્બીલંયૉ

**આમ્બીલવૉ** ન. જુઓ 'આમ્બલો'
See 'āmblo'

**આમ્બીલવૉ** ક્રિ. આંબળવું
To twist

**આમ્બૂડૉ** ન. અંબોડો
Braid

**–વાલવૉ** ક્રિ. અંબોડો વાળવો
To braid hair

**આમ્બેણૅ** પુ. શનિવાર (માંડવી વિસ્તારમાં)
Saturday (The word is in use in Māṇḍvi taluka)

**આમ્બો** પુ. આંબાનું ઝાડ
A mango tree

**આમ્બો** ન. કેરી
A mango

**આમ્હાંય** સર્વ. અમને
To us

**આમ્હૅ** સર્વ. જુઓ 'આમ્હાંય'
See 'āmhāNy'

**આયા** સ્ત્રી. મા, માતા
Mother

**આયાલી** સ્ત્રી. જુઓ 'આયા'
See 'āyā'

**આચ્ચકે** પુ. જુઓ 'આચાક'
See 'āchāk'

**–ફૂટવો** જુઓ 'આચાક ફૂટવો'
See 'āchāk phuṭvo'

**આરજડો** ન. ૧. કરવત
A saw
૨. ગાડાંમાં મોટાં લાકડાં ભરતી વખતે ગાડાંની સલામતી માટે માંચડા ઉપર મૂકવામાં આવતું લાકડું
A piece of wood which is placed in a cart for protecting its floor while loading with heavy timber



આરજડો ૧.

**આર** ન. એક પ્રકારનો સાપ
A kind of snake

**આરબીયેં** ન. (બ.વ.) બટાટા
Potatoes

**આરહી** સ્ત્રી. આરસી
A mirror

**આરો** પુ. ગાડાનાં પૈડાંના મધ્ય ભાગ અને પરિઘને જોડતો લાકડાનો ટુકડો
A wooden spike of a wheel of a cart

**આરો** ન. ફળની આરંભની સ્થિતિ
An emerging state of a fruit

**આ·રો** ન. (બ.વ.) અંગારા
Embers

**આલહા** સ્ત્રી. આળસ
Idleness



**આલહૂ** વિ. આળસુ
Idle

**–ર્ણુપીર** ન. ખૂબ જ આળસુ વ્યક્તિ માટે વપરાતો શબ્દ સમૂહ
The phrase is used for a very idle person

**આવકારવો** ક્રિ. આવકારવું
To welcome

**આવડાત** સ્ત્રી. આવડત
Tact

**આવલો** ન. જુઓ 'આમ્બલો'
See 'āmblo'

**આવવો** ક્રિ. આવવું
To come

**આવીડવો** ક્રિ. આવડવું
To know

**આવૂડ.** સ્ત્રી. જુઓ 'આવડાત'
See 'āvṛāt'

**આસનાવો** ક્રિ. હાંફવું
To pant

**આસા** સ્ત્રી. આશા
Hope

**આસાનો** ન. રીંછ
A bear

**આસીટવો** ક્રિ. જુઓ 'અસીટવો'
See 'asiṭvo'

**આસીનવો** ક્રિ. આછરવું
To clear

**આસૂનવો** ક્રિ. જુઓ 'આસીનવો'
See 'āsinvo'

**આસોપાલાવ** ન. આસોપાલવ
A kind of tree

**આસો** વિ. ચોખ્ખુ
Clean

**–કરવો** ક્રિ. ચોખ્ખુ કરવું
To clean

**આસૂડેપાસૂડે** અ. આજુબાજુ
In the neighbourhood

**આસૂરો** પુ. ૧. આશરો
Shelter
૨. અંદાજ
Approximation

**આસાય- આડસો** ન. (બ.વ.) માબાપ
Parents

**આહવો** ન. જુઓ 'આંહમો'
See 'āNhmo'

**આહાય** સ્ત્રી. મા, માતા (અન્યની માતા માટે વપરાતો શબ્દ)
The word used for the mother of another person

**આહાયબાહા** ન. (બ. વ.) જુઓ 'આસાય-આડસો'
See 'āxāy-āṛhxo'

ઈ

ઈ સર્વ. ( ન ) આ
This

ઈંજ સર્વ. ( ન ) આ જ
The very same

ઈંથ઼ અ. અહીંથી
From here

ઈંયાં અ. અહીં
Here

–તીંયાં અ. અહીંતહીં
Here and there

–સૂ઼દી અ. અહીં સુધી
Upto here

ઈં યે સૂ઼દી અ. જુઓ 'ઈંયાંસૂ઼દી'
See 'iNyāxudi'

ઈજ્જાત સ્ત્રી. ઇજ્જત
Reputation

ઈટૂડ઼ ન. ઈંટ
A brick

ઈણહૅં સર્વ. (બ.વ.) આ (લોકો) ને
To them

ઈણ્ડૅા ન. ઈંડું
An egg

ઈણ્ઢણી સ્ત્રી. ઈંઢોણી (માત્ર આગળ પડતો વર્ગ જ વાપરે છે)
A small circular piece, knitted with fibres or of a cloth, especially used by women as a weight breaker while carrying water-pot on their heads

ઈયાણૅ સર્વ. (પુ.) આને
To him

ઈયાનતીયાન અ. જુઓ 'ઈંયાંતીયાં'
See 'iNyāNt iNyāN'

ઈસેતીસે અ. અહીંતહીં
Here and there

ઈસેનતીસેન અ. જુઓ 'ઈસેતીસે'
See 'isetise'

ઈસ્સવૉ ક્રિ. ઇચ્છવું
To wish

ઈસ઼ારો પુ. ઇશારો
A beck

ઈહીટૅા ન. ઈસ
A side pole of a cot

ઊ

ઊંચ઼ ન. ઊંચાઈ
Height

ઊંચનીચ઼ વિ. ઊંચુંનીચું
High and low

ઊંટૅા ન. ઊંટ
A camel

ઊંહ્યુ઼ ન. ઓશીકું
A pillow



ઊકીડ઼વૉ ક્રિ. દબાયેલું છોડવું
To release

ઊકીરવૉ ક્રિ. ઉકેલવું
To unwind

ઊકીલવૉ ક્રિ. ઊકલવું
To be solved

ઊકૂડ઼વૉ ક્રિ. જુઓ 'ઊકીડ઼વૉ'
See 'ukirvo'

ઊકૂલવૉ ક્રિ. જુઓ 'ઊકીલવૉ'
See 'ukilvo'

ઊખલો ન. લાકડાનું ખાંડણિયું
A wooden mortar

ઊખાવૉ ક્રિ. સુકાવું
To dry

ઊખીડ઼વૉ ક્રિ. ઉખેડવું
To uproot

ઊખીવવૉ[1] ક્રિ. ઓળવું (માથું)
To comb

ઊખીવવૉ[2] ક્રિ. સૂકવવું
To make dry

ઊખૂડ઼વૉ ક્રિ. જુઓ 'ઊખીડ઼વૉ'
See 'ukhirvo'

ઊગરાવવૉ ક્રિ. ઉઘરાવવું
To collect

ઊગવૉ ક્રિ. ઊગવું (સૂર્યનું)
To rise

ઊગાડ સ્ત્રી. ન. ઉઘાડ
Clear sky after rains

ઊગાડ઼મીચ કરવૉ ક્રિ. પટપટાવવી (આંખો)
To wink

ઊગાડ઼વૉ ક્રિ. ઉઘાડવું, ખોલવું
To open

ઊગાલવૉ ક્રિ. ૧. ગળામાંથી (ઢોરે) દોરડું કાઢી નાંખવું
To drop the noose from the neck (by cattle)
૨. પાક લીધા પછીથી ઢોરને ખેતર ખવડાવવું
To allow the cattle to graze in the field after having harvested

ઊગીડ઼વૉ ક્રિ. ઊઘડવું
To open

ઊગીમણૉ ન. પૂર્વ દિશા
East

ઊગીલવૉ ક્રિ. પાક લીધા પછીથી ઢોરે ખેતર ખાવું
To graze in a harvested field

ઊગૂમણૉ ન. જુઓ 'ઊગીમણૉ'
See 'ugimṇo'

ઊગૂલવૉ ક્રિ. જુઓ 'ઊગીલવૉ'
See 'ugilvo'

ઊગેઠ સ્ત્રી. ગાડાનાં પૈડાં ફરી ન જાય તે માટે નીચે મૂકવામાં આવતું ટેકણ
An object used as a support to the wheels of a cart to prevent them from slipping

ઊઙગય સ્ત્રી. ઊંઘ
sleep

ઊઙગવૅા ક્રિ. ઊગવું (છોડ વગેરેનું)
To grow

ઊઙગીલવૅા ક્રિ. નાહવું
To bathe

ઊઙગૂલવૅા ક્રિ. જુઓ 'ઊઙગીલવૅા'
see 'uṅgilvo'

ઊઙઘવૅા ક્રિ. ઊંઘવું
To sleep

ઊચકીવૅા ક્રિ. ઊંચકવું
To lift

ઊચારો વિ. પૂર્વ તરફનો જમીનનો ભાગ
Portion of land which lies in the east

ઊચ્ટૂ વિ. એઠું, અજીઠું
leftovers

ઊજલૅા વિ. ધોળું, સફેદ
White

ઊજાડ વિ. ઉજ્જડ
Barren

ઊજાલવૅા ક્રિ. ઉજાળવું
To brighten

ઊજીમણી સ્ત્રી. ઉત્સવ
A festival

ઊજીમવૅા ક્રિ. ઊજવવું
To celebrate

ઊજીવવૅા ક્રિ. જુઓ 'ઊજીમવૅા'
see 'ujimvo'

ઊજૂમણી સ્ત્રી. જુઓ 'ઊજીમણી'
see 'ujimṇi'

ઊજૂવવૅા ક્રિ. જુઓ 'ઊજીમવૅા'
see 'ujimvo'

ઊઞ્જવૅા ક્રિ. ઊંજવું
To grease (a cart)

ઊટ પુ. ઊંટ
A camel

ઊટકીવૅા ક્રિ. ઊટકવું
To cleanse (an utensil)

ઊઠવૅા ક્રિ. ઊઠવું, જાગવું
To get up, awake

ઊડવૅા ક્રિ. ઊડવું
To fly

ઊડાડ્વૅા ક્રિ. ઉડાડવું
To cause to fly

ઊણ્ડલી વલવૅા ક્રિ. ઊથલવું
To be turned down

ઊણ્ડીલવૅા ક્રિ. ઉલાળવું
To lift the front part of a cart

ઊણ્ડૂનવૅા ક્રિ. આળોટવું
To wallow

ઊણ્ડૂલવૅા ક્રિ. જુઓ 'ઊણ્ડીલવૅા'
see 'uṇḍilvo'

ઊણ્ડૅા વિ. ઊંડું
Deep



ઊડ્જૅ ન. (બ. વ.) અડદ
A kind of kidney-bean

ઊડ્વૅા ન. ગંજી, કાલર
A stack

ઊતારવૅા ક્રિ. ઉતારવું
To take down

ઊતાવલ સ્ત્રી. ઉતાવળ
Haste

ઊતીરવૅા ક્રિ. ઊતરવું (નદી, વગેરે)
To cross (a river)

ઊત્તાર ન. ઉત્તર દિશા
North

ઊનાવૅા ક્રિ. સાંભળવું
To listen

ઊનીવવૅા ક્રિ. ઓલવવું (દીવો, વગેરે)
To put out (a lamp)

ઊનૂવવૅા ક્રિ. જુઓ 'ઊનીવવૅા'
See 'univvo'

ઊન્દીરૅ નળ્યૅ ન. (બ. વ.) દેશી નળિયાં
Country tiles



ઊન્દીરૅ નળ્યૅા

ઊન્દો પુ. ખેતીનું એક સાધન, સમાર
A soil leveller



ઊન્દો

ઊન્દો વિ. ઊંધું
Inverted

ઊન્દૂવેનૅા ન. એક વેલો
A kind of creeper

ઊન્ધરૂ ન. ઉંદર
A mouse

ઊપટીવૅા ક્રિ. ઊપટવું (રંગ વગેરે)
To fade

ઊપટૂવૅા ક્રિ. જુઓ 'ઊપટીવૅા'
See 'uptivo'

ઊપાજ સ્ત્રી. ઊપજ
Produce

ઊપાર અ. ઉપર
Above

ઊપૂર અ. જુઓ 'ઊપાર'
See 'upār'

ઊફાંરણ્ડૅા વિ. અળવીતરું
Mischievous, naughty

ઊફીણ્વૅા ક્રિ. ૧. ઊપણવું
To winnow
૨. ઝાટકવું (સૂપડાથી)
To Whisk

**ઊફૂણવૉ** ક્રિ. જુઓ 'ઊફીણવૉ'
See 'uphiṇvo'

**ઊબડીવૉ** ક્રિ. વાસણ ધોઈને ઊંધું વાળવું
To turn an utensil down after washing it

**ઊબડો** પુ. ઉકરડો
A heap of rubbish

**–ગોબરૂ** પુ. સૂકાં છાણવાળો ઉકરડો
A heap of dried dung

**–જાસી** પુ. સડીને તૈયાર થયેલો ઉકરડો
A heap of rotten rubbish

**–પૂન્જો** પુ. સડયો ન હોય તેવો ઉકરડો
An ordinary heap of rubbish

**ઊબડૉ** વિ. ઊંધું
Inverted

**ઊબરાવૉ** ક્રિ. ઊભરાવું
To effervesce

**ઊંબાવૉ** ક્રિ. નાનું કરવું
To reduce

**ઊંભૉ થાકવૉ** ક્રિ. ઊભા થવું
To stand up

**ઊમટો** ક્રિ. ઉંબરો (ઘરનો)
A threshold

**ઊમૂરવૉ** ક્રિ. ઉમેરવું
To add

**ઊમ્બરો** પુ. ઊમરાનું વૃક્ષ
The wild fig tree

**ઊમ્બરૉ** ન. ઊમરું, એક ફળ
A fruit of the Umbro

**ઊમ્બૂરવૉ** ક્રિ. જુઓ 'ઊમૂરવૉ'
See 'umurvo'

**ઊમ્માર** સ્ત્રી. ઉમર
Age

**ઊરાવૉ** ક્રિ. પેસવું (જલ્દીથી, ચોરી છૂપીથી)
To enter (swiftly and stealthily)

**ઊસીનો નેવૉ** ક્રિ. ઉછીનું લેવું
To borrow

**ઊસીલવૉ** ક્રિ. ઊછળવું
To spring

**ઊસૂલવૉ** ક્રિ. જુઓ 'ઊસીલવૉ'
See 'usilvo'

**ઊહૂકવૉ** ક્રિ. સંકોરવું (ચૂલામાં લાકડું)
To push in (fue-stick in an oven)

**ઊહૂકીવૉ** ક્રિ. જુઓ 'ઊહૂકવૉ'
See 'uhukvo'

**ઊહૂપાટવૉ** ક્રિ. આછરવા માટે હાથથી ડહોળું પાણી બહાર ફેંકવું
To throw muddy water out for getting incoming water cleaned in a river basin



## એ

**એ.** સર્વ. (સ્ત્રી) આ
This

**એ. જ** સર્વ. (સ્ત્રી) આ જ
The same (feminine)

**એક** વિ. એક
One

**એકધીટ હેરી રૂવૉ** ક્રિ. તાકી રહેવું
To gaze

**એકઠૉ**[1] ન. એક વૃક્ષ
A kind of tree

**એકઠૉ**[2] વિ. એકઠું
collected, combined

**–હોવૉ** ક્રિ. એકઠા થવું
To gather together

**એક સાહરૉ** અ. કદાચ, કયારેક
Perhaps, Sometimes

**એકહૂદીંહીં** અ. કયારેક
Sometimes

**એકૂજ** વિ. એક જ
Only one

**એક્કિવારે** અ. એક સાથે
At a time

**એક્કિહારી** અ. જુઓ 'એક્કિવારે'
See 'ekkivāre'

**એખનૉ** વિ. એકલું
Alone

**એખહૂ** અ. કંઈ
Any

**એગયાર** વિ. અગિયાર
Eleven

**એગજ્જાર** વિ. જુઓ 'એગયાર'
see 'egyār'

**એડારૉ** ન. વાડ માટેનો એરંડો
A kind of castor plant used for hedging

**એડો** પુ. દિવેલિયો એરંડો
A castor oil plant

**એજ્જડૉ** ન. દિવેલ
Castor oil

**એરીઙ્ગ** ન. એક ઘરેણું
A kind of an ear-ornament

**એલચો** પુ. એક વનસ્પતિ
A kind of vegetation

**એલચૉ** ન. વિલાયતી આંબલી
A kind of tree

**એવામાં** અ. એવામાં, એટલામાં
In the mean time

**એવૉ** વિ. આવું
Such

**એસેનારી** સ્ત્રી. લગ્ન કર્યાં વિના માનેલા પતિનાં ઘરમાં આવી જતી સ્ત્રી
A woman who comes to stay with a man of her selection without marrying him

ઍ

**ઍહૂઁ** અ. આમ, એમ
In this way

**ઍરે** અ. અરે !
Oh !

ઓ

**ઓ.** સર્વ. (પુ) આ
This (m)

**ઓકવાઁ** ક્રિ. ઓકવું
To vomit

**ઓગણી** વિ. ઓગણીસ
Nineteen

**ઓગામવાઁ** ક્રિ. ઉગામવું (લાકડી, હાથ વગેરે)
To raise to strike (stick, hand etc.)

**ઓગીલવાઁ** ક્રિ. ઓગળવું
To melt

**ઓ.જ** સર્વ (પુ) આ જ
This the same (masculine object or thing)

**ઓજડાઁ** ન. ઘરની આજુબાજુ કરેલી ઊંચી પાળી
A bund around the house

**ઓજાટવાઁ**[1] ક્રિ. મારવું
To beat

**ઓજાટવાઁ**[2] ક્રિ. ધકેલીને બંને બાજુ રસ્તો કરતા જવું
To push through (making way in the crowd)

**ઓટો** પુ. ઓટલો
A raised platform in the front of a house

**ઓડણુઁ** ન. ઓઢણું
Female's upper garment

**ઓ.ડાવવાઁ** ક્રિ. ભેંસ પાડે લઈ જવી
To show a he-buffalo

**ઓન્નૂ** સ્ત્રી. ઓરણી
Seed drill



**ઓરપો** પુ. બહેનો માટેની કાંસકી
A comb especially used by women



ઓરપો

**ઓ.રાવવાઁ** ક્રિ. સીમમાંથી ઘેર આવેલાં ઢોર વાડામાં પૂરવાં
To confine the cattle in a yard after their return from grazing

**ઓરો** પુ. ઓરડો
A room

**ઓ.રો** વિ. નજીક
Near

**ઓરાઁ** ન. ખાઈ શકાય તેવાં મૂળ
A kind of edible roots

**ઓલખી.વાઁ** ક્રિ. ઓળખવું
To recognize

**ઓલવીણુઁ** ન. ઘરમાં આડો લટકાવેલો, કપડાં રાખવા માટેનો વાંસ, વળગણી
A horizontal bamboo hung in the house for putting clothes



ઓલવીણુઁ

**ઓવરો** પુ. જુઓ 'ઓરો'
See 'oro

**ઓસીનાઁ** વિ. ઉછીનું
Borrowed

**ઓસાઁ** વિ. ઓછું
Less

**ઓસ઼ાડ** ન. ઓસડ
Medicine

**ઓસાવવાઁ** ક્રિ. ઓસાવવું
To pour the water off (as from the cooked rice)

**ઓહય્** ન. ઓશીકું
A pillow

**ઓહન્નાઁ** વિ. આ બાજુનું
Belonging to this side

**ઓહીકાઁ** ન. જુઓ 'ઓહય્' (આ શબ્દ માત્ર ભણેલો વર્ગ વાપરે છે)
See 'ohya'

## ઑ

**ઑખીરૉ** ન. અંધેડો (વૃક્ષ)
A kind of tree

**ઑણ્ય** અ. ઓણુ, આ વર્ષે
This year

**ઑણ્ડવાઁ** ક્રિ. છડવું (કમોદ વગેરે)
To pound (paddy etc.)

**ઑણ્ડલાવાઁ** ક્રિ. પ્રવાહીમાં ઓગાળવું
To dissolve

**ઑણ્ડાલવાઁ** ક્રિ. ઓળંગવું
To cross

**ઑડ઼ાયો** ન. અડાયું (છાણું)
A dung cake

**ઑતરાઁ** અ. આટલું
This much

**—જ** અ. આટલું જ
Only this much

**ઑનાજ** ન. અનાજ
Food grain

**ઑનાસડ઼ાઁ** ન. સીતાફળ
A custard-apple

**ઑન્નાઁ** ન. જુઓ 'ઓન્ન્'
See 'onna'

**ઑપ્પા** પુ. ઉપવાસ
A fast

**ઑમ્થાઁ** વિ. અમસ્તું, ખાલી
Without any reason

**ઑમ્હાં** સ્ત્રી. અમાસ, તહેવાર (?)
The last day of a month

**ઑર્દ્દય** વિ. અરધું
Half

**ઑલો** પુ. ઇયળ
Caterpillar



## ક

**કઈ દેખાડવાઁ** ક્રિ. કહેવું
To say

**કઊિય્** ન. કચ્ચ, જેનાં પાંદડાં ઘસવાથી ખૂબ જ ખૂજળી ઊપડે છે તે છોડ
A kind of shrub

**કકીલવાઁ** ક્રિ. મોંમાં આંગળાં નાંખીને બોલાવવું
To force a person (usually by taunting) to speak

**કકલવાઁ** ક્રિ. જુઓ 'કકીલવાઁ'
See 'kakilvo'

**કટીનાણ્ઁ ભાજ્ઁ** ન. કંટોલાની ભાજી
A kind of a vegetable

**કઠઁ** ન. કમોદનો એક પ્રકાર
A kind of paddy

**કણ્ટી** સ્ત્રી. ઘઉંની ડૂંડી
An ear of wheat or paddy stalk



કણ્ટી

**કણ્ઠી** સ્ત્રી. કંઠી, આ નામનું ઘાસનું ઘરેણું
A grass necklace

**કડ્** સ્ત્રી. કેડ, કટિ
Waist

**કડ્** અ. એ પ્રકારનો અવાજ (દા. ત. ડાળી તૂટવાનો)
Cracking sound

**કડ્પીણ્ઁ** ન. કોળિયું (એક હાથમાં સમાય તેટલું ઘાસ)
A handful of grass

કડ઼બાઁ ન. કડબ, જુવારના સૂકા સાંઠા
Fodder

કડાયૅાઁ ન. ૧. એક વૃક્ષ
A kind of tree
૨. કડાયું
A pan

કડ઼ી સ્ત્રી. કડી ( લોખંડ વગેરેની )
A ring

ક઼ડ઼ી સ્ત્રી. કઢી
Curry made of butter milk

–નીમ્બાડૅાઁ ન. મીઠો લીંબડો
A kind of tree

ક઼ડૅ઼ાઁ ન. જુઓ 'ક઼ડ઼ી'
See 'ka·ṛi'

કતરૂ અ. કેટલું
How much

કદ્દરાવવૅાઁ ક્રિ. કંટાળો આપીને થકવી દેવું
To tire out a person by boring

કદ્દારવૅાઁ ક્રિ. કંટાળી જવું
To get tired

કપની સ્ત્રી. કંપની ( અં )
Company

કબ્બજો સ્ત્રી. જુઓ 'અઙગીરખૌઁ'
See 'aṅgirkho'

કબૂનવૅાઁ ક્રિ. કબૂલવું
To confess

કમાવૅાઁ ક્રિ. કમાવું
To earn

કરણુ સ્ત્રી. કરેણુ વૃક્ષ
A kind of tree

કરમાવૅાઁ ક્રિ. કરમાવું
To wither

કરમીદ્દા ન. ૧. કરમદી વૃક્ષ
A kind of tree
૨. તેનું ફળ
A fruit of this tree

કરવાત સ્ત્રી. જુઓ 'આય્જડો' નો અર્થ ૧.
See the meaning (1) of 'āyjḍo'

કરવૅાઁ ક્રિ. કરવું
To do

કરહીડ઼ો પુ. કંદોરો, લંગોટી પર બંધાતો સૂતરનો દોરો
A thread tied on a loin cloth

કરહૂડો પુ. જુઓ 'કરહીડ઼ો'
See 'karhiṛo'

કરાડ઼ો પુ. વહેળાનો કિનારો
A bank of a streamlet

કરાવૅાઁ ન. એક વૃક્ષ
A kind of tree

કરો પુ. કરો ( ઘરની પાછલી દીવાલ )
Back wall of a house

કલજૂગ પુ. કળિયુગ
The kali Age



કલતાણ્અ સ્ત્રી. કળતર
Muscular pain

કલઅહીચો પુ. કળશિયો
A goblet

કવડ઼ો પુ. કેવડો
A kind of shrub

કવાલો પુ. ઘાસની પૂળી
A small bunch of grass

ક઼વૅાઁ ક્રિ. કહેવું
To say

કવ્ડ઼અ ન. કોડી
A cowry

કવ્હ઼ી સ્ત્રી. જુઓ 'કવ્ડ઼અ'
See 'kavṛa'

કસીટી સ્ત્રી. લંગોટી
A loin cloth

કસીટૅાઁ ન. ચોધરી સ્ત્રીઓ પહેરે છે તે ટૂંકું લૂગડું
A lower garment of a chodhri woman

કૂ

કૂકહૅાઁ પુ. ઘોંઘાટ
Noise

કૂગરો પુ. એક વૃક્ષ
A kind of tree

કૂઙ્કૂ પુ. કંકુ, કુમકુમ
Red turmeric powder

કૂચરૅાઁ ન. કચરો
Rubbish

કૂઠીડયૅાઁ ન. ખેતરનું એક પક્ષી
A kind of a bird

કૂડવૅાઁ ક્રિ. કરડવું
To bite

કૂડ઼વૅાઁ વિ. કડવું
Bitter

કૂડૅાઁ ન. કડું ( ગાડા વગેરેનું )
A ring (as in a cart)

કૂણજ્અ ન. કણુંજ વૃક્ષ
A kind of tree

કૂણૅાઁ ન. કંટી
An ear of wheat or paddy

કૂણબો પુ. એક વૃક્ષ
A kind of tree

કૂણસૅાઁ ન. કણુસલું, લોથો
An ear of Juwar

કૂડ઼ સ્ત્રી. જુઓ 'કડ'
See 'kaṛ'

ક઼ડ઼ અ. જુઓ 'કડ'
See 'kaṛ'

કૂડ઼ાયૅાઁ ન. જુઓ 'કડાયૅાઁ'
See 'kaṛāyo'

કૂડૅ઼ાઁ ન. જુઓ 'ક઼ડ઼ી'
See 'ka·ṛi'

**કુન્નૉ** ન. ૧. સ્ત્રીઓએ પગમાં પહેર-
વાનું કલાઈ કે પતરાનું,
એક ઘરેણું
A kind of a foot ornament made of a base metal



કુન્નૉ ૧.

૨. વાંસની કૂંપળ
A sprout of a bamboo tree

**કુપટી** વિ. કપટી
Malicious

**કુપહાયો** ન. કપાસ
Cotton

**કુફની** સ્ત્રી. ઝભ્ભો, કફની
A kind of upper garment used by a male

**કુમારૉ** ન. દાડિયો, ખેત-મજૂર
An agricultural labourer

**કુમીયૉ** ન. ૧. એક વૃક્ષ
A kind of tree
૨. તેનું ફળ
A fruit of this tree

**કુમારૉ** ન. જુઓ 'કુમારો'
See 'kamāro'

**કુમાવૉ** ક્રિ. જુઓ 'કમાવૉ'
See 'kamāvo'

**કુમ્ભલૉ** વિ. કૂણું
Tender

**કુરો** પુ. જુઓ 'કરો'
See 'karo'

**કુલ** પુ. કૂવામાંથી નીકળતો ગાર
Swamp of a well

**કુલવૉ** ક્રિ. કળવું (કળતર થવી)
To have a muscular pain

**કુલહા** ન. કાનનું એક ઘરેણું
A kind of ear ornament

**કુવ્લાણૉ ભાજૉ** ન. કોળાના વેલાના કુમળા ભાગની ભાજી
A kind of vegetable

**કુસ્ચ** સ્ત્રી. કંસ (આમાં મોતી પણ ભરેલાં હોય છે.)
A string of a garment



**કુહવાલૉ** ન. કાનખજૂરો
A centipede

**કાં** અ. ક્યાં
where

**કાંઈ** વિ. કંઈ
Anything

**કાંઈક** વિ. જુઓ 'કાંઈ'
See 'kāNi'

**કાંચ** વિ. ફાનસનો પોટો
A chimney of a lantern

**કાંચની** અ. નથી
Not

**કાંહણૉ** ન. કાંસું
Bronze

**કાંહયૉ** ન. ૧. વાટકો
Bowl



કાંહયૉ ૧.

૨. કાંસું
જુઓ 'કાંહણૉ'
Ses kāNhno

**કાંહવૉ** ન. જુઓ 'કાંહણૉ'
See 'kāNhno'

**કાંહવૉ** ક્રિ. કણસવું
To groan

**કાંહાંકી** સ્ત્રી. કાંસકી
A comb

**કા** અ. કે; શું
That; what

**કાકણૉ** ન. કંકણ (સામાન્ય રીતે પિત્તળનું હોય છે.)
A kind of bangle (generally made of brass)



કાકણૉ

**કાકડાવૉ** ક્રિ. ડૂંડાનું પીળાશ પડતું થવું
To turn (a ear of corn) yellowish

**કાકડ઼ો કાદૂ** પુ. કાદવ
Swamp

**કાકડૉ[1]** ન. ૧. આ નામનું વૃક્ષ
A kind of tree
૨. તેનું ફળ
A fruit of this tree

૩. દુખાવો મટાડવા મુકાતું સળગતું ચીંથરું
A burning rag used to place on the aching spot of the body for easing the ache

**કાકડ઼ૉ[2]** વિ. ગોરું
Fair skinned

**કાખન્નૅ** અ. શા માટે
Why

**કાગરી** સ્ત્રી. ( ગાડાનું ) કાગવું
Front most pointed end of the shafts of a cart

**–કૅરૅ** ન. એક વૃક્ષ
A kind of tree

**કાગલો** પુ. કાગળ
Letter

**કાઝખી** સ્ત્રી. ૧. બગલ
An arm-pit
૨. જુઓ ' કાંહાંકી '
See 'kāhāNki'

**કાઝખૉ** ન. કાંસકો
A comb

**કાચબૉ** ન. કાચબો
A tortoise

**કાચરૅ** ન. એક જંગલી ફળ
A kind of wild fruit

**કાચાબ** પુ. જુઓ ' કાચબો '
See 'kāchbo'

**કાટીઘાંહયો** પુ. એક પક્ષી
A kind of bird

**કાટીનૉ** ન. કંટોલું
A kind of vegetable

**કાટો** પુ. ૧. શૂળ, કાંટો
A thorn
૨. નાકનું એક ઘરેણું
A kind of nose-ornament

**કાઠૅ** ન. કાઠી, સળગાવવામાં વપરાતું લાકડું
Firewood

**કાડવૉ[1]** ક્રિ. કાઢવું
To drive out

**કાડવૉ[2]** ક્રિ. ઉતારવું
To bring down

**કાન્ણી** વિ. ( સ્ત્રી. ) કઈ
Which

**કાન્ણૉ** વિ. ( ન ) કયું
Which

**કાડ઼ીકાંહવૉ** પુ. જુઓ ' કાટીઘાંહયો '
See 'kāṭighā-Nhyo'

**કાતવૉ** ક્રિ. કાંતવું
To spin

**કાતાર** સ્ત્રી. કાતર
Scissors

**કાતીરવૉ[1]** ક્રિ. લણવું, વાઢવું
To reap



**કાતીરવૉ[2]** ક્રિ. કાતરવું
To cut

**કાદ્દૂ** પુ. કાદવ; કૂવો ખોદતી વખતે નીકળતી ભીની માટી
Swamp; swamp which is dug out of a well

**કાનાસ** સ્ત્રી. કાનસ
A file

**કાની** સ્ત્રી. કાલ
Tomorrow

**કાન્દો** પુ. ડુંગળી
An onion

**કાપડ઼ૉ** ન. કાપડું
A kind of blouse

**કાપવૉ[1]** ક્રિ. કાપવું
To cut

**કાપવૉ[2]** ક્રિ. કંપવું
To tremble

**કાપાડ** ન. કપડું
Cloth

**કાપનૉ** ન. તીરનો ઉપરનો લોખંડનો ભાગ
Pointed part of an arrow which is made of iron




**કાપારી** સ્ત્રી. કંપારી
A shaking

**કાબરૅ** ન. કાબર
A kind of bird, the common Myna

**કાબાર** સ્ત્રી. જુઓ ' કાબરૅ '
See 'kābro'

**કામઠૉ** ન. કામઠું, ધનુષ્ય
A bow

**કામજૉ** ન. પરાળ કાઢવાનું એક સાધન
An agricultural tool

**કામઠ઼ૉ** ન. જુઓ 'કામજૉ'
See 'kāmjo'

**કામૂઠ઼ૉ** ન. વાંસની ફાડ
A bamboo chip

**કામ્મઠ઼ા** ન. જુઓ 'કામજૉ'
See 'kāmjo'

**કામ્બલૉ** ન. કામળો (ઊની વસ્ત્ર)
A woolen blanket

**કામ્બૂઠ઼ૉ** ન. જુઓ 'કામૂઠ઼ૉ'
See 'kāmuṛo'

**કાયબૉ** ન. જુઓ 'કાચબો'
See 'kāchbo'

**કારભારી** પુ. કારભારી
A manager

**કારી** સ્ત્રી જળકૂકડી
A snakebird

**કારીનૉ** ન. કારેલું
A kind of vegetable

**કારૉ** ન. એક પક્ષી
A kind of bird

**કાલજૉ** ન. કાળજું
Heart

**કાલપીચી** સ્ત્રી. એક પક્ષી
A kind of bird

**કાલામીરૅ** ન. (બ. વ.) મરી
Black pepper

**કાલીકાંહવૉ** ન. જુઓ 'કાટીઘાંહવૉ'
See 'kāṭighāNhvo'

**કાલૉ** વિ. કાળું
Black

**કાવલૉ** ન. બંગડી
A bangle

**કાસ** ન. આરસી
A mirror

**કાહનૅ** અ. જુઓ 'કાખન્નૅ'
See 'kākhanne'

**કીંઆંડૉ** ન. ક્યારો
A bed

**કીકરાવવૉ** ક્રિ. કકરાવવું
To sharpen

**કીકીરવૉ** ક્રિ. ગાડાનો ચરડ ચરડ અવાજ થવો
To get cracking type of noise in a cart

**કીગનાવૉ** ક્રિ. ખુશ થવું
To be pleased

**કીડાણું** સર્વ. કોનું
Whose

**કીડૅ** સર્વ. કોણે
By whom

**કીડૉ** સર્વ. કોણ
Who

**કીડ઼ીતેન** ન. કરંજિયું તેલ
Oil of Karanj seeds



**કીડ઼ૉ** ન. ૧. કીડી
An ant

૨. ગળાનું એક ઘરેણું
A kind of neckless



કીડ઼ૉ ૨.



કીરહાયૉ

**કીન્નૉ** ન. જમીન સરખી કરવા માટે વપરાતું એક ઓજાર
A kind of earth leveller

**કીયા** અ. ક્યારે
When

**કીરકીનવૉ** ક્રિ. સળી કરવી
To instigate

**કીરબીલૉ** ન. નાનું ઘુવડ
A small owl

**કીરબીલ્યૉ** ન. જુઓ 'કીરબીલૉ'
See 'kirbilo'

**કીરહાયૉ** ન. બળદ પલોટવા માટેનું એક ઓજાર
An implement used in training young bullocks for yoking

**કીલાયૉ** ન. એક વૃક્ષ
A kind of tree

**કૂચ્ચ** સ્ત્રી. દુર્ગંધ
Foul smell

**કૂઆલી** સ્ત્રી. વીરડી
A small water pit in a river basin

**કૂઆડ઼ૉ** ન. કુહાડો
An axe

**કૂકડ઼ો** પુ. કૂકડો, મરઘો
A cock

**કૂકાડ઼** પુ. જુઓ 'કૂકડ઼ો'
See 'kukṛo'

**—માંજો** પુ. એક છોડ
A kind of plant

**—માંજ** પુ. જુઓ '—માંજો'
See '—mānjo'

**કૂગલો** પુ. કોગળો
A gargle

**કૂછો** પુ. ફોતરું
A chaff

**કૂચી** સ્રી. ૧. ચાવી
A key
૨. ગાડું ઊંજવા માટે વપરાતી વાંસની ચીંથરાવાળી ચીપ
A small bamboo chip with a rag on one end which is used in oiling a cart-wheel

**કૂચકૂસીયૉ** ન. એક છોડ
A kind of plant

**કૂત્નરૉ** વિ. કતરાતી આંખોવાળું
Wry-eyed

**કૂટવૉ** ક્રિ. મારવું
To beat

**કૂડ** સ્રી. ઢોર બાંધવાની કોઢ
A cattle-shed

**કૂણ્ડી** સ્રી. કુંડી
A water-pit

**કૂણ્ડૉ** ન. રોટલા ઘડતી વખતે વપરાતું ગરમ પાણી રાખવાનું માટીનું વાસણ
A shallow earthen pot used in keeping hot water in it while preparing bread



કૂણ્ડૉ

**કૂતરૉ** ન. કૂતરો
A dog

**કૂતારખાયૉ** ન. એક હિંસક પ્રાણી
A carnivorous animal

**કૂતીરો** પુ. જુઓ 'કૂતારખાયૉ'
See 'kutarkhāyo'

**કૂદવૉ** ક્રિ. કૂદવું
To jump



**કૂમાડૉ** ન. કુંભાર
A potter

**કૂમારૉ** વિ. કુંવારું
Bachelor

**કૂમ્બડ઼ી** સ્રી. કપાસનાં કાલાંમાંનું રહી ગયેલું રૂ
Residue of cotton in a cotton-pod

**કૂમ્બડ઼ો** પુ. ઘરની ટેકણથાંભલી પરનું વરણ અને થાંભલી વચ્ચેનું લાકડું
A wooden piece between a pole and roof of a house



કૂમ્બડો

**કૂમ્બલાણ્ણ ભાજૉ** ન. એક પ્રકારની ભાજી
A leafy vegetable

**કૂયણઅ** સ્રી. કોણી
An elbow

**કૂરકીની** સ્રી. વાંસની નાની ટોપલી
A small basket made of bamboo chips



કૂરકીની

**કૂરકીયૉ** ન. ગલૂડિયું
A puppy

**કૂરગૂલો** પુ. કોગળો
A gargle

**કૂરચીનૉ** ન. કરચલો
A crab

**કૂલકૂટૉ** ન. વરુ
A wolf

**કૂલપ** ન. ખેડ અને આંતર ખેડ માટે વપરાતું એક નાનું ઓજાર
An agricultural implement

**કૂલપીવૉ** ક્રિ. ખેડવું
To plough

**કૂવડ઼ૉ** ન. એક વૃક્ષ
A kind of tree

**કૂવાડૉ** ન. જુઓ 'કૂઆડ઼ૉ'
See 'kuāṛo'

**કૂવાયડ઼ો** વિ. મિજાજી, લડાઈખોર
Quarrelsome

**કૂવાલી** સ્ત્રી. જુઓ 'કૂઆલી'
See 'kuāli'

**કૂવો** પુ. કૂવો
A well

**કૂસીણવૉ** ક્રિ. કસણવું (લોટ વગેરે)
To knead

**કૂસૂણવૉ** ક્રિ. ચોળવું (ખાવા માટે ધાન વગેરે)
To mix by rubbing (as cooked rice)

**કૂહનૉ** ન. ખોદવા માટેની લોખંડની કોશ
A share made of iron

**કૂહૂટાવૉ** ક્રિ. ઠંડીથી સંકોડાઈ જવું
To fold one's knees due to cold

**કૂહોટૂપનો** પુ. કાકાકૌઓ
A cockatoo

**કૂહૉ** ન. જુઓ 'કૂહનૉ'
See 'kuhno'

**કેદી** પુ. કેદી
A prisoner

**કેદજાજો** પુ. જુઓ 'કેદી'
See 'kedi'

**કેનો** પુ. એક છોડ
A kind of plant

**કેલૉ** ન. ૧. કેળ
A plantain
૨. કેળું
A banana

**કેવડા** પુ. જુઓ 'કવડો'
See 'kavṛo'

**કેવૉ** વિ. કેવું
Of what type

**કૅહૅ** અ. કેમ
Why

**કોકરાંજ** ન. એક વૃક્ષ
A kind of tree

**કોગદરો** ન. એક પક્ષી
A kind of bird

**કોચરો** પુ. ઢોરને પાણી પાવા માટે કોરીને તૈયાર કરેલું વૃક્ષનું વિશાળ થડ
A hollow trunk of tree which is used as a reservoir of water for cattle

**કોચર્વૉ** ક્રિ. કોચવું (દીવાલ વગેરે)
To scratch

**કોટ** પુ. ૧. પહેરવાનો કોટ
A coat
૨. કિલ્લો
A fort

**કોટડો** ન. કોતરડું
A streamlet

**કોટવાલૉ** ન. વાંસફોડો, એક જાતિ
A tribe engaged in bamboo work

**કોઠારૉ** ન. એક પ્રકારનો કોઠલો
A kind of storage made of bamboo and clay



**કોઠૅ** ન. અનાજ ભરવાની કોઠી
An earthen vessel which is used in storing grains



કોઠૅ

**કોઠૅ**
**—પૂડાલો** ન. બે વિભાગવાળી કોઠી
A kind of vessel with a partition in it

**કોઠો** વિ. સૂકું, ભીનું ન હોય તેવું
Dry

**કોડીજાજો** પુ. રવિવાર
Sunday

**કોડીનો** ન. ચગદાઈ ગયેલા ડાંગરના છોડને સરખા કરવા માટેનું એક સાધન
A tool used in raising paddy plants



કોડીનો

**કોથલો** પુ. કોથળો
A sack

**કોદરી** સ્ત્રી. રાંધેલા ચોખા
Cooked rice

**કોદરૅ** ન. (બ. વ.) કોદરા
A kind of corn

**કોદાલૉ** ન. કોદાળી
A hoe

**કોન્નો** ન. ૧. શિયાળ
A fox
૨. ચિચોડો, કોલુ
A sugarcane-crusher

**કોપ** ન. ૧. કપ
A cup
૨. જંગલનો કૂપ
A coupe

**કોપર** ન. ૧. કોપરું
Kernel of a coconut
૨. કોણી
An elbow

**કોપરેલ** ન. કોપરેલ, કોપરાનું તેલ
Coconut oil

**કોપહા** પુ. કપાસ
A cotton plant

**કોપહાર્યો** પુ. જુઓ 'કોપહા'
See 'kopha̱'

**કોબીચ** સ્ત્રી. કોબી, એક શાકભાજી
A kind of vegetable

**કોયડ્અ** કોડિયું
A wick-pot

**કોયની** સ્ત્રી. એક રોગ
A kind of disease

**કોયનૉ** ન. કોયલ
A cuckoo

**કોયાન** સ્ત્રી જુઓ 'કોયનૉ'
See 'koyno'

**કોરાટ** સ્ત્રી. ન્યાય કચેરી
A court of law

**કોરાલંલંયૉ** ન. એક વૃક્ષ
A kind of tree

**કોલ** પુ. મોટો ઉંદર
A big mouse

**કોલીડગ્ગડ઼ૉ** ન. તરબૂચ
A watermelon

**કોવજાલાણૉ ભાજૉ** ન. એક ભાજી
A kind of leafy vegetable

**કોવજાલૉ** ન. જુઓ 'કોરાલંલંયૉ'
See 'kora̱l̈lyo'

**કોવલૅ** ન. ( બ. વ ) કોળાં
Gourds

**–ગૂલંયૅ** ન. ( બ. વ. ) ગળ્યાં કોળાં
Sweet gourds

**–દેવ** ન. (બ. વ) સાધારણ મીઠાં કોળાં
Gourds which are not very sweet

**–ભૂંય** ન. ( બ. વ. ) ભોંય કોળાં
Kind of gourds

**–ભૂવરૅ** ન. ( બ. વ. ) ભૂરાં કોળાં (આ કોળાંનો ગર્ભ મીણો ઉતારવામાં દવા તરીકે કામ આપે છે.)
Brown gourds (The kernel of this gourd is used as a medicine)

**કોહો** પુ. કોશ
A moat

**કોનૉ** ન. જુઓ 'કોન્નૉ'
See 'ko·no'

**કૉન્નૉ** ન. પગમાં પહેરવાનું એક ઘરેણું, કડલું
A kind of heavy anklet

**કૉન્વાત** સ્ત્રી. કહેવત
A proverb



## ખ

**ખખીડ઼વૉ** ક્રિ. ખખડવું
To rattle

**ખખીલવૉ** ક્રિ. ખખડવું ( ઘૂઘરા વગેરે )
To tinkle

**ખચીટો** પુ. લંગોટી
A loin cloth

**ખચીટૉ** ન. ચોધરી સ્ત્રીઓ પહેરે છે તે ટૂંકું લૂગડું
A lower garment of a Chodhri woman

**ખટો** પુ. ખૂંટો
A big peg

**ખટૉ** ન. ઝાડનું ઠૂંઠું
A dead tree

**ખટ્ઠૉ** ન. ઘંટી
A grinding mill

**ખતરો** પુ. પાળિયો
A memorial stone

**ખતાર** ન. ખાતર
Manure

**–નાખવૉ** ક્રિ. ખાતરવું
To manure

**ખપરૅ** ન. ( બ. વ. ) કપાસ, જુવાર વગેરેનાં ઠૂંઠાં
Cotton and Juwar stumps

**–ખોદવૅ** ક્રિ. ઠૂંઠાં ખોદવાં
To dig out the stumps

**ખપીર઼** વિ. ગંદું
Filthy

**ખબાર** સ્ત્રી ખબર
Information

**–નીં હોવી** ક્રિ. ખબર નહીં હોવી
Not to have any information

**ખબૉ** ન. ખભો
A shoulder

**ખરાચ** ન. ખર્ચ
Expenditure

**ખરાટૅ** ન. ( બ. વ. ) તુવેરનાં સૂકા સાંઠા
Dry stalks of Tuver plant

**ખરાટૉ** ન. તુવેરની કરાંઠીમાંથી બનાવેલો સાવરણો
A broom made of dry twigs of Tuver plant

**ખરજઅ** ન. ખરજવું
Eczema

**ખરસ઼ાણી** ન. ડીંડલિયો થોર
A kind of cactus

**ખરસીણૉં** ન. જુઓ 'ખરસાણી' See 'kharxāṇi'

**ખલ** ન. મધપૂડામાંની પીળાશ વાળી પટ્ટી ( આ ખાવાથી મીણો ચડે છે. ) Yellowish part in a honey–comb (it is a bit intoxicated)

**ખવલૉં** ન. એક પ્રકારની માછલી A kind of fish

**ખસ્વૉં** ક્રિ. ખસવું To move

**ખસીડ્વૉં** ક્રિ. ખસેડવું To remove

**ખુંહુ** સ્ત્રી. ખાંસી Cough

**ખુન્દાણું** ન. પહેલવેતરી ગાય A cow having her first progeny

**ખુન્દૉ** ન. બળદની ખાંધ Neck of an ox

**ખુપ** પુ. સ્ત્રી. ખપ Need

**ખુપનૉં** ન. માટીનો પોપડો A piece of detached crust

**ખુલ** પુ. ખોળ Oil-cake

**ખુલૉં** ન. ખળું A thrashing floor

**ખાકખૉં** ન. જુઓ 'કાકખૉ' See 'kaṅkho'

**ખાખરૉં** ન. કેસૂડો, ખાખરો The flame of the forest

**ખાડ્કૉં** ન. જુઓ 'કાકખૉ' See 'kaṅkho'

**ખાચ** સ્ત્રી. જુઓ 'કાસ' See 'kās'

**ખાજીવવૉં** ક્રિ. ખણવું To itch

**ખાટની** સ્ત્રી. ગાડાની આગળના ભાગમાં બંને પડખે રખાતી કાથીની ભરેલી ખાટલી A wooden frame having coir knitted which is attached in the front of a cart



ખાટની

**ખાટનૉં** ન. ખાટલો A cot

**ખાટામ્બડ઼** ન. ( બ. વ. ) એક પ્રકારની ભાજી A kind of leafy vegetable



**ખાટામ્બડ઼ા** ન. એક વૃક્ષ A kind of tree

**ખાટાયનૉ દૂદ** ન. દહીં curd

**ખાટૉ**[1] વિ. ખાટું Sour

**–ઘોલ** ન. લૂણીની ભાજી A kind of leafy vegetable

**–દૂદ** ન. જુઓ 'ખાટાયનૉ દૂદ' See 'khaṭāyno dud'

**–ભાજૉ** ન. ખાટીભાજી A kind of leafy vegetable having sour taste

**ખાટૉ**[2] ન. જુઓ 'કાઠો' See 'kātho'

**ખાડી** સ્ત્રી. નદી A river

**ખાડો** પુ. ખાડો A pit

**ખાણ** સ્ત્રી. ખોદીને બનાવેલો ઉકરડો A manure-pit

**ખાણ્ડ**[1] સ્ત્રી. ખાંડ Sugar

**ખાણ્ડ**[2] વિ. અરધું Half

**ખાન્પીડ઼ા** ન. ખાલપો A Tanner

**ખામ્બૉં** ન. કચારીમાંથી પાણી જવાની જગ્યા A small water passage in a bed

**ખાયરૉં** ન. કારિયું ઘાસ A kind of grass

**ખારૉ** ન. મીઠું, નિમક Salt

**ખાલી** વિ. ફોગટ Futile

**–પીલી** વિ. તદ્દન ફોગટ, વ્યર્થ In vain

**ખાવૉ** ક્રિ. ખાવું To eat

**ખાહડ** ન. ( બ. વ. ) પગરખાં, જોડા Shoes

**ખીઆલ** પુ. ખ્યાલ Idea

**ખીજીવવૉં** ક્રિ. ખીજવવું To tease

**ખીન** પુ. કપાસી A skin disease generally found in the sole of the foot

**ખીની** સ્ત્રી. ખીલી; ગાડાની ધરીમાંનો લોખંડનો કે લાકડાનો ખીલો A small nail; a nail in the axle of a cart

**ખીનો** પુ. ખીલો A nail

ખી-ચાલ પુ. જુઓ 'ખીઆલ'
See 'khia̱l'

ખી-યૉ ન. એક પક્ષી, લેલું
A kind of bird

ખૂઙ્ઓ પુ. જુઓ 'કૂઙ્ખૉ'
See 'kuṅkho'

ખૂચવૉ¹ ક્રિ. ખૂંચવું
To prick

ખૂચવૉ² ક્રિ. ડંખવું (જોડા વગેરે)
To pinch

ખૂમટૉ ન. ખતરાં વખતે મુકાતું નાનું માટીનું દેવળ
A small dome made of clay which is placed on an ancestor-stone



ખૂમટૉ

ખૂલાસો પુ. ખુલાસો
Explanation

ખૂસામત કરવી ક્રિ. ખુશામત કરવી
To flatter

ખેખનૉ ન. એક પ્રાણી, ખેખું
A kind of animal

ખેટવૉ પુ. પાની (પગની)
Heel

ખેડ્વૉ ક્રિ. ખેડવું
To till

ખેતવાલ પુ. ખળાનો એક દેવ
A tutelary God

ખેંચ સ્ત્રી. તૂટ, તાણ
Shortage

ખેંચવૉ ક્રિ. ખેંચવું
To drag

ખેકનૉ ન. જુઓ 'ખેખનૉ'
See 'khekhno'

ખેંખનૉ ન. જુઓ 'ખેખનૉ'
See 'khekhno'

ખેંખારવૉ ક્રિ. ખંખેરવું
To shake for getting the dust off

ખેંખીરવૉ ક્રિ. જુઓ 'ખેંખારવૉ'
See 'khekha̱rvo'

ખેંચવૉ ક્રિ. જુઓ 'ખેંચવૉ'
See 'kheNchvo'

ખોંક્ ન. આંબલીના કાતરા
Fruits of Tamarind tree

ખોખ્ ન. લાકડાની પેટી
A wooden box

ખોટ સ્ત્રી ખોટ, નુકસાન
Loss



ખોટી સ્ત્રી. કોઠી
A grain container made of clay

ખોટૉ¹ ન. જુઓ 'ખોટી'
See 'khoṭi'

ખોટૉ² વિ. જૂઠું
False

ખોડ્ સ્ત્રી. ખોડ (ખાંપણ)
Defect

ખોડાવૉ ક્રિ. લંગડાવું
To limp

ખોડીબારૉ ન. ખોડીબારું
An opening in a hedge

ખોદરાવવૉ ક્રિ. (ગાય) સાંઢે લઈ જવી
To show a bull

ખોદવૉ ક્રિ. ખોદવું
To dig

ખોદીડ્વૉ ક્રિ. તગડવું (કૂતરા વ.ને)
To drive out (as dogs etc.)

ખોદૂડ્વૉ ક્રિ. જુઓ 'ખોદીડ્વૉ'
See 'khodiṛvo'

ખોન્ગ્ ન. ૧. ખોળિયું
A cover
૨. કપડું વાળી, બે છેડા બાંધી બનાવેલી ઝોળી
A cloth-swing for a baby



ખોન્ગ

ખોલૉ ન. ખોળો
A fold of an upper garment made to hold something

ખો-વૉ ક્રિ. ખોવું
To lose

ખોલ્વો ન. ઓહલો, પાક લઈ લીધા પછી ખેતરમાં રહી જતાં દાણા, શીંગ, વગેરે
Crop residues in the field

–કરવૉ ક્રિ. ઓહલો કરવો
To collect crop-residues

ગ

ગચીલવૉ ક્રિ. હલબલવું (પાણીની જેમ)
To agitate

ગચૂલવૉ ક્રિ. જુઓ 'ગચીલવૉ'
See 'gachilvo'

ગડસી સ્ત્રી. દાદી, પિતાજીની મા
Grand-mother

ગડારા ન. સાટો કાઢી નાખેલું ગાડું
A cart having its body removed

ગ-ડી-આ સ્ત્રી. માની મા
Mother's mother

ગ-ડી આયા સ્ત્રી. જુઓ 'ગ-ડી-આ'
See 'ga.di-a'

ગહૅણૉ પુ. ગુરુવાર
Thursday

**ગણ્ઠી** સ્ત્રી. જુઓ 'કણ્ઠી'
See 'kaṇṭhi'

**ગન્ધાક** ન. ગંધક
Sulphur

**ગમવૉ**[1] ક્રિ. ગમવું
To like

**ગમવૉ**[2] ક્રિ. ચાહવું
To love

**ગયાનૉ** ન. ઘર બાંધવાની પહેલી થાંભલી
The first pole in the structure of a house

**ગરમી** સ્ત્રીં. ગરમી
Heat

**ગરમૉ** ન. એક પ્રકારનો વાટકો
A kind of bowl

**ગરાડ઼અ** ન. ગાડાવાટ
Cart-track

**ગરીલૉ** ન. એક ઘાસ
A kind- of grass

**ગલવૉ** ક્રિ. ચૂવું, ગળવું,
To leak

**ગલાસ** ન. પ્યાલું
A cup

**ગલીઠ્અ** ન. બળદ પલોટવાનું એક સાધન
An implement which is used in training young bullocks in yoking

**ગલૂઠ્અ** ન. જુઓ 'ગલીઠ્અ'
See 'galiṭhaᵃ'

**ગલૉ** ન. ગળું
Throat

**–બેસ઼વૉ** ક્રિ. ગળું બેસવું
To have sore throat voice

**ગલ્દા કુ઼રવી** ક્રિ. ઘચરકાં ખાવાં
To get sour eructations

**ગ઼ઊ** પુ. (બ. વ.) ઘઉં
Wheat

**ગ઼ટ્ઠ્અ** ન. મોટી કોડી, દાણિયો
A big cowry

**ગ઼ડો બા** પુ. દાદો, બાપનો બાપ
Grand-father

**–બાપો** પુ. જુઓ 'ગ઼ડો બા'
See 'ga.do bā'

**ગ઼ણવૉ** ક્રિ. ગણવું
To count

**ગ઼દારો** પુ. ઘામ, બફારો
Warmth

**ગ઼પ** સ્ત્રી. ગપ્પું
A gossip

**ગ઼પૅ મારવૅ** ક્રિ. ગપ્પાં મારવાં
To gossip

**ગ઼રમૉ** ન. જુઓ 'ગરમૉ'
See 'garmo'

**ગ઼રાજ** સ્ત્રી. ગરજ
Self-interest

**ગ઼લાઠ્અ** ન. જુઓ 'ગલીઠ્અ'
See 'galiṭhaᵃ'



**ગ઼લ્ગોટો** પુ. એક ફૂલ
A kind of flower

**ગાગદ્દૅ** ન. (બ. વ.) એક પ્રકારનાં ફૂલો (આ ફૂલો રાંધી ખવાય છે.)
A kind of edible flowers

**ગાગદૉ** ન. એક વૃક્ષ
A kind of tree

**ગાગાર** સ્ત્રી. ગાગર, પાણીનું માટલું
A pitcher

**ગાડ્ગડ઼ૅ** ન (બ.વ.) શીંગોડાં
Water-nuts

**ગાડ્ગીરવૉ** ક્રિ. ચકચક કરવું (ચકલી વગેરેનું)
To chirp

**ગાઠ** સ્ત્રી. ગાંઠ
A knot

**ગાડલૉ** ન. ગાડું
A cart

**ગા'ડ઼વૉ** ક્રિ. ખોડવું (થાંભલો વગેરે)
To erect (**a** pole)

**ગા'ડ઼ાવૉ** ક્રિ. પુરાવું
To be filled

**ગાડ઼ી** સ્ત્રી. આગગાડી
A train

**ગાતરી** સ્ત્રી. એક પ્રકારની કપડાની ગાંઠ
A kind of knot in the upper garment

**ગાબજીવૉ** ક્રિ. ગરભાઈ જવું (છોડનું)
To be withered in early stage of growth (as of plant)

**ગાબણો હૉવૉ** ક્રિ. ગાભણી થવું (ગાય ભેંસ વગેરેનું)
to bear

**ગામતડ઼ા** ન. ગામીત પુરુષ (તુચ્છ)
The male of Gāmit tribe (contem.)

**ગાચ્ટ્ટૂ** ન. ઢોરને બાંધવા માટે દોરડાંની સાથે છેડે રહેતો લાકડાનો ટુકડો
A wooden piece fastened at the end of a rope which is used in tying animals



ગાચ્ટ્ટૂ

**ગાર્ન્ટ્ઠ઼** ન. ગાંઠિયો (હળદર વગેરેનો)
A turmeric bulb

**ગાર** સ્ત્રી. ૧. લીંપણુ માટેની તૈયાર કરેલી માટી
A mud mixture prepared for plastering
૨. ચકમકનો પત્થર
A flint
૩. ખેરના લાકડામાંનો અંદરનો નક્કર ભાગ
Inner hard part in the trunk of the Kher tree

**ગાલ** સ્ત્રી. ગાળ
An Abuse

**ગાલવૉ** ક્રિ. ગાળવું
To strain

**ગાવડ઼ા** ન. ગાય
A Cow

**ગાવૂલ કરવી** ક્રિ. રોપણી માટે પાણી વાળી ક્યારી ખેડવી
To puddle

**ગાવૉ** ક્રિ. ગાવું
To sing

**ગીરમાલૉ** ન. ગરમાળો
A kind of tree

**ગી·દ્દાવૉ** ન. એક પ્રકારનો દર્ભ
A kind of grass

**ગીલવૉ** ક્રિ. ગળવું
To emaciate

**ગૂઙ્ગીણુવૉ** ક્રિ. ગણગણવું
To hum

**ગૂઙ્ગૉ** વિ. મૂગું
Dumb

**ગૂચાવૉ** ક્રિ. ગૂંચાવું
To entangle

**ગૂણ્યૉ** ન. કોથળો
A sack

**ગૂ·ડ઼ીનૉ** ન. એક પક્ષી
A kind of bird

**ગૂડ઼ીન્અૉ** ન. જુઓ 'ગૂ·ડ઼ીનૉ'
See 'gu·ṛino'

**ગૂથવૉ** ક્રિ. ગૂંથવું
To knit

**ગૂનેગાર હોવૉ** ક્રિ. ગુનેગાર હોવું
To be guilty of

**ગૂન્દડ઼ા** ન. ચીડો, ગુંદડો ઘાસ
A kind of grass

**ગૂન્દાવૉ** ક્રિ. ગંધાવું
To stink

**ગૂન્દીરૉ** વિ. ઓખર કરનારું (ઢોર)
A cattle who has a habit of eating human excreta

**ગૂન્દૅ** ન. (બ. વ.) ગુંદાં
Kind of berry like fruits

**ગૂન્દૉ** ન. ગુંદાનું ઝાડ
A kind of tree

**ગૂમ્બડ઼ા** ન. ગૂમડું
A emaeiate



**ગૂરકાવૉ** ક્રિ. ગૂંગળાવું
To be stifled

**ગૂલ** પુ. ગોળ
Jaggery

**ગૂલા દેવી** ક્રિ. બચી કરવી
To kiss

**ગૂલાબ** ન. ગુલાબ
Rose

**ગૂલૂબ** પુ. વીજળીનો ગોળો
An electric bulb

**ગૂલૉ** વિ. ગળ્યું
Sweet

**ગૂંલ્લૅયૉ**[1] ન. દહીં
Curd

**ગૂંલ્લૅયૉ**[2] વિ. જુઓ 'ગૂલૉ'
See 'gulo'

**ગૂવરાયૉ** ન. ગવાર શિંગ
A cluster bean

**ગૅદડ઼ો** પુ. ગધેડિયો વાઘ
A kind of wild animal

**ગૅદ્દીડ઼ો** પુ. જુઓ 'ગૅદડ઼ો'
See 'gedṛo'

**ગૅટલ઼** ન. ગોટલો
A seed in a fruit

**ગૅલૉ** પુ. એક પ્રકારની દૂધી
A kind of vegetable

**ગોખનો** પુ. ગોખલો
A niche

**ગોખરા** ન. (બ. વ.) ખરિયાં, ઢોરનાં કાદવમાં સુકાયેલાં પગલાં
Foot-prints of cattle when dried in swamp

**ગોટી** સ્ત્રી. એક છોડ
A kind of plant

**ગોઠૂવવૉ** ક્રિ. ગોઠવવું
To arrange

**ગોઠા** પુ. માળો
A nest

**ગોડ઼વૉ** પુ. ઢોરની મોરડી
A net which is to be tied on the mouth of cattle to prevent them from eating, biting, etc.

**ગોતાર** ન. ખાણુ
cattlefeed

**ગોદડૉ** ન. ગોદડું
A quilt

**ગોદ્દૉ** પુ. ગોધો
A bull

**ગોઘો** પુ૦ ગોદો
A thrust of a finger

**ગોનૉ** ન. ૧. ઘાસ પર ભરડો લેવામાં વપરાતું દોરડા સાથે બંધાતું ગરગડી જેવું સાધન
A kind of wooden pulley fastened to the rope used in tying stacks etc., in the cart



ગોનૉ ૧.

૨. હળની સગન
A nail fixed to the pole of a plough

**ગોફણૉ** સ્ત્રી. ૧. ગોફણ
A sling
૨. એક ઘરેણું
A kind of hair ornament

**ગોફાણ** સ્ત્રી. જુઓ 'ગોફણૉ' નો અર્થ ૧
See meaning 1 under 'gophṇo'

**ગોબીચ** સ્ત્રી. કોબીજ
Cabbage

**ગોરબાવલૉ** ન. એક વૃક્ષ
A kind of tree

**ગોલાટવૉ** ક્રિ. મારવા માટે ફેંકવું
To throw to beat

**ગોલી** સ્ત્રી. ૧. છાશની ગોળી
A churning pot of clay
૨. બંદૂકની ગોળી
A bullet

**ગોલો** પુ. ગોફણ માટેનો પથ્થર
A stone used in a sling

**ગોલૉ** ન. ગોળો, માટીનું માટલું
An earthen water pot

**ગોવાલ** પુ. ગોવાળ
A cowherd

**–મેકૉ** ન. એક વૃક્ષ
A kind of tree

**ગોવાલણ** સ્ત્રી. ગોવાલણ
A cowherdess

**ગોવાલ્યૉ પોહો** પુ. પરણવા લાયક યુવાન
A youth of a marriageable age



**ગોવરૉ** ન. હળના આગળના ભાગમાં રહેલો ધૂંસરી બાંધવા માટેનો લાકડાનો ખીલો
A wooden nail to the plough to which yoke is to be attached



ગોવરૉ ↗

**ઘટઓ·રૉ** ન. ઘટબોર
A kind of tree

**ઘટવૉ** ક્રિ. ઘટવું
To decrease

**ઘટ્ટય** ન. ઘંટી
A grinding-mill

**ઘણૉ** વિ. ઘણું
Much

**–હોવૉ** ક્રિ. ઘણું હોવું
To abound

**ઘડી વાલવી** ક્રિ. ઘડી વાળવી
To fold

**ઘડો** પુ. ધાતુનો ઘડો
A metallic pitcher

**ઘર** ન. ઘર
A house

**ગોહરૉ** સ્ત્રી. એક જાતિ
A caste

**ગૉંવાલ્યૉ** ન. એક છોડ
A kind of plant

**ગૉડૉ** વિ. ઘરડું
Old

**ગૉણ્ડૉ** વિ. અળવીતરું
Mischievous

**ઘ**

**ઘરચીડ઼ૉ** ન. ચકલી
A sparrow

**ઘરસટવૉ** ક્રિ. એક રસ કરવા માટે હલાવવું
To stir

**ઘસ઼વૉ** ક્રિ. ઘસવું
To rub

**ઘસડ઼વૉ** ક્રિ. ઘસડવું
To drag

**ઘસીડ઼વૉ** ક્રિ. જુઓ 'ઘસડ઼વૉ'
See 'ghaxaṛvo'

**ઘસૂડ઼વૉ** ક્રિ. જુઓ 'ઘસડ઼વૉ'
See 'ghaxaṛvo'

**ઘ઼ડગડ઼ૉ** ન. વરસાદમાં ઓઢાતું તાડમાંથી બનાવેલું એક સાધન
A rain protector made of bamboo strips



ઘ઼ડગડ઼ૉ

**ઘ઼રાક** ન. ગ્રાહક
A customer

**ઘ઼રાવાલી** સ્ત્રી. પત્ની
Wife

**ઘાંસ઼વૉ** ક્રિ. ઠાંસવું
To stuff

**ઘાંહીવડ઼** પુ. એક પક્ષી
A kind of bird

**ઘાટણી** સ્ત્રી. ઘંટડી
A bell

**ઘાચડ઼ૉ** ન. ઘાંચી (તુચ્છ.)
A male of Ghanchi caste (contem.)

**ઘારૉ** ન. ચણા, વગેરેનો પોપટો
A pod of gram etc.
૨. ઘોઘરો, નળગોટો
Throat
૩. બૂમ, સાદ
A call
૪. મોં પહોળું કરીને દવા લગાડાય છે તે ક્રિયા
A typical act of applying medicine by getting the mouth wide open

**ઘાણીવડ઼** ન. એક પક્ષી
A kind of bird

**ઘાબરાવૉ** ક્રિ. ગભરાવું
To be frightened

**ઘાયતેન** ન. ઘાસતેલ
Kerosene

**ઘાયૉ** ન. ઘાસ
Grass

**ઘાષ્ટ** પુ. ૧. બે ડુંગર વચ્ચેથી પસાર થતી કેડી
A narrow pass
૨. ધોધની જેમ જ્યાં પાણી પડતું હોય તેવી જગ્યા
A place where water falls from height

**ઘીહી** સ્ત્રી. ઘી
Ghee



**ઘીહીરૉ** ન. બળદ પલોટવા માટેનું સાધન
An implement by which young bullocks are trained for yoking

**ઘૂચાટવૉ** ક્રિ. ધુંબેધુંબે મારવું
To box

**ઘૂટણ઼** ન. ગોઠણ, ઘૂંટણ
Knee

**ઘૂરકીવૉ** ક્રિ. ઘૂરકવું
To growl

**ઘેટ઼ૉ** ન. ઘેટું
A sheep

**ઘેતકીનાવૉ** ક્રિ. ભયસૂચક ચિકારવું (જેમ કે વાંદરાઓનું)
To scream (as a signal of danger)

**ઘેનવૉ** ક્રિ. ઘાલવું
To push into

**ઘોંચવૉ** ક્રિ. ઘોંચવું
To prick

**ઘોડ઼ાગાલ્લી** સ્ત્રી. ઘોડાગાડી
A horse carriage

**ઘોડ઼ો** પુ. ઘોડો
A horse

**ઘોનઅ** ન. ઘરની આગળનો એક બાજુનો વધારેલો ભાગ
Extended part of a house

**ઘોન્નો** પુ. વરસાદ પડતાં આપોઆપ ઊગી નીકળતો ચણા, વાંસ, વગેરેનો કુમળો છોડ
A small plant which comes out immediately after rainfall

**ઘોલવૉ** ક્રિ. સૂપડું ડાબા જમણી હલાવવું
To move a winnowing basket left and right between the two hands

**ઘોલાવૉ**[1] ક્રિ. અંદર ભરાઈ રહેવું
To confine oneself at home

**ઘોલાવૉ**[2] ક્રિ. ઓવારે કાઢી નાંખવું
To be thrown off the water

**ઘૉન્ધવૉ** ક્રિ. ગોંધવું
To confine

## ચ

**ચચડ઼ાવવૉ** ક્રિ. ખખડવું (પાંદડાં વગેરેનું)
To rattle

**ચડ઼ાવવૉ** ક્રિ. ચડાવવું
To raise

**ચણાણૉ ભાર્જૉ** ન. ચણાના કુમળા છોડની ભાજી
A kind of leafy vegetable

**ચમાચ** ન. ધાતુનો ચમચો
A spoon

**ચમ્કીવૉ** ક્રિ. ચમકવું
To shine

**ચમ્ચ્** ન. જુઓ 'ચમાચ'
See 'chamāch'

**ચમ્પાણું જાડ્** પુ. ચંપો
A kind of tree

**ચમ્પાલૅ** ન. (બ. વ.) ચંપલ
Chappals

**ચમ્પો** પુ. ચંપો
A kind of tree

**ચમ્હ્લ્અ** ન. જુઓ 'ઈન્ઢણી'
See 'inḍhṇi'

**ચરચીવૉ** ક્રિ. ચર્ચવું
To discuss

**ચરબી** સ્ત્રી. ચરબી
Fat

**–ચ઼ડવી** ક્રિ. ચરબી ચડવી
To be arrogant

**ચરબૉ** ક્રિ. પાણીનું માટલું
A water pitcher

**ચરવૉ** ક્રિ. ચરવું
To graze

**ચલકીવૉ** ક્રિ. ચળકવું
To glitter

**ચલકૂવૉ** ક્રિ. જુઓ 'ચલકીવૉ'
See 'chalkivo'

**ચવવો** પુ. પગની પાછળના ભાગમાં આપોઆપ થતો ફોલ્લો
A kind of boil emerging at the ankle

**ચવાડો** પુ. ઘાસ રાખવાનું સ્થળ
A storing place for grass

**ચવડ્** ન. ચવડું (હળનું)
A wedge of a plough

**ચ઼કલો** પુ. કૂવામાંથી પાણી કાઢવાની એક યાંત્રિક વ્યવસ્થા
A device for drawing water from a well

**ચ઼ગીડ઼ો** ન. ચોઘડિયું
A period of 96 minutes

**ચ઼ડવૉ** ક્રિ. ચડવું
To climb

**ચ઼ડી બેહવૉ** ક્રિ. છાતી પર ચડી બેસવું
To sit on one's chest by knocking the person down

**ચ઼પટૉ** વિ. ચપટું
Flat

**ચાંદરૉ** વિ. સફેદ ટીલાંવાળું (ઢોર)
White spotted (cattle)

**ચાંદીન્નૉ** ન. ચાંદની
Moonlight

**ચાંદો** પુ. ચાંદો
Moon

**ચાઈ** સ્ત્રી. ચા
Tea



**ચાકલો** પુ. જુઓ 'ચ઼કલો'
See 'caklo'

**ચાખણૉ** ન. રાંધેલું માંસ
Cooked mutton

**ચાખવૉ** ક્રિ. ચાખવું
To taste

**ચાચડ઼ો** ન. ચાંચ
Beak

**ચાચવૉ** પુ. ખોદવા માટેનું કોદાળી જેવું એક સાધન
A kind of hoe

**ચાન** સ્ત્રી. ચાલ
Gait

**ચાનવૉ** ક્રિ. ચાલવું
To walk

**ચાનાવવૉ** ક્રિ. ચલાવવું
To make to walk

**ચાની જાવૉ** ક્રિ. ચાલ્યા જવું
To get out

**ચાનીવવૉ** ક્રિ. હલાવવું (ભાત, વગેરે)
To move a ladle into (e.g. in rice)



ચાચવૉ

**ચાટણૉ** ન. ચટણી
Chutney

**ચાટવૉ**[1] ન. શાક, ભાત, વગેરે લેવા માટેની લાકડાની કડછી
A wooden ladle

**ચાન્દગરેણૉ** ન. ચંદ્રગ્રહણ
Lunar eclipse

**ચામાડ઼તોડ઼અ** ન. ચામાચીડિયું
A bat

**ચામ્બડ઼ો** ન. ચામડું
Leather



ચાટવૉ

**ચાટવૉ**[2] ક્રિ. ચાટવું
To lick

**ચાટૉ** વિ. હરાયું (ઢોર)
Unbridled

**ચાદાર** સ્ત્રી. ચાદર
A bed-sheet

**ચામ્બાડ઼તોરૉ** ન. બોરડી વર્ગનું એક નાનું વૃક્ષ
A kind of thorny bush

**ચારડ઼ો** વિ. ચાડીચુગલી કરનારું
Back-biter

**ચારસૉ** ન. ચોરસો
A cloth-sheet

**ચારૂ** પુ. ઢોરનો ચારો
Fodder

**ચાલવૉ** ક્રિ. ચાળવું
To sift

**ચાલાણ** સ્ત્રી. ચાળણુ (લોટ, વ. નું)
Residue which remains after sifting flour etc.

**ચાલીવવૉ** ક્રિ. જુઓ 'ચાનીવવૉ'
See 'chānivvo'

**ચાલો** પુ. નૃત્યમાં બદલાતી જુદી જુદી ચાલ, ચાળો
A style of stepping in a dance

**ચાલ્લી** સ્ત્રી. ચાળણી (વાંસની બનાવેલી હોય છે.)
A sieve (It is made of bamboo)



ચાલ્લી

**–લ્લૉ** ન. ચાળણો
A big sieve

**ચાવવૉ** ક્રિ. ૧. ચાવવું
To chew
૨. કરડવું
To bite
૩. કઢવું (જોડા વગેરેની જેમ)
To pinch (as a shoe)

**ચાવી** સ્ત્રી. ચાવી, કૂંચી
A key

**ચીંભૂડ઼** ન. કાપેલા સાંઠાની પૂળી
A bundle of cut stalks

**ચીક** ન. ઝાડનું ક્ષીર
White sap of plant

**ચીકણાવૉ** ક્રિ. લપસવું
To slip

**ચીકણૉ¹** ન. માછલીની એક જાત
A kind of fish

**ચીકણૉ²** વિ. લીસું
Smooth

**ચીઙ્ગનો** પુ. અંગારો
An ember

**ચી ગીન્નો** પુ. 'જુઓ ચીઙ્ગનો'
See 'chiṅgno'

**ચીચીરવૉ** ક્રિ. ગભરાઈ ને ચીસ પાડવી
To make a frightening call

**ચીજ** સ્ત્રી. ચીજ
A thing

**ચીઠી** સ્ત્રી. ચીઠી
A chit

**ચીટ્ઠૉ** સ્ત્રી. જુઓ 'ચીઠી'
See 'chiṭhi'



**ચીડ઼ી** સ્ત્રી. ચકલી
A sparrow (female)

**ચીતલૉ** ન. ચિત્તો
A leopard

**ચીડ઼ો** પુ. કપડાંનો લીરો
A strip of cloth

**ચીડ઼ૉ** ન. જુઓ 'ચીડ઼ી'
See 'chiṛi'

**ચીથર઼** ન. ચીંથરું
A rag

**ચીન્દ઼** ન. છછુંદર
A shrew mouse

**ચીપટી** સ્ત્રી. ચપટી
A pinch

**ચીપડ઼ાયનૉ** વિ. નંખાઈ ગયેલું
Chapfallen, dispirited

**ચીપડ઼ૉ** પુ. ૧. કપાસના છોડ ઉખેડવા માટેનો લોખંડનો ચીપિયો
A cotton fork
૨. દાઢીના વાળ ખેંચી-કાઢવાનું એક સાધન
A fork used in shaving beard

**ચીપીટૉ** ન. તવેથો
A bladed iron tool used in turning brades while baking

**ચીપૂટૉ** ન. જુઓ 'ચીપીટૉ'
See 'cipiṭo'

**ચીબડ઼ૉ** ન. ચીભડું
A musk-melon

**–વર્સાલ્યૉ** ન. વરસાદી ચીભડું
A musk-melon which grows in monsoon

**–સીયાલ્યૉ** ન. શિયાળુ ચીભડું
A musk melon which grows in winter

**ચીબદીવૉ** ક્રિ. રસ કાઢવા માટે દાબવું
To squeeze

**ચીબીદવૉ** ક્રિ. જુઓ 'ચીબદીવૉ'
See 'chibdivo'

**ચીમદીવૉ** ક્રિ. જુઓ 'ચીબદીવૉ'
See 'chibdivo'

**ચીમની** સ્ત્રી. પોટો
Chimney of a lantern

**ચીમીટૉ** ન. કાચો વાંસ
An unriped bamboo

**ચીમૂટૉ** ન. જુઓ 'ચીમીટૉ'
See 'chimiṭo'

**ચી·ર** સ્ત્રી. ચીર (જેમ કે ચીભડાંની)
A slice (as of muskmelon)

**ચીરકીવૉ** ક્રિ. ચરકવું
To discharge slimy foecal matter

**ચીરવૉ** ક્રિ. ૧. ચીરવું
To tear
૨. સુધારવું (શાક)
To cut (vegetables)

**ચીરમીઠ઼**[1] સ્ત્રી. ફાનસ વગેરેની વાટ
A wick

**ચીરમીઠ઼**[2] ન. ચામાચીડિયું
A bat

**ચીરમીઠૉં** ન. જુઓ 'ચીરમીઠ઼'
See 'chirmiṭha 1-2'

**ચીરૅ** ન. એક પક્ષી
A kind of bird

**ચીસ઼ી** સ્ત્રી. ચીસ
Cry

**–પાડ઼વી** ક્રિ. ચીસ પાડવી
To cry

**ચીહીટૉ** વિ. કંજૂસ
Miser

**ચૂકવૉ** ક્રિ. ચૂકવું
To miss

**ચૂકીવવૉ** ક્રિ. ચુકાવવું
To pay

**ચૂચણાણૉં ભાજૉ** ન. ચૂચકાની ભાજી
A kind of leafy vegetable

**ચૂચડ઼ૉ** ન. એક વનસ્પતિ
A kind of vegetation

**ચૂચીણવૉ** ક્રિ. ઝબકી જઈને ચિત્કાર કરી ઊઠવું
To cry out of fear

**ચૂચીરવૉ** ક્રિ. જુઓ 'ચૂચીણવૉ'
See 'chuchiṇvo'

**ચૂનૉ** પુ. ૧. ચૂનો
Lime
૨. ચૂલો
An oven

**ચૂન્નૉ** ન. ખારો ઓડકાર
A belching having salty taste

**ચૂસ઼વૉ** ક્રિ. ચૂસવું
To suck

**ચૂહૂબાવૉ** ક્રિ. જુઓ 'ચૂસ઼વૉ'
See 'chuxvo'

**ચેતકાયનૉં** વિ. અળવીતરું
Mischievous

**ચેતીવવૉ** ક્રિ. ચેતવવું
To warn

**ચેતૂવવૉ** ક્રિ. જુઓ 'ચેતીવવૉ'
See 'chetivvo'

**ચેતવૉ** ક્રિ. ચેતવું
To beware

**ચે·રૉ** ન. જુઓ 'ચીરૉ'
See 'chiro'

**ચેહકાયનૉં** વિ. તોફાની
Mischievous



**ચેહકાયવાલૉ** વિ. જુઓ 'ચેહકાયનૉં'
See 'chehkāynoN'

**ચોખૉ** વિ. ચોખ્ખું
Clean

**–કરવૉ** ક્રિ. ચોખ્ખું કરવું
To clean

**ચોટ** સ્ત્રી. નિશાન
Target

**ચોટકાલી** સ્ત્રી. ઝાડની ઊંચામાં ઊંચી ટોચ
Highest top of a tree

**ચોટકી** સ્ત્રી. જુઓ 'ચોટકાલી'
See 'choṭkāli'

**ચોટનૉ** ન. ચોટલો
Braid of hair

**–ગૂંથવૉ** ક્રિ. ચોટલો વાળવો
To braid hair

**ચો·ટીદાર** વિ. નિશાનબાજ
A marksman

**ચો·ડી આપવૉ** ક્રિ. ચોડવું (થપ્પડ, વગેરે)
To slap

**ચોરવૉ** ક્રિ. ચોરવું
To steal

**ચોલવૉ** ક્રિ. ચોળવું
To rub

**ચોહારી** અ. ચોતરફ
On all sides

**ચૉં·ટાડ઼વૉ** ક્રિ. ચોંટાડવું
To affix

## ચ઼

**ચ઼ગીડ઼વૉ** ક્રિ. ઝગડવું
To quarrel

**ચ઼ટ** અ. જલદી, ઉતાવળથી
Swiftly

**ચ઼પીટવૉ** ક્રિ. ઝાપટવું
To beat heavily

**ચ઼ાચ઼ૅ** ન. (બ.વ.) ઝાંઝર
Anklets

**ચ઼ાખલૉ** ન. ઝાકળ
Dew

**ચ઼ાખૉ** વિ. ઝાંખું
Dim

**ચ઼ાડ઼ી** સ્ત્રી. જંગલ
Jungle

**–મૂલી** સ્ત્રી. ઔષધ, ઝાડપાનનાં મૂળિયાં
Roots of medicinal plants

**ચ઼ાપો** પુ. ઝાંપો
A gate

**ચ઼ાબ** સ્ત્રી. નીચાણની જમીન
Low-levelled land

**ચ઼ારવૉ** ક્રિ. ગાળવું (પાણી વગેરે)
To filter

**ચ઼ારો** પુ. પાણી ગાળવાનું કપડાનું ગળણું
A piece of cloth used in filtering water

**ચાલ** સ્ત્રી. ૧. અગ્નિની ઝાળ
Flame
૨. લૂ
Hot wind

**ચાલીટૉ** જુઓ 'ચાલ'નો અર્થ ૧
See the meaning 1 under 'chāl'

**ચાલાવૉ** ક્રિ. સળગી જવું
To burn

**ચાલ્લયૅ** ન. (બ. વ.) ગાડાંની આગળ બાંધવાનાં ગૂંથેલાં જાળિયાં
A bamboo frame knitted by string which is attached to the front of a cart

**ચીણૉ** વિ. ઝીણું
Tiny

**ચૂડ઼વૉ** ક્રિ. ઝૂડવું
To beat heavily

**ચૂપડ઼ો** ન. ઝૂંપડું
A hut

**ચૂમખૉ** પુ. ઝૂમખું
A cluster

**ચેરખીનૉ** ન. તાંદળજો
A kind of leafy vegetable

**ચોણ્ડો** પુ. ધજા, ઝંડો
A small flag

**ચોલૉ** ન. ૧. નીચાણની જમીન
A low levelled land
૨. બાળકને સુવડાવવા માટેની ઝોળી
A wallet used in swinging a child

## છ

## જ

**જડ્ગાલ** ન. જંગલ
A jungle

**જજીલવૉ** ક્રિ. માર મારવો
To beat

**જડ઼ીબૂટી** સ્ત્રી. જડીબુટી
A magical thing

**જડ઼ીમૂટી** સ્ત્રી. જુઓ 'જડ઼ીબૂટી'
See 'jaṛibuṭi'

**જનસ઼ાઈ** સ્ત્રી. જનોઈ
A sacred thread

**જનામ** પુ. જન્મ
Birth

**જનાવર** ન. જાનવર
An animal

**જબાક** સ્ત્રી. જવાબ
Reply



**-આપવૉ** ક્રિ. જવાબ આપવો
To reply

**જમરીખ઼** ન. જમરૂખનું ઝાડ
A guava tree

**જમ્બરીખ઼** ન. જુઓ 'જમરીખ઼'
See 'jamrikha'

**જવાબ** સ્ત્રી. જુઓ 'જબાક'
See 'jabāk'

**જણૉ** ન. જણ, વ્યક્તિ
A person

**જડ઼વૉ** ક્રિ. જડવું
To find

**જત્ર઼** અ. જેટલું
As much

**જત્રામાં** અ. એટલામાં
In as much as

**જબરૉ** વિ. જબરું
Strong

**જાગવૉ** ક્રિ. જાગવું
To awake

**જાગા** સ્ત્રી. જગ્યા
Place

**જાડ્ગકડિલ** ન. જાંઘ જેટલી ઊંચાઈનો એક છોડ (આનો દવામાં ઉપયોગ થાય છે)
A medicinal plant which grows as high as a thigh

**જાડ્ગડ઼ો** ન. સાથળ, જાંઘ
A thigh

**જાડ્ગૂડ઼ો** જુઓ 'જાડ્ગડ઼ો'
See 'jāṅgṛo'

**જાણ** સ્ત્રી. જાણ, ખબર
Information

**જાણવૉ** ક્રિ. જાણવું
To know

**જાડ઼ો** વિ. જાડું
Fat

**જાતૉ કરવૉ** ક્રિ. જતું કરવું
To let go

**જાન** સ્ત્રી. જાન
A marriage-party of bridegroom

**જાનીવાલ્લયૅ** ન. (બ. વ.) જાનૈયા
Members of marriage party

**જાપાટ** સ્ત્રી. લાપટ
A slap

**જામ** પુ. ધાતુનું પ્યાલું
A cup

**જામણૉ** ન. જામણુંનું ઝાડ
A kind of tree

**જામણૅ** ન. (બ. વ.) જામણાં (જાંબુ જેવાં ફળો)
Fruits of the tree Jāmṇo

**જામવૉ** ક્રિ. જામવું
To freeze

**જારાક** અ. જરાક
A little

**જાલ** સ્ત્રી. ૧. જાળ (માછલીની)
A fishing-net
૨. મુખ્ય મૂળની સાથે લાગેલો નાનાં મૂળિયાંનો જથ્થો
Cluster of tiny roots around the main one

**જાલૉ** ન. હાંડલાં ધોવાનો કૂચો
A fibrous object used in washing cooking pots

**જાવૉ** ક્રિ. જવું
To go

**જીંયાંતીંયાં** અ. જ્યાં ત્યાં
Here and there

**–સૂદી** અ. જ્યાંસુધી
Up to

**જીંયેંતીંયેં** અ. જુઓ 'જીંયાંતીંયાં'
See 'jiyāNtiNyaN'

**જી.યા** અ. જ્યારે
When

**જીયાણે** સર્વ. જેની
Whose

**જીરીક** અ. જરાક
A little

**જીવ** પુ. જીવ
Soul

**જીવડ઼ૉ** ન. નાકનો ગુંગો (ખાસ કરીને બાળકનો)
A crust of slimy matter in the nose

**જૂ.આલી** સ્ત્રી. લાવરી
A kind of bird

**જૂ.આલૉ** ન. જુઓ 'જૂ.આલી'
See 'ju·āli'

**જૂકૉ** ન. ઝોકું
A doze

**જૂગ** સ્ત્રી. આકાશ
Sky

**જૂઠૉ** વિ. જૂઠું
False

**જૂધૉ** વિ. જૂદું, અલગ
Separate

**જૂવડ઼ૉ** ન. જૂ
A louse

**–ઊજલૉ** ન. સફેદ જૂ
A white louse

**જૂવાર** સ્ત્રી. જુવાર
Jowar

**–રીણૅ ચીપૅ** ન. (બ.વ.) જુવારના સાંઠાની ચીપો
Chips of Juwar stalks

**જૂ.વાલૉ** ન. જુઓ 'જૂ.આલી'
See 'ju·āli'

**જૂહર઼** ન. ધૂંસરું
A yoke

**જેડગાલ** ન. જંગલ
Jungle

**જેમણો** વિ. જમણો
Right (hand)



**જેમવૉ** ક્રિ. જમવું
To dine

**જેમો** વિ. જુઓ 'જેમણો'
See 'jemṇo'

**જેર** ન. ઝેર
Poison

**જેલ્લયો** પુ. કેદી
A prisoner

**જેવૉ** વિ. જેવો
Like

**જેહૅં** અ. જેમ
As

**જોકટૉ** ન. જોગી
An ascetic

**જોખવૉ** ક્રિ. જોખવું
To weigh

**જોડ઼વૉ** ક્રિ. જોડવું
To yoke

**જોડ઼** ન. (બ.વ.) જોડા, પગરખાં
Shoes

**જોતૉ** ન. જોતર
A harness

**જોરાવાલ** વિ. જોરાવર
Strong

**જોહર઼** ન. જુઓ 'જૂહર઼'
See 'juhra̤'

ટ

**ટપકીવૉ** ક્રિ. ટપકવું
To drip

**ટપકૂવૉ** ક્રિ. જુઓ 'ટપકીવૉ'
See 'ṭapkivo'

**ટમ્બલૉ** ન. લાકડાનું ઢીમચું
A log

**ટાંયટો** પુ. પગ, ટાંટિયો
A leg

**ટાડગવૉ** ક્રિ. ટાંગવું, લટકાવવું
To hang

**ટાડગાવૉ** ક્રિ. ટિંગાવું
To be hung

**ટાડગો** પુ. બે ઘોડાની ગાડી
A carriage drawn by two horses

**ટાયટો** પુ. જુઓ 'ટાંયટો'
See 'ṭāNyṭo'

**ટાટકૉ** ન. શણિયાનો ટુકડો
A piece of a hessien cloth

**ટામીટૉ** ન. ટામેટું
Tommato

**ટાયામ** પુ., સ્ત્રી. સમય, ટાઇમ (અં.)
Time

**ટાલ** સ્ત્રી. ટાલ
Bald spot on the head

**ટાલવૉ**[1] ન. જુઓ 'ટાલ'
See 'ṭāl'

**ટાલવૉ**[2] ક્રિ. ટાળવું
To avoid

**ટા.લી** સ્ત્રી. તાળી
Clap

**–પાડ઼વી** ક્રિ. તાળી પાડવી
To clap

**ટાલૉ** ન. તાળું
A lock

**ટાલ્લૈયા કૂટવા** ક્રિ. જુઓ 'ટાલી પાડવી'
See 'ṭāli pāṛvi'

**ટાહડ઼ી** સ્ત્રી. એક પક્ષી
A kind of bird usually seen in winter

**ટાહયૉ** ન. પક્ષી પકડવાનું એક સાધન (પીંજરા જેવું)
A bird trap

**ટાહા** પુ., સ્ત્રી. નીલકંઠ પંખી
A kind of bird

**ટાહૂડ઼ા** પુ., સ્ત્રી. જુઓ 'ટાહા'
See 'ṭāhā'

**ટીકામ** પુ. તીકમ
A kind of pick-axe

**ટીઙગાવૉ** ક્રિ. જુઓ 'ટાઙગાવૉ'
See 'ṭāṅgāvo'

**ટીટી સૉંજર્જૉ** ન. એક પક્ષી
A kind of bird

**ટીટૉ** ન. સ્ત્રીની ગુહ્યેન્દ્રિય
Vagina

**ટીઠ઼ડ઼ા** ન. ટીટોડી
A female sand–piper

**ટીડૉ** ન. તીડ
A locust

**ટીના** પુ. ટીલું
A symbolic mark made upon the forehead

**ટીપવૉ** ક્રિ. મારવું
To beat

**ટીપી કાડવૉ** ક્રિ. ખૂબ મારવું
To beat heavily

**ટૂકૉ** વિ. ટૂંકું
Short

**ટૂટવૉ** ક્રિ. ફૂટવું (વાસણ, વ.)
To break (as a pot)

**ટેકીવવૉ** ક્રિ. સંકોરવું (ચૂલામાં લાકડું)
To push firewood into (an oven)

**ટેકૂવવૉ** ક્રિ. ટેકવવું
To support

**ટેકો** પુ. ટેકો
Support

**ટેયરો** પુ. એક પક્ષી
A kind of bird

**ટેવાવૉ** ક્રિ. ટેવાવું
To be used to

**ટેસાન** ન. સ્ટેશન
Station

**ટેરાણૉ ભાજૉ** ન. ટેરાના છોડનાં પાનની ભાજી
A kind of leafy vegetable

**ટોટકા** ન. (બ.વ.) ગલકાં
A kind of vegetable



**ટૉન્કુ** ન. સીધું જાડું લાકડું
A log of wood

**ટોપની** સ્ત્રી. વાંસની લીંપેલી ટોપલી
A basket

**ટોપનૉ** ન. ટોપલો
A big basket

**ટોયારો** પુ. લેલું પક્ષી
The Jungle babbler

**ટોલો** પુ. ટોળું
Crowd

**ટૉટો** પુ. ટંટો, ઝગડો
A quarrel

**ટૉરૉ** ન. કાનનું એક ઘરેણું
A kind of an ear-ornament

**ટૉઠી** સ્ત્રી. પહેરવા તેમ જ ઓઢવા પાથરવા માટેનું પંચિયું
A small Dhoti used as a spread and also in covering body

**ટૉઠો** પુ. ઠૂંઠું (ઝાડનું)
A trunk of a tree or any plant having no branches on it

**ટૉસાટવૉ** ક્રિ. સંભોગ કરવો
To copulate

## ઠ

**ઠગ** પુ. ઠગ
A knave

**ઠપકારવૉ** ક્રિ. ઠપકારવું
To tap

**ઠૂંઠો** વિ. ઠૂંઠું
One who is deprived of a hand

**ઠાણૉ** ન. વેલાવાળાં શાકભાજી ઉગાડ્યાં હોય તેવી જગ્યા
A place where ivy vegetables are planted

**ઠાનીકૉ** ન. સ્થાનક, દેવસ્થાન
A sacred place

**ઠાનીવવૉ** ક્રિ. ક્યારામાં રોપવું
To transplant

**ઠાનૉ** વિ. ખાલી, ઠાલું
Empty

**ઠાલી** સ્ત્રી. ધાતુની થાળી
A metallic plate

**ઠાલૉ** ન. ૧. જુઓ 'ઠાલી'
See 'ṭhāli'
૨. ઘંટીનું થાળું
A basin of a grinding mill in which flour is accumulated

**ઠીકરો** ન. તાવડી
A shallow pan used in baking bread

**ઢીકીયૉ પોપટૉ** ન. એક પ્રકારનો પોપટ
A kind of parrot

**ઢીગલૉ** ન. ૧. થીગડું
A patch
૨. એક ઘાસ
A kind of grass

**ઢીલ્લ્યો** ન. ઠળિયો
A seed in a fruit

**ઢૂઠો** પુ. શિયાળુ ઘાસ, નીંદામણ
Weeds which grow in winter

**ઢેગજો** પુ. બારણું અટકાવવા માટે મુકાતી આડશ, ગાડું ઢાળ પાસે અટકાવવા પૈડાં નીચે મુકાતી આડશ
An obstruction used as a stopper to door, cart-wheel, etc.

**ઢેઅચૉ** ન. કાળિયો કોશી
A kind of bird

**ઢેલી** સ્ત્રી. થેલી
A small cloth-bag

**ઢેવરૉ** ન. થોર
Cactus

**ઢેહી** સ્ત્રી. ઠેસ
Striking of the fingers of foot against a solid object

**ઢૅલૉ** ન. થેલો, થેલી
A cloth-bag

**ઢોકવૉ** ક્રિ. મારવું
To beat

**ઢોબનૉ** ન. માટીનો મોટો વાડકો
A big earthen bowl

**ઢૉસ઼ાટવૉ**[1] ક્રિ. ઢીક મારવી (બળદ વગેરેની જેમ)
To give a push with the head (as cattle)

**ઢૉસ઼ાટવૉ**[2] ક્રિ. જુઓ 'ટૉસ઼ાટવૉ'
see 'ṭoNxāṭvo'

## ડ

**ડક** પુ. એક પ્રકારની માછલી
A kind of fish

**ડખારો** પુ. હાકો કરતી વખતનો શોરબકોર
Yelling at the time of chasing an animal

**ડટો** પુ. બૅટરીનો સેલ
A dry cell used in a torch

**ડણુખાવૉ** ક્રિ. ફૂલ બેસવાં
To blossom



**ડફણાટવૉ** ક્રિ. ડફણાટવું, ડફણાથી મારવું
To beat with a club

**ડમરો** પુ. ડમરો
A kind of bush

**ડમ્મરો** પુ. જુઓ 'ડમરો'
See 'ḍamro'

**ડમ્મીરૉ** વિ. પરણ્યા વિના પેદા થયેલું (છોકરું)
A child born out of wedlock

**ડવલીવૉ** ક્રિ. ડહોળવું
To dirty by stirring it

**ડવીલવૉ** ક્રિ. જુઓ 'ડવલીવૉ'
see 'ḍa·vlivo'

**ડ઼ખ** પુ. ડંખ
Pinch, Sting

**ડ઼ગ** પુ. જુઓ 'ડખ'
See 'ḍakh'

**ડ઼ણ** ન. ઢોરનો ડેરો
A long piece of wood tied to the neck of unbridled cattle for preventing from fleeing

**ડ઼બચૉ** ન. પતરાની પેટી
A tin box

**ડાકણૉ** ન. એક રોગ
A kind of disease

**ડાખલૉ** પુ. દાખલો
An illustration

**ડાગ** ન. ડાઘ
A blot

**–કાઢવૉ** ક્રિ. ડાઘ કાઢવો
To clean a blot

**ડાઙ્કી** સ્ત્રી. વંજી
A thin bamboo chip

**ડાઙ્કૉ** ન. જુઓ ૧. 'ડાઙ્કી'
See 'ḍaṅki'
૨. વિલાયતી નળિયાં મૂકવા માટે વેરાવીને તૈયાર કરાયેલી લાકડાની પટ્ટી
A wooden strip prepared for a frame of a roof on which Manglore tiles are fitted

**ડાઙ્ગ** સ્ત્રી. મોટી લાકડી
A cudgel

**ડાઙ્ગરાવૉ** ક્રિ. ઠીંગરાવું (ઠંડીથી)
To be congealed

**ડાઙ્ગરૉ** ન. હલકી જાતની ડાંગર
An inferior type of paddy

**ડાઙગવૉ** ન. અનાજ માટેનું લાકડાનું એક માપ
A wooden utensil used in measuring corn

**ડાઙગૉ** ન. ઢોર બાંધવા માટેની ખૂંટી પરની વળી
A pole which is fitted between two forked pegs and used for tying cattle

**ડાટવૉ** ક્રિ. દાટવું
To burry

**ડાડો** પુ. ઘંટીનો હાથો
A handle of a grinding stone

**ડાઢો** ન. દાઢી
Beard

**ડાણ્ડ** સ્ત્રી. ઢોરે પાડેલી વાટ
A narrow passage made by the movement of cattle

**ડાણ્ડો** પુ. ૧. લાકડાનો હાથો
A wooden handle
૨. જુવારનો સૂકો સાંઠો
A dry stalk of jowar

**ડામ** પુ. ડામ
Brand

**ડામાર** ન. ગાડાની ધરીની ઉપરનું જાડું લાકડું
A long wooden piece on the axle of a cart

**ડામીરૉ** ન. જુઓ 'ડામાર'
See 'ḍāmār'

**ડામીચ્ટૉ** ન. ડાંગર ઝૂડવા માટેનો ઊંચો પાટ
A wooden cot used in thrashing paddy

**ડાર્યૉ** વિ. ૧. ડાહ્યું
Wise
૨. ઘરડું
Old

**ડાચણુડો** પુ. દાંડિયો, ટૂંકી લાકડી
A club

**ડાલ** સ્ત્રી. ડાળી
A branch of a tree

**ડાલકૉ** ન. વાંસનો ટોપલો
A big basket

**ડાલખી** સ્ત્રી. જુઓ 'ડાલ'
See 'ḍāl'

**ડીઙગલી** સ્ત્રી. તિલક કરવા માટેની વાંસની સળી
A thin bamboo chip used in doing symbolic mark upon the forehead



**ડીઙગલૉ** ન. જુઓ 'ડીઙગલી'
See 'ḍiṅgli'

**ડીન** ન. ડીલ, શરીર
Human body

**ડીરો** પુ. કૂંપળ, કોંટો
A sprout

**ડુકવૉ** ક્રિ. કશુંક આડું દેવું, પૂરવું
To plug

**ડૂખો** પુ. એક પક્ષી
A kind of bird

**ડૂટી** સ્ત્રી. ડૂંટી
Navel

**ડૂડલૉ** ન. દૂધેલીનો વેલો
A kind of creeper

**ડૂબ્યૉ** ન. એક પક્ષી
A kind of bird

**ડૂરો** પુ. ચડેલું વરસાદી વાદળું
A dark rainy cloud

**ડેઙગરો** પુ. ડાંગથી મોટી લાકડી
A big cudgel

**ડેઙગૂરો** પુ. જુઓ 'ડેઙગરો'
See 'ḍeṅgro'

**ડેડકૉ** ન. દેડકો
A frog

**ડૅણ્ડડ઼ૉ** ન. પાણીનો એક સાપ
A kind of water snake

**ડૅફ્ણાટવૉ** ક્રિ. જુઓ 'ડફ્ણાટવૉ'
See 'ḍaphṇāṭvo'

**ડૅફ્ણો** પુ. માટી કૂટવાનું જાડું લાકડું
A club which is used in beating clay

**ડોગરો** પુ. ડુંગર
A mountain

**ડોગાર** પુ. જુઓ 'ડોગરો'
See 'ḍogro'

**ડોગારજીરો** ન. એક છોડ
A kind of plant

**ડોચરૉ** ન. પાણીનું માટલું
A water pitcher

**ડોટ** સ્ત્રી. દોટ
An act of running

**ડોટકૉ** ન. ગલકું
A kind of vegetable

**ડોટલાવૉ** ક્રિ. અચાનક જ સામા મળી જવું
To meet accidently

**ડોડો** પુ. મકાઈનો ભુટ્ટો
An ear of maize

**ડોઢો** ન. દોરડું
A rope

**ડોઢ્અ** વિ. દોઢ
One and a half

**ડોનખોઁ** ન. ફૂલની કળી
A bud

**ડોનાવોઁ** ક્રિ. કળી આવવી
To set a bud

**ડોબી** સ્ત્રી. ઘરડી ગાય
An old cow

**ડોબો** પુ. ઘરડો બળદ
An old ox

**ડોબ્ઁ** ન. ઢોર
Cattle

**ડોલકોઁ** ન. ડોલ, બાલદી
A bucket

**ડોલચોઁ** ન. જુઓ 'ડોલકોઁ'
See 'ḍolko'

**ડોલા** ન. (બ. વ.) આંખના ડોળા
Eye-balls

**ડોલી માફો** પુ. વરરાજા બેસે છે તે માફો નામનું ગાડું
A kind of cart especially used in marriages

**ડોલીયોઁ** ન. જુઓ 'ડોલકોઁ'
See 'ḍolko'

**ડોવડ઼ુઁ** ન. (બ. વ.) એક શાક
A kind of vegetable

**ડોવ્ડ઼ુચ** ન. ૧. ડોયો (ડોવડામાંથી બનાવેલો)
A calabash



ડોવ્ડ઼ચ ૧

૨. ડોબરું
A local musical instrument

**ડોવ્ડ઼ી** સ્ત્રી. ૧. નાનો ડોયો
A small calabash

૨. નાનું ડોબરું
A kind of small type of musical instrument



**ડો઼સીણો** પુ. એક પ્રકારનું તીર (પક્ષીઓ મારવા માટે વપરાય છે.)
A kind of an arrow (used in shooting birds.)



ડો઼સીણો

**ડોસ઼ુની** સ્ત્રી. A woman

**ડોસ઼ો** પુ. ડોસો
An old-man

**ડોહીયારોઁ** વિ. ડહોળું
Dirty

**ડૉબીરો** પુ. ઘુવડ
An owl

**ડૉવ્લ઼** વિ. જુઓ 'ડોહીયારોઁ'
See 'ḍohiyaro'

ઢ

**ઢબકીવોઁ** ક્રિ. ગભરાવું
To be frightened

**ઢબકૂવોઁ** ક્રિ. જુઓ 'ઢબકીવોઁ'
See 'ḍhabkivo'

**ઢ઼ગરોઁ** ન. ફૂલો
A buttock

**ઢાંગરો** ન. પાકવા માટે રાખેલી ટેટી
A kind of cantaloupe which has been kept for ripening

**ઢાકણોઁ** ન. ઢાંકણું
A lid

**ઢાકવોઁ** ક્રિ. ઢાંકવું
To lid

**ઢાચણોઁ** ન. એક ખાદ્ય વાનગી
An edible preparation

**ઢાણ્ડો** પુ. જુઓ 'ડોબો'
See 'ḍobo'

**ઢાલ** સ્ત્રી. ઢાલ
A shield

**ઢીંગણી** સ્ત્રી. ચણોઠીનો વેલો
The bead climber

**ઢીગ** પુ. ઢગલો
A heap

ઢીંગલૉ ન. એક ઘાસ, ઊંદરકની
A kind of grass

ઢીંગણ્ણૉ ન. જુઓ 'ઢીંગણી'
See 'ḍhiNgṇi'

ઢીઙ્ગલો પુ. માછલી ખાનારું એક પક્ષી
A fish eating bird

ઢીઙ્ગ્ય્યૅ ન. (બ. વ.) ચણોઠી
A coral bead which is used in weighing gold

ઢીનૉ વિ. ઢીલું
Mild

ઢૂઙૉ પુ. ઘુવડ
An owl

ઢૂણ્ડો પુ. જુઓ 'ડોબો'
See 'ḍobo'

ઢૂણ્ઢણ્ણૉ ન. હલકી જાતની ડાંગર
Inferior variety of paddy

ઢૂડ્ફો ન. ધોડિયા જાતિનો પુરુષ (તુચ્છ.)
A male of Dhoṛiā tribe (contem.)

ઢૂનકૉ ન. ઢોલકું
A small drum

ઢૂનાક પુ. મોટું ઢોલકું
A big drum

ઢૂલવૉ ક્રિ. ઢોળવું
To spill

ઢેચ્ચો પુ. કાળિયો કોશી
A king crow

ઢેણ્ઢરૉ ન. એક ઘાસ
A kind of grass

ઢેન્ચ્યો પુ. જુઓ 'ઢેચ્ચો'
See 'ḍhechcho'

ઢેફો ન. ઢેફું
A clod

ઢેરો પુ. દોરાનું રિલ
A reel of thread

ઢેરૉ ન. એક પક્ષી
A kind of bird

ઢૅબ્બાર ન. જુઓ 'ઢેરૉ'
See 'ḍhero'

ઢૅકવૉ પુ. કૂવામાંથી પાણી બહાર કાઢવાની એક કરામત
A device for getting water out of a well

ઢૅકાર પુ. ઓડકાર
Eructation

ઢોઙ્ગૉ વિ. વાંકું
Evasive

ઢોણ્ડો ન. ઘાસના પૂળાનું એક એકમ
A unit of grass bundles

ઢોલ્લ્યો પુ. મોટું ઢેફું
A big clod



ત

તગદીર ન. તકદીર
Fate

તતઅડ્અ વિ. કાચુંપાકું
Half cooked

તતડાવવૉ ક્રિ. તતડાવવું
To rebuke heavily

તતીડ્વૉ ક્રિ. તતડવું
To crackle

તતીડ્ ન. (બ. વ.) તતીડા વૃક્ષનાં ફળો (ટીમરુ ?)
A kind of fruits

તતીડ્ઁ ન. એક વૃક્ષ
A kind of tree

તત્રામાં અ. તેટલામાં
In the meantime

તદ્દાન અ. તદ્દન
Totally

તપ ન. તપ, તપશ્ચર્યા
Penance

તપવૉ ક્રિ. તપવું
To be hot

તપાવવૉ ક્રિ. તપાવવું
To make hot

તપાસ્અવૉ ક્રિ. તપાસવું
To examine

તપીનૉ ન. તપેલું
A metallic utencil used in cooking

તરબૂસ ન. તરબૂચ
A water-melon

તરવૉ ક્રિ. તરવું
To swim

તરાત અ. તરત
Soon

તરાટ્ટો ન. ગાડામાં ઊભી ફીટ કરવામાં આવે છે તે વાંસની જાળી
A knitted piece of bamboo chips which is fixed in the body of a cart

તલફીડ્ ન. (બ. વ.) તાડિયાં, તાડનાં ફળ
Fruits of a palm tree

તલવાડો પુ. તરવાડો, તાડી છેદીને રસ એકઠો કરનાર માણસ
One who collects juice from palm -trees

તલાટી સ્ત્રી. હથેળી
A palm

**તલારચ્ટૉ** ન. તલાટી
A village revenue officer

**તલાવ** ન. તળાવ
A pond

**તલાવડ઼ો** ન. સપાટ જમીનમાં બાંધેલ નાનો ક્યારો
A small bed in a levelled soil

**તવહૉ** ન. કાકડી
Cucumber

**તવૉ** ન. તવી
A frying pan

**તુણબાવૉ** ક્રિ. ઝાડ પર લટકવું
To cling to a tree

**તડ઼સાયૅ** ન. (બ. વ.) તાડનાં પાન
Palm-leaves

**તતર઼** અ. તેટલું
That much

**તન્મન્ઍ** ન. (બ. વ.) તનમનિયાં, એક પ્રકારનાં ફૂલ
Kind of flowers

**તપીનૉ** ન. જુઓ 'તપીનૉ'
See 'tapino'

**તમાકૉ** ન. તમાકુ
Tobacco

**તમાખૉ** ન. જુઓ 'તમાકૉ'
See 'tamako'

**તમ્બરી હોવી** ક્રિ. અભિમાન હોવું
To have pride

**તરૉ** વિ. ત્રાંસુ
Oblique

**તુલપીવૉ** ક્રિ. તડપવું
To crave

**તાકવૉ** ક્રિ. તાકવું
To pry

**તાજવૉ** ન. ત્રાજવું
A balance

**તાણ** સ્ત્રી. તાણ
Shortage

**તાણવૉ** ક્રિ. તાણવું
To pull

**તાડ઼** ન. તાડ
A palm

**તાડ઼ો** ન. નાનો તાડ
A small palm

**તાતૉ** વિ. ઊનું, ગરમ
Hot

**તાનોલૉ** વિ. ટાલિયો
Bald

**તાપવૉ** ક્રિ. તાપવું
To warm (one's self)



**તામ્બડ઼ો** પુ. ઘડાથી મોટું ધાતુનું વાસણ
A metallic utensil bigger than a pitcher

**તામ્બૉ** તાંબું
Copper

**તાર** પુ., સ્ત્રી. લોખંડનો તાર
Wire

**તાવ** પુ. તાવ, એક રોગ
Fever

**તીં** સર્વ. ન. તે
It

**તીંથૉ** અ. ત્યાંથી
From there

**તીંયાં** અ. ત્યાં
There

**–સૂદી** અ. ત્યાં સુધી
Upto

**તીખૉ** ન. મરચાંની ભૂકી
Chilly powder

**તીડ઼કો** પુ. તડકો
Sun-shine

**તીતર઼** ન. જુઓ 'તીતાર'
See 'titar'

**તીતાર** ન. તેતર
A partridge

**તીતૂર** પુ. જુઓ 'તીતાર'
See 'titar'

**તી·ણહૂઁ** સર્વ. તેઓને
Them

**તી·ણે** સર્વ. તેઓનું
Their

**તી·થૉ** અ. ત્યાંથી
From that place

**તીન** વિ. ત્રણ
Three

**તીયા** અ. ત્યારે
Then

**તી·યાણૅ** સર્વ. પુ. તેને
To him

**તી·યાપૂઠી** અ. ત્યારપછી
Afterwards

**તીયાર** વિ. તૈયાર
Ready

**તીયારથૉ** અ. ત્યારથી
By that time

**તીયેણે** સર્વ. સ્ત્રી. તેને
To her

**તીર** ન. તીર
An arrow

**–કામઠૉ** ન. તીરકામઠું
Bow and arrow

**તીરવાર્યૉ** ન. તરુ ઉખેડવા માટે બેસવાનું એક લાકડાનું સાધન
A small stool used for sitting in the bed while taking out paddy plants



તીરવાર્યૉ

**તીરહી** સ્ત્રી. તરશ
Thirst

**તીરૂ** ન. જુઓ 'તી·રૂ'
See 'ti·ru'

**તી·રૂ** ન. તરુ (કમોદનું)
Paddy-plants

**–ઘાલવૉ** ક્રિ. તરુ ઉખેડવું
To take out plants from a seed bed for transplantation

**તીલસ્કરાત** સ્ત્રી. સંક્રાંતિ (માત્ર ભણેલા વર્ગમાં પ્રચલિત)
The sun's crossing of the tropic of capricorn, winter solstice (the word used by only educated class)

**તીલ** ન. (બ. વ.) તલ
Seeds of sesame plant

**તૂં** સર્વ. તું
You

**તૂને** સર્વ. તને
To you

**તૂમહઁ** સર્વ. તમને
To you

**તૂમારે** સર્વ. તમારું–રી–રો
Your

**તૂમે** સર્વ. તમે
You

**તૂમ્બડ઼ા** ન. તુંબડું (એક શાક)
A gourd (vegetable)

**તૂમ્બૉ** ન. ગાડાનાં પૈડાં ઉપરનો ઢેબો
A hub of the wheel of a cart



**તૂ·ર** ન. એક વાદ્ય (મરણની જાણ કરવા ખાસ વગાડાય છે)
A kind of musical instrument (especially used in announcing death)

**તૂલ** ન. અનાજ
Corn

**તૂલસી** સ્ત્રી. તુલસીનો છોડ
A kind of plant which is considered holy

**તૂવરૅ** ન. (બ. વ.) તુવેર
Pigeon pea

**તૂવારવેનો** પુ. એક વેલો
A creeper

**તેન** ન. તેલ
Oil

**તેર** વિ. તેર
Thirteen

**તેવામાં** અ. તેવામાં
In the mean-time

**તેવૅ** વિ. તેવું
Such

**તેહઁ** અ. તેમ
So

**તૅ** અ. તો
Then

**તઊં** અ. તોય
Even then

**તૅવાર** પુ. તહેવાર
Festival

**તો** સર્વ. પુ. તે
He

**–જ** સર્વ. પુ. તે જ
He himself

**તોડવૉ** ક્રિ. તોડવું
To break

**તો·ડી ફોડી નાખવૉ** ક્રિ. તોડવું
To break totally

**તોતડાવૉ** ક્રિ. તોતડાવું
To stammer

**તોન્નૉ** ન. ૧. તોરણ
Bunting
૨. એક પ્રકારની માંખી
A kind of fly
૩. એક ખુશબુદાર ડાંગર
A fragrant paddy

**તોરાણ** ન. જુઓ 'તોન્નૉ'નો અર્થ ૧
See the meaning 1 of 'to-nno'

**તો·રે** સર્વ. તારું
Your

**તોલાંજરૉ** ન. ત્રાજવું
A balance

**તૉતરૅ** અ. તેથી
Therefore

થ

**થાકવૉ** ક્રિ. થાકવું
To tire

**થાપાડ઼** સ્ત્રી. થપ્પડ
Slap

**-ડેવરૉ** ન. હાથલો થોર
A kind of cactus

**થાપી** સ્ત્રી- કપડાં ધોવાનો ધોકો
A club used in washing clothes

**થાલૉ** ન. ધાતુની થાળી
A metallic plate

**થૂડ઼** ન. થડ ( ઝાડનું )
A trunk of a tree

**થૂપ** પુ. થૂંક
Spit

**થપવૉ** ક્રિ. થૂંકવું
To spit

**થોડૉ** વિ. થોડું
Less

**-ક** વિ. થોડુંક
A little

દ

**દગો દેવૉ** ક્રિ. દગો દેવો
To betray

**દથડ઼ાવૉ** ક્રિ. લતાડ લાગવો
To be fatigued due to travelling

**દપાડ઼વૉ** ક્રિ. સંતાડવું
To hide

**દપાવૉ** ક્રિ. સંતાવું
To conceal

**દયડ઼ો** પુ. દૂનો ( પડિયો )
A bowl made of leaves

**દર** ન. દર ( પ્રાણીનું)
Hole

**દરજૉ** ન. દરજી ( તુચ્છ. )
A tailor (contem.)

**દરફીડ઼વૉ** ક્રિ. તરફડવું
To flounce

**દરસાન** સ્ત્રી., ન. દર્શન
Darshan

**દલ્લૉ** ન. દળણું
Corn for grinding

**દવાડ઼ા દેવૉ** ક્રિ. નકામો કચરો સળગાવવો
To burn rubbish

**દસઅ** વિ. દસ
Ten

**દ્ણુઅ** ન. ૧. જુઓ 'ડ્ણ'
See 'ḍaṇa'
૨. દોણી
An earthen pot for keeping milk, buttermilk etc.

**દ્ણ્ડ** પુ. દંડ
Fine



**દ્વાડ઼** સ્ત્રી. દવ
Big fire

**દ્વાયડ઼ો** પુ. ઢોલ વગાડીને દવ લાગ્યાની ખબર આપનારી વ્યક્તિ
One who announces fire by beating drums

**દાગાડ઼** સ્ત્રી. સુવરનું ટોળું
A flock of hogs

**દાજ્જૉ પાડવૉ** ક્રિ. સૂકું છાણ, ઘાસ, વગેરે ખેતરમાં ખાતર માટે સળગાવવું
To burn rubbish for the purpose of manuring

**દાડૉ** ન. દાઢી
Beard

**દાણ** સ્ત્રી. ગવાર વગેરેનું તૈયાર કરેલું ખાણ
A kind of cattlefeed

**દાત કાડવા** ક્રિ. હસવું
To laugh

**દાણૉ વાડવૉ** ક્રિ. ડાંગર કાપવી
To reap paddy-crop

**દાતૂણ** ન. દાતણ
A small and thin portion of twig used as a tooth-brush

**દાદ્રૂડા** ન. દાદર, એક રોગ
Ringworm

**દાપૉ** ન. દાપું
Money given to the parents of a bride or a bridegroom according to the marriage custom

**દાબડ઼ો** પુ. પતરાંનો ડબો
A tinbox

**દાબડ઼ા** ન. દર્ભ, દાભડો
A kind of sacred grass

**દાબવૉ** ક્રિ. દાબવું
To press

**દારવૉ** ન. દારૂ ( પીવાનો )
Wine

**દાહલૉ** ન. દાતરડું
A sickle

**દીયાડ઼ો** પુ. સૂરજ
Sun

**દીયાડા** ન. જુઓ 'દીયાડો'
See 'diyāṛo'

**દીવસૅ** પુ. દિવાસો
A holyday observed in the last week of the month of Āshāḍh

**દીવાસલી** સ્ત્રી. બાકસ
A match- box

**દીવી** સ્ત્રી. મશાલ
A kind of search-light

**દીવેટ** સ્ત્રી ૧. વાટ
A wick
૨. દીવી
A lamp stand

**દીવેન** ન. દીવા માટેનું તેલ
A kind of burning oil

**દીવો** પુ. દીવા તરીકે વપરાતું પતરાનું ડબલું
A kind of lamp

**દીસ઼ો** પુ. સૂરજ; દિવસ
Sun; Day

**–ગરેણૉ** ન. સૂર્યગ્રહણ
Solar eclipse

**દૂ઼ખ** ન. દુઃખ
Pain

**દૂ઼ખવૉ** ક્રિ. દુઃખવું
To ache

**દૂ઼ખસાલૉ** વિ. દુખિયું
Unhappy

**દૂ઼·દ** ન. દૂધ
Milk

**દૂ઼દીરવૉ** ક્રિ. ગાંડપણમાં બબડવું
To babble in madness

**દૂ઼ન્દીણવૉ** ક્રિ. હમમ એવો અવાજ કરવો (ભમરડો, પથ્થર વગેરેની જેમ)
To buzz (as a spin top, throwing stone, etc.)

**દૂ઼·ર** અ. દૂર
Far

**–ર·વૉ** ક્રિ. દૂર રહેવું
To refrain

**દૂ઼વે** ન. ( બ. વ. ) ઝાડ પરથી ખરી પડેલી કાચી કેરીઓ
Unripe mangoes which are fallen down the tree

**દે઼ખવૉ** ક્રિ. દેખવું, જોવું
To see

**દે઼ખાડ઼વૉ** ક્રિ. દેખાડવું, બતાવવું
To show

**દે઼ખાવૉ** ક્રિ. દેખાવું
To be seen

**દે઼ગડ઼ૉ** ન. દેગડું
A big water-pot

**દે઼વતીરહો** પુ. એક પક્ષી
A kind of bird

**દે઼વસીરાણૉ ભાજૉ** ન. આ નામના છોડની ભાજી
A kind of leafy vegetable

**દે઼વાહે આથણૉ** ન. દેવની ચટણીના નામે ઓળખાતો છોડ
A kind of plant

**દે઼વાહે ચાટણૉ** ન. જુઓ 'દેવાહે આથણૉ'
See 'devāhe āthṇo'



**દે઼વૉ** ન. દેવ
God

**દો઼ચતાર** પુ. દોસ્ત, મિત્ર
A friend

**દો઼·જો** પુ. પોચા કાદવવાળો ખાડો
A swampy pit

**દો઼ડડૉ** ન. દોરડું
Rope

**દો઼ડ઼વૉ** ક્રિ. દોડવું
To run

**દો઼રવૉ** ક્રિ. દોરવું
To lead

**દો઼રૅ** ન. ( બ. વ. ) ખાટલાનું કાથીનું વાણ
Coir string which is wound across the frame of a cot

**દો઼રો** પુ. દોરો
Thread

ધ

**ધગડ઼ૉ** ન. બીટગાર્ડ, કારકુન
A clerk; A beat-guard

**ધજા** સ્ત્રી. ધજા
A small flag

**ધડ઼** ન. ધડ
Trunk

**ધતૂરો** પુ. ધતૂરો
A kind of plant

**ધન્દો** પુ. ધંધો
Business

**ધન્ધૂડ઼ૉ** ન. ધનુષ્ય
A bow

**ધબડ઼ી** સ્ત્રી. નાની કોઠી
A small bin

**ધમ્ભૂહ઼ૉ** ન. ગાડાનો એક ભાગ
A part of a cart

**ધરતી** સ્ત્રી. ધરતી
Earth

**ધરવૉ** ક્રિ. પકડવું
To hold

**ધરામ** ન. ધર્મ
Religion

**ધરાવૉ** ક્રિ. ધરાવું
To be satisfied

**ધરો** પુ. ધરો
An axle

**ધમકી** સ્ત્રી. ધમકી
Threat

**ધાણાણે ભાજૉ** ન. કોથમીર
Leaves of the coriander

**ધાણૉ** ન. ધાણા
Coriander seeds

**ધાણ્ડાગી(ગૅ) દૂ઼ડ઼ૉ** ન. ગીધ
A vulture

**ધાન્દાલ** ન. ધાંધલ
Tumult

ધાન્નૉ ન. બે ગાળાનાં ઘરમાં ઘરની વચ્ચેનો થાંભલો
A central pole in the house

ધામણૅ ન. (બ. વ.) ધામણનાં ફળ
Fruits of Dhāmaṇ tree

ધામણૉ ન. ધામણ વૃક્ષ
A kind of tree

ધાયરૅા ન. ધારિયું
A kind of scythe

ધારણ્ડૉઘોવ્ડ઼ ન. સમડી
A kite

ધાર સ્ત્રી ૧. કોર, કિનાર (કોઠીની)
An edge
૨. ધારા
A thin current of liquid

ધારખો પુ. જુઓ 'ધાયરો'
See 'dhāyro'

ધારવૉ ક્રિ. ધારવું
To think

ધારો પુ. ધારો
A regulation

ધીઅડ઼ા ન. ઢાંકણું
A lid

ધીરજ સ્ત્રી. ધીરજ
Patience

ધીરાધીરા વિ. ધીરું ધીરું
Slowly

ધૂજારી સ્ત્રી. ધ્રુજારી
Shiever

ધૂડો પુ. ઘુવડ
An owl

-કીરબીલંયો પુ. નાનું ઘુવડ
A small owl

-ડમ્બીરો પુ. એક પ્રકારનું ઘુવડ
A kind of owl

-હૂમીણો પુ. એક પ્રકારનું ઘુવડ
A kind of owl

ધૂન્ધર઼ ન. સાંજ
Evening

ધૂન્ધલૉ વિ. ધૂંધળું
Blurred

ધૂમાટવૉ ક્રિ. ધુંબેધુંબે મારવું
To beat with fists

ધૂમાડ઼ો પુ. ધુમાડો
Smoke

ધૂમ્બરૅ ન. ધુમ્મસ
Fog

ધૂયરૅ ન. (બ. વ.) ઉધો (ગાડીની)
Shafts of a cart

ધેડ઼ૉ ન. ઢેઠ (તુચ્છ.)
A man of this caste (contem.)

ધોત્ર્યા ન. ધોતિયું
A dhoti

ધોયડ઼ા ન. ધોડિયો (તુચ્છ)
A man of this tribe (contem.)

ધોવૉ ક્રિ. ધોવું
To wash



ન

નખાટવૉ ક્રિ. ૧. નખથી દબાવી જોવું
To press with a finger nails
૨. નહોર ભરાવવા
To claw

નજાર સ્ત્રી. ૧. નજર
Sight
૨. સાયકલના પંપની રબરની નળી
Tube of a cycle pump

નથીડ઼વૉ ક્રિ. લથડવું
To stumble

નફો પુ. નફો
Profit

નબલૉ ક્રિ. નબળું
Weak

નમવૉ ક્રિ. નમવું
To bend

નમ્બાર પુ. નંબર
Number

નરામ વિ. નરમ
Mild

નલગૂંડ઼ો પુ. પગનો નળો
The bone of a leg

નસીબ ન. નસીબ
Fate

નહં સ્ત્રી. નસ
A vein

નહ઼ણ ન. લસણ
Garlic

નહ઼ાણ ન. જુઓ 'નહણ'
See 'nahaṇ'

નહ઼ૂણ ન. જુઓ 'નહણ'
See 'nahaṇ'

નૃખ ન. નખ
A finger-nail

નૃખવૉ ક્રિ. લખવું
To write

નૃખાણ સ્ત્રી., ન. લખાણ
Writing

નૃગારૉ ન. નગારું (દવ લાગે ત્યારે માણસોને બોલાવવા માટે વગાડાય છે.)
A kettle-drum (especially used as a call while jungle is on fire)

નૃવ્યચ્ચ ન. દૂધી
A kind of vegetable

ના અ. ના
No

-ક઼વી ક્રિ. ના કહેવી
To refuse

-પાડવી ક્રિ. ના પાડવી
To refuse

નાકડી સ્ત્રી. લાકડી
A stick

**નાકડો** ન. લાકડું
Wood

**નાકતોયડ઼ા** ન. ખડમાંકડી
A grass-hopper

**નાકાડ** સ્ત્રી. લાકડી
A stick

**નાકાડ઼ેવ્રૅ઼ા** ન. એક પ્રકારનો થોર
A kind of cactus

**નાખવૉ** ક્રિ. નાખવું
To drop

**નાગાડ઼વૉ** ક્રિ. લગાડવું (આગ વગેરે)
To set (fire etc.)

**નાગી આવવૉ** ક્રિ. લાગી આવવું
To feel

**નાગ્ગીણો** ન. ગાડું સમથળ રાખવા માટેનું એક સાધન
A club used in keeping a cart

**નાગ્ગીલ્યૉ** ન. ઢોરને બાંધવા માટેનો એક ખાસ પ્રકારનો દોરડામાં ભેરવાતો લાકડાનો ટુકડો
A small wooden piece tied to the end of a rope which is used for tying cattle

**નાચવૉ** ક્રિ. નાચવું
To dance

**નાજવાલૉ** ન. લજામણીનો છોડ
A kind of plant

**નાજાલૉ** ન. નાળિયેર
A cocoanut

**નાડવૉ** ન. લાડુ
A sweet-ball

**નાડી** સ્ત્રી. લાડી
A bride

**નાડો** પુ. લાડો
A bridegroom

**નાડ઼ૉ** ન. નાડું
The rope which connects the yoke with the shaft of a cart

**નાથ** અ. નકારસૂચક શબ્દ
A word denoting negation

**નાથૂડ઼ા** ન. બળદની નાથ
A controlling string which passes through the nose of a bullock

**નાન્નૉ** વિ. નાનું
Small

**–મોટૉ** વિ. નાનું મોટું
Small and big

**નારયાલ** ન. જુઓ ' નાજાલૉ '
See 'nājālo'

**નારી** સ્ત્રી. જુવારી ( તબલું )
A kind of a pair drum which is



cylindraceous and higher in the pair

**નાવવૉ** ક્રિ. લાવવું
To bring

**નાસ઼વૉ** ક્રિ. નાસવું
To flee

**નીં** અ. નકારદર્શક શબ્દ
The word denoting sense of negation

**–ગમવૉ** ક્રિ. ના-પસંદ પડવું
To dislike

**નીંબાલૅ** ન. ( બ. વ. ) વાળ
Hair on the head

**નીંહાણવૉ** ક્રિ. સજવું, ધાર કાઢવી
To sharpen

**નીખીવવૉ** ક્રિ. ખોરાક સફાચટ કરી જવો
To eat the entire stuff of cooked food

**નીગ્ગાલવૉ** ક્રિ. ગળામાંથી ઢોરે દોરડું કાઢી નાખવું
To take off rope from the neck (as by cattle)

**નીચીવવૉ** ક્રિ. નીચોવવું
To wring (clothes)

**નીટૂડ઼ા** ન. લીંટ
Sticky semi-liquid that comes out of the nose

**નીથીડ઼વૉ** ક્રિ. ભીના હાથ છંટકોરવા
To shake wet hands

**નીન્દ** સ્ત્રી. નીંદર, ઊંઘ
Sleep

**નીન્નીસ઼ાવીરૅ઼ા** ન. એક પક્ષી
A kind of bird

**નીફીલવૉ** ક્રિ. જુઓ ' નીચીવવૉ '
See 'nichivvo'

**નીફૂલવૉ** ક્રિ. જુઓ ' નીફીલવૉ '-
See 'niphilvo'

**નીબાડ઼ૉ** ન. લીંબડો
Neem tree

**નીમ્બવૅ** ન. (બ. વ.) લીંબુ
Lemons

**નીમ્બાલૅ** ન. (બ. વ.) વાળ
Hair

**નીમ્બૉ** ન. ૧. લીંબોઈ
The lemon-tree
૨. લીંબુ
A lemon

**નીમ્બૅ** ન. (બ. વ.) જુઓ ' નીમ્બવૅ '
See 'nimbve'

**નીયાય** પુ. ન્યાય
Justice

**નીરાસહોવૉ** ક્રિ. નિરાશ થવું
To despair

**નીલામ** પુ., સ્ત્રી. લિલામ
Auction

**નીલીચાઈ** સ્ત્રી. એક ઘાસ
Lemon grass

**નીલૉ** વિ. ૧. લીલું
Green
૨. કાચું
unripe

**નીસાણી** સ્ત્રી. નિસરણી
Ladder

**નીસાન** ન. નિશાન
Target

**નીસાની** સ્ત્રી. નિશાની
Sign

**નીહાણો** પુ. ધાર કાઢવાનો પથ્થર
Sharpening stone

**નીહાણૉ** ન. નિસરણી
Ladder

**નીહાપો** પુ. નિસાસો
Sigh

**નીહાલ** સ્ત્રી. નિશાળ
A school

**નીહાલ્લૅયૉ** ન. નિશાળિયો
A student

**નૂં** સ્ત્રી. લૂ
Hot-wind

**નૂગરૉ** ન. ૧. લૂગડું, કપડું
A cloth
૨. ઓઢવા પાથરવાની ધોળી પછેડી
A sheet of white cloth

**નૂટ** સ્ત્રી. લૂંટ
A loot

**નૂટવૉ** ક્રિ. લૂંટવું
To loot

**નૂનૉ** વિ. લૂલું
Lame

**નેય નાસ્વૉ** ક્રિ. લઈ નાસવું
To flee

**નેવેણૉ બેલૉ** ન. મકાનનાં ટેકણરૂપ થાંભલી
A pole used as support to a roof

**નેવૉ** ક્રિ. લેવું
To take

**નઁડાડ઼ો** ન. કાગડો
A crow

**નૅન્દરાવૉ** ક્રિ. શિયાવિયા થવું
To be on the verge of crying

**નોચ્આડૉ** ન. લુહાર
A blacksmith

**નોઈ** પુ. લોહી
Blood

**નોકાર** પુ. નોકર
A servant

**નોકૅ** ન. (બ. વ.) લોક
People

**નોખ્** વિ. જુદું
Separate

**નોતીરવૉ** ક્રિ. નોતરવું
To invite

**નોવ્ડ઼** ન. લોઢું
Iron

**નૉકવૉ** ક્રિ. સમતોલપણું ગુમાવીને પડી જવું



To fall down by loosing balance

**નૉડો** પુ. શિશ્ન
Penis

**નૉન્દવૉ** ક્રિ. નોંધવું
To note

**પઈસો** પુ. પૈસો
A paisa

**પઙ્જીઠૉ** ન. પંજેઠી
A kind of rake

**પડાલ** સ્ત્રી. ઘરની સાથે બાજુમાં ઉતારેલ પડાળ
A peripheral roof on the side of the main house




**પડાલૉ** ન. આશ્રય લઈ શકાય તેવો બનાવેલો ઓથ
A shelter

**પડીલૅ** ન. ( બ. વ. ) પડોળાં
A kind of vegetable

**પડ્તી આવવી** ક્રિ. પડતી આવવી
To decline

**પડ્વૉ** ક્રિ. પડવું
To fall

**નૉલો** પુ. વાંસનો નળો ( જે ગાડી ઊંજવાનું તેલ રાખવા વપરાય છે.)
A bamboo tube (this is used as a container for greasing-oil)

**પ**

**પડ્વૉ મારવૉ** ક્રિ. સૂપડાંથી ફોતરાં આઘાં ઉડાડી દેવાં
To throw chaffs out with a winnowing basket

**પતરાલૉ** ન. બાજ, પતરાળું
A leaf-plate

**પતાઙગ** પુ., સ્ત્રી. પતંગ
A kite

**પન્દાર** વિ. પંદર
Fifteen

**પન્નાવૉ** ક્રિ. પરણવું
To marry

**પમાયડ઼ો** ન. એક છોડ
A kind of plant

**પમ્આયડ઼ો** ન. જુઓ 'પમાયડ઼ો'
See 'pamāyṛo'

**પરથા** સ્ત્રી. પ્રથા
Tradition

**પરપીટો** પુ. પરપોટો
A bubble

**પરબ્બૂ** પુ. પ્રભુ
God

**પરબ્બૉ** ન. પરબ
A water-hut

**પરવૅ** સ્ત્રી. પરવા
Concern

**પરાણ્ણી** સ્ત્રી. પરોણી, પાતળી લાકડી
A thin stick made of bamboo

**–ણ્ણો** પુ. પરોણો, લાકડી
A bamboo stick

**પરાયૉ** ન. પરાઈ
A share

**પલાડ઼ગડ઼ૉ** ન. પાટીવાળો ખાટલો
A bedstead wound by cotton strap in it

**પ·લાવવૉ** ક્રિ. પહોળું કરવું
To broaden

**પવાન** ન. પવન
Wind

**પસન્દ કરવૉ** ક્રિ. પસંદ કરવું
To choose

**પ઼ચી** સ્ત્રી. પોંચી, હાથનું એક ઘરેણું
A kind of ornament which is worn on a wrist

**પ઼જારૅ** ન. ઘરનું પડાળ, છાજનો નીચેનો ભાગ
Roof of the house

**પ઼જીવવૉ** ક્રિ. પજવવું
To harass

**પ઼ટાય** પુ. ચટાપટાવાળો વાઘ
A tiger having stripes on the body

**પ઼ટાયો** પુ. જુઓ 'પ઼ટાય'
See 'paṭāy'

**પ઼ટી** સ્ત્રી. ખાટલાપાટી
Narrow cotton-strap which is used in winding the frame of a cot

**પ઼ટો** પુ. લોખંડની પટી
An iron strap

**પડાલૉ** ન. ગોવાળિયાઓએ બનાવેલો સામાન્ય ઓથ
A kind of shelter

**પ઼ડ઼** ન. ઘંટીનું પડ
A grinding stone

**પ઼ડ઼ખૉ** ન. પડખું
Side

**પ઼ડ઼ીનૉ** વિ. વાસી
Stale

**પ઼થરો** પુ. પથ્થર
Stone

**પ઼નો** પુ. પનો
Width (of cloth)

**પ઼રગાડ઼ી** સ્ત્રી. મરઘાં બોલે તે સમય
Early dawn

**પ઼રમાણે દીહી** વિ. પરમ દિવસે
Day after tomorrow

**પ઼લી** સ્ત્રી. પળી
A dipper



**પ઼·લી[૧]** સ્ત્રી., સર્વ. પેલી
That

**પ઼·લી[૨]** વિ., સ્ત્રી. પહોળી
Broad

**પાકનૉ** વિ. પાકું
Ripe

**પાકવૉ** ક્રિ. પાકવું
To ripe

**પાકીવવૉ** ક્રિ. પાકું બનાવવું
To smarten

**પાગ** પુ. પગ
A leg

**પાગડ઼ા** ન. ફાળિયું, પાઘડી
A turban

**પાગવાટ** સ્ત્રી. કેડી
A narrow passage made as a result of human movement

**પાઘ** પુ. જુઓ 'પાગ'
See 'pāg'

**પાંજરૉ** ન. ગાડાનું ઠાઠિયું
Hinder closure plank of a cart

**પાચટીવૉ** ક્રિ. પાસટો કરવો (સૂપડાથી)
To clean the corn in a cleaning basket by tossing

**પાચતાવો** પુ. પસ્તાવો
Repentance

**પાગ–જરૉ** ન. જુઓ 'પાંજરૉ'
See 'pāNjro'

**પાટ** સ્ત્રી. ચૂલાની બેડ
A hind portion on an oven which is used to put pans etc.

**પાટની** સ્ત્રી. પગનો ફણો
Upper front part of a foot

**પાટલી** સ્ત્રી. ઘંટીની પાટલી
A wooden piece used in a grinding mill for making its motion heavy and light

**પાટવો** પુ. લાત
Kick

**પાટી** સ્ત્રી. લખવા માટેની ધાતુ, પથ્થર વગેરેમાંથી તૈયાર કરેલી વસ્તુ
A slate

**પાટૂડ઼ો** ન. રાંધવા માટેનું હાંડલું
An earthen cooking pot

**પાટૉ** ન. હળનું તુંગું
A part of the plough in which the pole is fixed

**પાડલૉ** ન. એક વૃક્ષ
A kind of tree

**પાડૉ** ન. ભેંસનું નર-બચ્ચું
A young he-buffalo

**પાડ઼વૉ** ક્રિ. પાડવું
To fell

**પાડ઼ાવવૉ** ક્રિ. બે લડતા માણસોને છૂટા પાડવા
To separate the two fighting persons

**પાણીજૂઆલી** સ્ત્રી. એક પક્ષી
A kind of bird

**પાણીપડ** પુ. પાણીસાપ
A kind of water-snake

**પાતલૉ કરવૉ** ક્રિ. પાતળું કરવું
To thin

**પાતાલ** સ્ત્રી. પાતાળ
The under earth

**પાદરૉ** વિ. સીધું
Straight

**પાન** ન. પાન, પાંદડું
A leaf

**પાનાસ** ન. ફાનસ
A lantern

**પાનીસચ** ન. જુઓ 'પાનાસ'
See 'pānas'

**પાનો** પુ. પાલો (પાંદડાં વગેરેનો)
Foliage

**પાનોહૉ** પુ. પાનો (આંચળમાં દૂધનો ભરાવો)
Flow of milk into an udder of she-animal or into a breast of a woman

**પાનૉ** ન. પાનું
A blade

**પાપડ઼ી** સ્ત્રી. વાલોડ
A kind of vegetable

**પાફૉ** ન. એક પક્ષી
A kind of bird

**પાફે** ન. (બ. વ.) પપૈયાં
Kind of fruits

**પાફૉ** ન. પપૈયાનું ઝાડ
A kind of tree

**પાયો** પુ. ખાટલાનો પાયો
A leg of a cot

**પારચ્ટીણ** ન. ખાટલાની પાંગત
That end of the cot on which feet of the sleeper rest

**પારચ્ટૂન** જુઓ 'પાયચ્ટીણ'
See 'pāychṭiṇ'

**પારચ્ટૉ** ન. ૧. ઘંટીની પાટલી
A part of a grinding mill
૨. ગળાનું ઘરેણું
A necklace
૩. પાટલો
A plank especially prepared for sitting



**પારચતાવૉ** ક્રિ. પસ્તાવું
To repent

**પારહી** પુ. પારસી
Parsi

**–એડૉ** ન. એક પ્રકારનો એરંડો
A kind of castor plant

**–એડારૉ** ન. જુઓ '–એડૉ'
See '—eḍo'

**પારહીયો બ઼ગ** પુ. એક પ્રકારનો બગલો
A crane

**–બ઼ગૉ** ન. જુઓ '–બ઼ગ'
See '—bag'

**પારહૉ** ન. પારસી (તુચ્છ.)
Male of Parsi caste (contem.)

**પાલવાણૉ** ન. ઉપવાસ
A fast

**પાલો** પુ. ૧. પાંદડાં વગેરેનો પાલો
Foliage
૨. બાળવા માટેનાં લાકડાંનો ઢગલો
A heap of fire woods
૩. એક પ્રકારની સાદડી
A kind of mat

**પાવણૉ** ન. મહેમાન
A guest

**પાવડ઼ૉ** ન. ૧. પાવડો
A shovel
૨. હજામત કરવાનું ઓજાર
A kind of razor

**પાવાર** પુ. બેટરી માટેનો સેલ
A dry cell used in a torch

**પાવો** પુ. પાવો
A flute

**પાવૉ** ક્રિ. પાવું
To make to drink

**પાસડ઼ૉ** ન. પંચોળ, પાંચ પૂળાનું એકમ
A unit of five bundles of stalk

**પાસતાવૉ** પુ. પસ્તાવો (જૂજ વપરાશ)
Repentance

**પાસાટવૉ** ક્રિ. મારવું
To beat

**પાસાલ** અ. પાછળ
Behind

**–પડ઼વૉ** ક્રિ. પાછળ પડવું
To harass

**પાસૂલ** અ. જુઓ 'પાસાલ'
See 'pāsal'

**–પડ઼વૉ** ક્રિ. જુઓ 'પાસાલ પડ઼વૉ'
See 'pāsal paṛvo'

**પાસૂલ્લૉ** અ. પાછળનું
Rear; of the past

**પાહડે** અ. બાજુ, તરફ
Towards

**પાહલો** પુ. રાંપ
A blade of an agricultural implement

**પાહલૅા** ન. પાંસળી
A rib

**પાહૅરૅા** ન. પથ્થરનું પાશેરનું વજનિયું
A stone used for weighing quarter pound

**પાહૅ** અ. પાસે
Near

**પીગીલવૅા** ક્રિ. પીગળવું
To melt

**પીઅજરૅા** ન. જુઓ 'પાઅજરૅા'
See 'pañjro'

**પીઠી** સ્ત્રી. પીઠી
A mixture of oil, turmeric powder, etc., which is annointed to a bride and a bridegroom

**પીણુસ** સ્ત્રી. પણછ
A bow-string

**પીણૂસ** સ્ત્રી. જુઓ 'પીણસ'
See 'piṇas'

**પીડ઼ો** પુ. વાંસનો મોટો સૂંડલો
A big basket

**પી-ડ઼ો** ન. જુઓ 'પીડ઼ો'
See 'piṛo'

**પીત્તાલ** ન. પિત્તળ
Brass

**પીત્ભરેલૅા** ન. ગરોળી
A lizard

**પીત્ભીરહીલૅા** ન. જુઓ 'પીત્ભરેલૅા'
see 'pitbharelo'

**પીપડૅ** ન. (બ. વ) પીપળનાં ફળ
Fruits resembling those of the Pipal tree

**પીપીલૅ** ન. (બ. વ.) પીપળનાં ફળ
Fruits of the tree Pipal

**પીપાલ દૂખ** ન. છાતીના વચ્ચેના ખાડામાં થતું દુઃખ
Pain in the lower middle part of the chest

**પીબ્ડૅા** ન. એક વૃક્ષ
A kind of tree

**પીયાલૅા** ન. ૧. પ્યાલું
A cup
૨. કટોરો
A bowl

**પીરસ઼ીવૅા** ક્રિ. પીરસવું
To serve food



**પીલવાણ** ન. પીલુડીનું ઝાડ
A kind of tree

**પીલૂ** ન. બિલાડીને બોલાવવા વપરાતો શબ્દ
A word used in calling a cat

**પીલૅા** વિ. પીળું
Yellow

**પીન્વૅા** ક્રિ. પીવું
To drink

**પીસડ઼ી** સ્ત્રી. પછેડી
A sheet of cloth

**પીસૂડી** સ્ત્રી. જુઓ 'પીસડી'
See 'pisṛi'

**પીસો** ન. પીંછું
Feather

**પીસ઼ોરવૅા** ક્રિ. જુઓ 'પીરસીવૅા'
See 'pirxivo'

**પીહીવો** પુ. જુઓ 'પાવો'
See 'pāvo'

**પૂંહ્ડા** ન. પૂંછડું
Tail

**પૂગવૅા** ક્રિ. આંબવું, પહોંચવું
To reach

**પૂઠી** અ. પછી
After

**પૂ-ડ઼** ન. ઘંટીનું પડ
An upper or a lower stone of a grinding hand mill

**પૂ-ન** ન. પુણ્ય
Religious act

**પૂનામ** સ્ત્રી. પૂર્ણિમા
The full moon day

**પૂનૂમ** સ્ત્રી. જુઓ 'પૂનામ'
See 'punām'

**પૂન્દૂરવૅા** ક્રિ. વીંધ પાડવું
To bore a hole

**પૂન્દ્** ન. છિદ્ર, કાણું; કોઠીનું કાણું
A hole; Hole in an earthen bin

**પૂરચ્હૅ** ન. (બ. વ.) પાટલા (પૈડાનાં)
Wooden archs in a wheel of a cart

**પૂરવૅા** ક્રિ. પૂરવું
To confine

**પૂરાવૅા** ક્રિ. પુરાવું
To be confined

**પૂલો** પુ. પૂળો
A bundle of stalks

**પૂલૅા** ન. મધપૂડો
A honey-comb

**પૂસવૅા** ક્રિ. પૂછવું
To ask

**પેર્ટૅા** ન. પરાળમાંથી બનાવેલું બિયારણ સંગ્રહવાનું એક સાધન
A kind of seed container

**પેટારો** પુ. પટારો
A big box

**પેટારૉ** ન. લાકડાંની કે પતરાંની કપડાં રાખવાની પેટી
A trunk used in keeping clothes in it

**પેટૉ** ન. બાકસ
A match-box

**પેડૉ** ન. પૈડું
A wheel

**પેન્સાન** ન. પેન્શન (અં.)
Pension

**પેન્સાલ** ન. જુઓ 'પેન્સાન'
See 'pensān'

**પેહરવૉ** ક્રિ. પહેરવું
To put on

**પૅચાડી દેખાડ઼વૉ** ક્રિ. ચીરવું
To rip

**પૅણ઼** ન. નાની કડાઈ
A small pan

**પૅદા કરવૉ** ક્રિ. પેદા કરવું
To produce

**પૅ·રાણ઼** ન. પેડુ (પેટની નીચેનો ભાગ)
Abdomen

**પૅહ્ડ઼ૉ** ન. ભેંસ
A buffalo

**પો·ચવૉ** ક્રિ. પહોંચવું
To reach

**પોચ્યા** વિ. પોચું
Soft

**પોણૉ** વિ. પોણું
$\frac{3}{4}$

**પોતડ઼્અ** ન. લૂગડું
A cloth

**પોતડ઼ી** સ્ત્રી. સ્ત્રીઓ પહેરે છે તે ટૂંકું લૂગડું
Lower garment of women

**પોથીનવૉ** ક્રિ. કપડાના ગોટાથી અનાજમાંના કાંકરા કાઢી નાંખવા
To separate pebbles from corn by the help of a folded cloth

**પોથૂનવૉ** ક્રિ. જુઓ 'પોથીનવૉ'
See 'pothinvo'

**પોથો** પુ. છબિ
A picture

**પોપટૉ** ન. પોપટ
A parrot

**પોપાટ** ન. જુઓ 'પોપટો'
See 'pop:o'

**પોપની** એક પક્ષી
A kind of bird

**પોપીનો** પુ. દાઝવાથી થતો ફોલ્લો
A boil caused by a burn

**પો·વૉ** ક્રિ. પરોવવું
To thread



**પોલીસડ઼ૉ** ન. પોલીસ (તુચ્છ.)
A policeman (contem.)

**પોલૉ** વિ. પોલું
Hollow

**પોહ્ડ઼ી** સ્ત્રી. છોકરી
A girl

**પોહ્ડ઼ૉ** ન. છોકરું, બાળક
A child

**પોહ્ડો** પુ. છોકરો
A boy

**પૉંચવૉ** ક્રિ. જુઓ 'પોચવૉ'
See 'pochvo'

**પૉખાણૉ** ન. ખરેલ
A kind of mortar

**પૉરૂ[1]** ન. પરુ
Puss

**પૉર્[2]** અ. પોર
Last year

**પૉ·લૉ** વિ. પહોળું
Broad

ફ

**ફકાણૉ** ન. ખરલ
A kind of mortar

**ફકાત** અ. ફક્ત
Only

**ફકાર** સ્ત્રી. ફિકર
Anxiety

**ફકીલવૉ** ક્રિ. ફંફેળવું
To ransack

**ફકૉ** ન. તીરનું પૂછડું
Tail of an arrow

**ફકચ્યૂ** ન. એક છોડ
A kind of plant

**ફગાત** અ. જુઓ 'ફકાત'
See 'phakāt'

**ફચકાડ઼** સ્ત્રી. ફાડ, ચીરી
A slice

**ફટકારવૉ** ક્રિ. ફટકારવું
To beat

**ફટકૉ** ન. અનાજને ઊપણતી વખતે પવનને હલાવવા વપરાતું કપડું
A piece of cloth used as a winnower

**ફરાજ** સ્ત્રી. ફરજ
Duty

**–પાડ઼વી** ક્રિ. ફરજ પાડવી
To compel

**ફરહ઼** ન. ફરસી
A kind of axe

**ફલંલ્યૉ** ન. ફળિયું
Compound

**ફાકલૉ** ન. પાંખ
Wing

ફાચરૉ ન. ફાચર
A wedge

ફાટઅ સ્ત્રી. એક પ્રકારની વાળેલી ઝોળી
A kind of a cloth-bundles

ફાટૉ ન. ચાંદું
An ulcer

ફાડ્અ સ્ત્રી. ૧. ચીરી
A slice
૨. ફાચર
A wedge

ફાણી અ. બાજુ, તરફ
Towards

ફાડ્યૉ ન. જુઓ 'ફાડ્અ'
See 'phāṛa'

ફાનાસ ન. ફાનસ
A lantern

ફાનીસૉ ન. જુઓ 'ફાનાસ'
see 'phānās'

ફાપૉ જુઓ 'પાફૉ'
See 'pāpho'

ફાફૉ ન. એક પક્ષી
A kind of bird

ફાફૉ ન. જુઓ 'પાફૉ'
See 'pāpho'

ફામડી સ્ત્રી. એક વૃક્ષ
A kind of tree

ફાસ્ચૉ ન. ખળાનાં કામમાં આવતું વાંસનું એક સાધન
An agricultural tool

ફાંલ્લ્યૉ ન. ફાળિયું
A cloth used as a turban

ફાહીં સ્ત્રી. ફાંસી
A noose for hanging a person

ફીકાર સ્ત્રી. ફીકર
Anxiety

ફીકારવૉ ક્રિ. નાક છીંકવું
To blow (nose)

ફીચી સ્ત્રી. ઢીંચણુ નીચેનો ખાડો
Back part of the knee

ફીરવૉ ક્રિ. ફરવું
To move

ફીણસાવા ક્રિ. પાણી પાણી કરી નાંખવું
To please very much

ફૂકવૉ ક્રિ. ફૂંકવું
To blow

ફૂટવૉ ક્રિ. ફૂટવું (વાસણ વગેરે)
To break (as pot)

ફૂટી અ. જુઓ 'પૂઠી'
See 'puṭhi'

ફૂણગો પુ. ફણગો
A sprout

ફૂદનૉ ન. ફોદીનો
A kind of mint

ફૂન ન. ફૂલ
A flower



–ચૂહય્ ન. એક પક્ષી
A kind of bird

ફેનાવૉ ક્રિ. ખીલવું (ફૂલ)
To bloom (as flower)

ફેટો પુ. ફેંટો
A turban

ફેટૉ ન. જુઓ 'ફેટો'
See 'pheṭo'

ફેફરૉ ન. ફેફસું
A lung

ફેરીવવૉ[1] ક્રિ. ફેરવવું
To turn

ફેરીવવૉ[2] ક્રિ. મારવું
To beat

ફેરૂવવૉ ક્રિ. જુઓ 'ફેરીવવૉ[1]'
See 'pherivvo 1'

ફેલાવૉ ફેલાવું
To spread

ફોકડ઼ૉ ન. એક પ્રાણી
A kind of an animal

ફોટો પુ. છબિ
A photograph

ફોડ઼વૉ[1] ક્રિ. ફાડવું (લાકડાં)
To split (as wood)

ફોડ઼વૉ[2] ક્રિ. ફોડવું (બંદૂક વગેરે)
To fire (as gun)

ફોડ઼ૉ ન. ફોલ્લો
A boil

ફોદલૉ ન. પોદળો
A lump of dung

બઙગડ઼ૉ ન. બંગડી
A bangle

બચવૉ ક્રિ. બચવું
To be saved

બજ્જઅ ન. સપાટ જમીનમાંનો નાનો ક્યારો
A small bed in a plain soil

બટકાલાણ સ્ત્રી. યુવતી, પરણવા લાયક કન્યા
A girl of a marriageable age

બણટ ન. બંટી ધાન્ય
A kind of inferior corn

બણ્ડી સ્ત્રી. બંડી
A jacket

બત્તી સ્ત્રી. ફાનસની વાટ
A wick

બન્દીક્ ન. બંદૂક
A gun

બન્દૂક્ ન. જુઓ 'બન્દીક્'
See 'bandika'

બન્નૉ ન. બરણી
A jar

બમ્બી સ્ત્રી. જ્વારી
A cylindraceous piece in a pair drum

બયાર સ્ત્રી. પત્ની
Wife

બરવૉ ન. બરુ
Cane-plant
બરાડવૉ ક્રિ. બરાડવું
To shout
બરાલવૉ ક્રિ. જુઓ 'બરાડવૉ'
See 'barāṛvo'
બરાસ ન. પીંછી
A brush
બર્વ્ય ન. જુઓ 'બરવૉ'
See 'barvo'
બર્સ્ય ન. બરછી
A kind of spear
બલાદ પુ. બળદ
An ox
બહાલ સ્ત્રી. સ્ત્રી
A woman
બકાયૉ ન. ૧. બગાઈ, એક પ્રકારની માંખી
A tick
બખન્ ન. સળેખમ
Cold
બગ પુ. બગલો
A crane
બગહા સ્ત્રી. બગાસું
A yawn
બગાડવૉ ક્રિ. બગાડવું
To spoil
બગાયૉ ન. જુઓ 'બકાયૉ'
See 'bakāyo'
બગૉ ન. જુઓ 'બગ'
See 'bag'
બચી સ્ત્રી. બચી
Kiss
બટાકે ન. (બ. વ.) બટાટા
Potatoes
બડો પુ. વાંસો
Back of the body
બડૉ ન. એક ઘાસ
A kind of grass
બણકારૉ ન. એક વૃક્ષ
A kind of tree
બડીસ્ય ન. ગંજી ફરાક (માત્ર ભણેલો વર્ગ વાપરે છે.)
An underwear worn by males (the word is current in educated class only)
બદ્દ ન. બધું
All
બન્દ પુ. ભારી બાંધવામાં વપરાતું છાલનું બંધન
Bank used as a rope to tie a bundle
બન્દારો પુ. પાણી સાપ
A kind of water snake
બૂમ સ્ત્રી. બૂમ
Shout
બહૂજ્ય ન. બળદ
An ox
બા પુ. પિતા
Father



બાઈ સ્ત્રી. બહેન
Sister
બાઙગો વિ. (પુ.) ડાબો
Left
બાજ સ્ત્રી. પતરાળું
A leaf-plate
બાજાડ્વૉ ક્રિ. છોકરા-છોકરીની સગાઈની વાત પાકી કરવી
To decide betroth of a boy and a girl
બાજારપોરૉ ન. એક વેલો
A kind of creeper
બાજાવવૉ ક્રિ. જુઓ 'બાજાડવૉ'
See 'bājāṛvo'
બાજૂડ્ડા ન. જુઓ 'બાજ'
See 'bāj'
બાઠો વિ. ઠીંગણું
Dwarf
બાણ ન. તીર, બાણ
An arrow
બાણ્ડ વિ. ઠાંડ (માણસ)
Roguish
બાદ્દા સ્ત્રી. બાધા (આખડી)
A vow
બાનૉ ન. બાનું
A Security
બાન્નો ન. બહાનું
An excuse
બાપો પુ. પિતા
Father
